بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*


**તા. ૦૧-સપ્ટેમ્બર-૨૦૦૯**

રમઝાનુલ મુબારક-શવ્વાલુલ મુકર્રમ
હિજરી સન : ૧૪૩૦

વર્ષ : ૦૬, અંક : ૦૯, સળંગ અંક : ૬૯

સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું
બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૫૦૦/- |
| આજીવન | રૂા. | ૩૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| ૦૧ | નઅતે મુસ્તફા ﷺ | ૦૨ |
| ૦૨ | પ્રાથમિક તા'લીમના મકતબો (મદ્રસા)ને મજબૂત કરો ! | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૭ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૦૯ |
| ૦૫ | કાનૂને શરીઅત | ૧૨ |
| ૦૬ | રૂહો વિશે અહલે સુન્નતનો હક્ક અકીદો | ૧૪ |
| ૦૭ | નબી પાક ﷺના શરીરને પડછાયો ન હતો | ૨૦ |
| ૦૮ | રોઝાનું મહત્વ તથા અગત્યના મસાઈલ | ૨૪ |
| ૦૯ | ઝકાત માટે સવાલ કરનારાઓ સાવધાન ! | ૨૬ |
| ૧૦ | ઝકાત આપનારાઓને શરઈ માર્ગદર્શન | ૨૯ |
| ૧૧ | તકલીદની હકીકત તથા તેના ફાયદાઓ | ૩૪ |
| ૧૨ | આતંર રાષ્ટ્રીય ક્ષેત્રે યહૂદીનો ખૂની પંજો ! | ૩૯ |
| ૧૩ | વિશ્વભરમાં સ્વાઈન ફલુએ (ડુક્કર્યા તાવે) મચાવેલો હાહાકાર ! | ૪૪ |
| ૧૪ | હિંદુસ્તાની સંસ્કૃતિની વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટનો ફેંસલો ! | ૪૬ |
| ૧૫ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૮ |


## ઈમાન હૈ કાલે મુસ્તફાઈ

અઝ : હુઝૂર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

ઈમાન હૈ કાલે મુસ્તફાઈ કુર્આન હૈ હાલે મુસ્તફાઈ
અલ્લાહ કી સલ્તનત કા દુલ્હા નક્શે તિમ્સાલે મુસ્તફાઈ
કુલ સે બાલા રૂસુલ સે આ'લા ઈજલાલો જલાલે મુસ્તફાઈ
અસ્હાબ નુજૂમ રહ્નુમા હૈં કશ્તી હૈ આલે મુસ્તફાઈ
ઈદ્બાર સે તૂ મુઝે બચા લે, પ્યારે ઈક્બાલે મુસ્તફાઈ
મુર્સલ મુશ્તાકે હક્ક હૈ ઔર હક્ક મુશ્તાકે વિસાલે મુસ્તફાઈ
ખ્વાહાને વિસાલે કિબ્રિયા હૈં જુયાને જમાલે મુસ્તફાઈ
મહ્બૂબો મુહિબ કી મિલ્ક હૈ એક કૌનૈન હૈ માલે મુસ્તફાઈ
અલ્લાહ ન છૂટે દસ્તે દિલ સે દામાને ખ્યાલે મુસ્તફાઈ
હૈ તેરે સિપુર્દ સબ ઉમ્મીદેં, અય જુદો નવાલે મુસ્તફાઈ
રૌશન કર કબ્ર કો બેકસોં કી અય શમ્એ જમાલે મુસ્તફાઈ
હોં દોનોં જહાં મેં મુહ ઉજાલા અય શમ્એ જમાલે મુસ્તફાઈ
હમ તીરા દિલોં પે ભી કરમ કર અય શમ્એ જમાલે મુસ્તફાઈ
તકદીર ચમક ઉઠે **'રઝા'** કી, અય શમ્એ જમાલ મુસ્તફાઈ

# નઅતે મુસ્તફા ﷺ

યા શહે બહરોબર હો કરમ કી નઝર સબ કી બીગળી બનાના તેરા કામ હૈ
ઠોકરેં ખાકે ગિરના મેરા કામ હૈ હર કદમ પર ઉઠાના તેરા કામ હૈ
તેરી ચોખટ કહાં ઔર કહાં યે જબીં તેરે લુત્ફો કરમ હી તો હદ હી નહીં
જિન્કો દુન્યા મેં ન કોઈ અપના કહે ઉન્કો સીને લગાના તેરા કામ હૈ
તૌસએ આખેરત હૈ ષનાખાન કા ઝિક્ર કરતા રહે તેરે ફૈઝાન કા
તેરી નઅતે સુનાના મેરા કામ હૈ સુન કે તયબાહ બુલાના તેરા કામ હૈ
યા નબી જાન કુર્બાં તેરા નામ પર, હો નિગાહે કરમ હમ ગુનેહગારોં પર
છોળ દી હમને કશ્તી તેરે નામ પર અબ કિનારે લગાના તેરા કામ હૈ
તેરે કદમોમેં આના મેરા કામ થા મેરી કિસ્મત જગાના તેરા કામ હૈ
મેરી આંખો કો હૈ દીદ કી આરઝૂ રુખસે પર્દા ઉઠાના તેરા કામ હૈ
બારા બટતા હૈ સુલ્તાને કૌનેન કા સદકા મૌલા અલી સદકા હસનૈન કા
સદકા ખ્વાજા પીયા ગૌષો ષકલૈન કા હાઝરી હો ગઈ યહી ઈન્આમ હૈ
મેરે દિલમેં તેરી યાદ કા રાજ હૈ ઝેહન તેરે તસવ્વુર કા મોહતાજ હૈ
એક નિગાહે કરમ હી મેરી લાજ હૈ લાજ મેરી નિભાના તેરા કામ હૈ
પેશ હર આરઝૂ હર તમન્ના કરો થામ લો જાલિયાં ઈલ્તેજાએં કરો
માંગનેવાલો દામન કુશાદા કરો પ્યારે આકા કા ફૈઝો કરમ આમ હૈ

## રઝા કા પ્યાલા બરકાતે ખ્વાજા

રિસાલો મેં આ'લા હૈ બરકાતે ખ્વાજા
દિલોં કા ઉજાલા હૈ બરકાતે ખ્વાજા
મિલે ક્યૂં ન અઝમત ઈસે દો જહાં કી
બડી શાનવાલા હૈ બરકાતે ખ્વાજા
સભી હોશવાલે ઈસે પી રહે હૈં
રઝા કા પ્યાલા હૈ બરકાતે ખ્વાજા
હિદાયત કે મોતી લૂટાતા હૈ હરદમ
જહાંસે નિરાલા હૈ બરકાતે ખ્વાજા
ભલા ક્યૂં ન ખ્વાજા કા 'યૂસુફ' કરમ હો
ઉન્હીં કા રિસાલા હૈ બરકાતે ખ્વાજા

*(અઝ : યૂસુફ બી. લાખાણી–વરતેજ)*

## પોસ્ટકાર્ડ લખી કે SMS કરી મફત મંગાવો

**૧. સુન્નિયતને ઉધઈની જેમ કોતરી રહેલ ખરાબીઓ અને આપણી ગફલતો**

**૨. તલાક વિશે સમજૂતી તથા અન્ય મસાઈલ**
ઉપરોક્ત બંનેના સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**૩. અહલે સુન્નતની રક્ષામાં ઈમામ અહમદ રઝાની ખિદમતનું મહત્વ**
મૂળ લેખક (અંગ્રેજી) :
જનાબ મુહમ્મદ મુનવ્વર અતીક (બર્મિંગહામ, યુ.કે.)
ગુજરાતી અનુવાદક : જનાબ ઈસ્માઈલ સાલેહ–દયાદરા

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા C/o.** ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

# સુન્નિયતની પ્રગતિ ચાહો છો તો !

# પ્રાથમિક તા'લીમના મકતબો (મદ્રસા)ને મજબૂત કરો !

તંત્રી લેખ

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! આજે તમારી દીની લાગણીના કારણે ફરી એકવાર એક કડવું સત્ય આપણી દીન તથા સુન્નિયત પ્રત્યે સુસ્તીના નમૂના રૂપે પેશ કરું છું. સાંભળો ! તમારા બાળકનું દિલ તથા દિમાગ કોરી સ્લેટ છે અને જો તમે **આખેરતની જિંદગીને મુખ્ય** અને **દુનિયાને ગૌણ** ગણતા હોઉ તો, અને ખરેખર ચાહતા હોઉ કે તમારો બાળક જહન્નમના અઝાબમાં ન પડી જાય તો તેની ''પ્રાથમિક દીની તા'લીમ'' વિશે ગંભીર બની જાવ. આજે મોટાભાગે શહેર શું કે ગામડાં શું દરેક ઠેકાણે મકતબો (મદ્રસાઓ)માં બાળકોની પઢાઈ રસમી રીતે ચાલે છે. પોપટ જેમ બાળક કુર્આન પઢતું થઈ જાય એ જ કોશિશ રહેતી હોય છે. કુર્આનના હુરૂફના મખરજ (ઉચ્ચાર)ની તો ક્યાંય કાળજી નથી લેવાતી ! (ઈલ્લા માશા અલ્લાહ !) જ્યારે કે બાળક શરૂથી તખ્તીથી જ અક્ષરો ا-ب-ت-ث વગેરેના મખરજ (ઉચ્ચારો) સહી શીખશે તો જીવનભર કુર્આન સહી પઢી શકશે, તેની નમાઝ સહી થશે. નહીં તો પોપટ જેમ જીવનભર ગણગણશે જેમાં સવાબને બદલે ગુનો વહોરશે અને તેના જિમ્મેદાર માં બાપ, મુદર્રિસ તથા ટ્રસ્ટી સર્વે સત્તાવાળા ગણાશે. જેથી સર્વની જિમ્મેદારી છે કે બાળકોને શરૂથી તખ્તીથી જ એક એક હરફના ઉચ્ચારની પ્રેક્ટિસ કરાવી આગળ વધારવામાં આવે.

### ★ ફઝીલત હક્ક઼ છે પણ તે ક્યારે ?! ★

આજે લોકો ફઝીલતની કિતાબ પ્રત્યે ખૂબ જ આકર્ષાય છે કે આટલુ પઢો તો આટલો સવાબ ! આ દુરૂદ શરીફનો આટલો સવાબ ! આ સૂરત આટલી વાર પઢો તો આટલો સવાબ ! **બેશક ! એ સવાબ હક્ક઼ છે પણ એને સહીહ ઉચ્ચાર સાથે પઢશો તો !!** બચપનથી જ ઉચ્ચાર શું છે તે ન શીખ્યું, કેટલાએ તો અરબી ન શીખ્યું તો હવે ગુજરાતી લિપિયાંતરમાં દુઆઓ પઢી સવાબો ક્યાંથી મળવાના ?! હજી જિંદગી બાકી છે તો કોઈ સારા આલિમ ક઼ારી પાસે જરૂર પૂરતી સૂરતો તથા દુરૂદ તથા દુઆઓને સાચા ઉચ્ચારો સાથે શીખી લો તો નમાઝો પણ સહીહ થશે અને સૂરતો, દુરૂદ, દુઆઓની બરકતો પણ મળશે.

### ★ જલસા મોટા મોટા કરે પણ મદ્રસા પ્રત્યે ગાફેલ ! ★

કેટલાક ઠેકાણે જોવા મળ્યું કે સુન્નીઓ વરસ દરમ્યાન મોટા મોટા મુક઼ર્રિરોને બોલાવી ધુવાંધાર તક઼રીરો કરાવે, એક રાતમાં હજારો લાખોના ખર્ચા કરી નાખે, ખૂબ મેદની જમા થાય, ખૂબ નારા વાગે....પણ એ દિવસ પછી સન્નાટો ! ન તક઼રીરમાં દર્શાવેલ વાત પર કોઈ અમલ ન રબની નાફર્માનીવાળી ચાલતી રોજનીશીમાં કોઈ ફરક ! વળી ઘણે ઠેકાણે જોયું કે સર્વ વસ્તી સુન્નીઓની છે, મોટી મોટી મસ્જિદો છે, પણ બાક઼ાયદા કોઈ સુન્ની મદ્રસો જ નથી ! **જલસા કરાવનારા સુન્ની આગેવાનો, જબરદસ્ત સુન્ની કહેવાતા ટ્રસ્ટીઓનાં બલ્કે સુન્ની હાફિઝોનાં તથા પીરોનાં બાળકો ગૈરોના મદ્રસામાં પઢવા જાય છે !** યાદ રાખો ! જેવો ઉસ્તાદ તેવો શાગિર્દ ! તમારી ઔલાદને બદ્અક઼ીદા પાસે પઢાવશો તો **આ કરોડો ખર્ચી તમે જે મસ્જિદો બનાવી તે તેમના માટે જ બનાવી છે એવું સમજી લો !** કારણ

કે બદ્‌અકીદાવાળાઓએ મદ્રસા મકતબો પર ખૂબ જ ધ્યાન આપ્યું છે, તેમનું નિશાન તમે નથી પણ તમારાં બાળકો છે. તમારાં બાળકો તેમને ત્યાં પઢશે અને તેમના અકીદા અપનાવશે તો પછી એ જ તમારી પ્યારી ઔલાદ મોટી થઈને તે બાતિલ ફિર્કાનું કામ કરશે ! અને આ પ્લાનનો અમલી નમૂનો જોવો હોય તો જોઈ લો કે જંબુસર તાલુકાનાં કેટલાંય ગામો છે જ્યાં ખેતી નિષ્ફળ જવા લાગી, દુકાળ તથા ભૂખમરો ઉભો થયો, આર્થિક હાલત કફોડી થઈ એવામાં બદ્‌અકીદાના મોટા મોટા મદ્રસા ઈ.સ. ૧૯૭૦ના અરસામાં શરૂ થયા તો ઘરે ઘરથી બાળકોને ઉઠાવી ઉઠાવી ત્યાં દાખલ કરાયાં. ત્યાં માં બાપો સુન્ની હતાં પણ જેહાલતમાં એ ન સમજ્યાં કે આ કુર્આન તથા દીન પઢવાના નામે બાળકો બેદીન થઈ જશે. અજ્ઞાનતામાં એઓ લલચાયા કે ખાવા, પીવા, રહેવાનું મફત, કપડાં પણ મફત વગેરે મફત મફતમાં ઔલાદે સુન્નિયતથી હાથ ધોઈ નાખ્યા અને આજે ઘરે ઘરે મુફતી, મોલ્વી, હાફિઝ, કારીઓનો ત્યાં ફુગાવો થઈ ગયો અને એઓ સૌ દેવબંદિયતના દિલદાદા થઈ ગયા અને સુન્નિયતનું નામો નિશાન નીકળી ગયું. આવું અન્ય જિલ્લાઓમાં પણ થયું છે.

એ જ પ્રમાણે કેટલા ઠેકાણે આપણે મોટા મોટા પીરોને, આલિમોને બોલાવીને જલસા જુલૂસ કરતા રહ્યા પણ મદ્રસા સુસ્ત સ્થિતિમાં રહ્યા, સામે બદ્‌અકીદાવાળા છટકીયાં ખોલીને બેઠા અને અવનવા પ્રોપેગન્ડા કરી સુન્ની બાળકોને તેમાં આકર્ષ્યાં અને છેવટે મહોલ્લાના મહોલ્લા બદ્‌અકીદા થતા ગયા.

### ★ શું તમે મુહદ્દિષો કરતાંય મજબૂત ઈમાનવાળા છો ?! ★

કેટલાક એવું કહે છે કે, "એમને ત્યાં પઢાવવામાં શું વાંધો છે ! આપણે કુર્આન તથા ઉર્દૂ પઢતાં જ શીખવવું છે ને ?!" તેઓ ખોટા ગુમાનમાં ન રહે બલ્કે ઉપર દર્શાવ્યાં તે ગામો તથા મહોલ્લાઓનાં દ્રષ્ટાંતો ધ્યાનમાં રાખે અને બુઝુર્ગોના અમલો પરથી બોધ ગ્રહણ કરે.

દારમી શરીફમાં છે કે, **મહાન શાનવાળા તાબઈ, હાફિઝુલ હદીષ, હઝરત ઈમામ ઈબ્ને સીરીં** رضی اللہ عنہની મજલિસમાં બે બદ્‌મઝહબોએ આવીને અર્ઝ કરી કે, અમે આપની સમક્ષ એક હદીષ વર્ણન કરવા ઈચ્છીએ છીએ. આપે જવાબ આપ્યો કે **હું સાંભળવા તૈયાર નથી.** તે બંને જણાએ અર્ઝ કરી કે, અમે કુર્આન શરીફની કોઈ આયત પઢીએ ?! આપે ફર્માવ્યું, "ના !" **તમે લોકો ક્યાં તો મારી પાસેથી ચાલ્યા જાવ, નહીં તો હું અહીંથી ઉઠું છું !** તો તે બંને જણ જતા રહ્યા. હાજરજનોમાંથી કોઈએ કહ્યું કે, હઝરત ! તેઓ કુર્આનની કોઈ આયત પઢત તો સાંભળવામાં તમારું શું જતું હતું ? આપે ફર્માવ્યું, તેઓ કુર્આનની કોઈ આયત પઢે અને અર્થમાં ઘાલમેલ કરે. પછી એ જ અર્થ મારા દિલમાં સમાઈ જાય (અને ખુદાની પનાહ ! મારો અકીદો બગડી જાય !)

એ જ દારમી શરીફમાં હવાલો છે, કે હઝરત ઐયૂબ સખ્તયાની رضی اللہ عنہએ **બદ્‌મઝહબોની વાત સાંભળવા માંગતા ન હોવાને કારણે તેમનાથી મોઢું ફેરવી લીધું અને અડધો શબ્દ સાંભળવાની પણ ના પાડી.** સૈયદેના સઈદ ઈબ્ને જુબેર رضی اللہ عنہ એ કોઈ બદમઝહબે પૂછેલી વાતનો જવાબ ન આપ્યો. *(રહનુમાએ હક્ક)*

ભાઈઓ તથા બહેનો ! વિચારો ! આટલા મહાન તાબઈ બુઝુર્ગ જેમને હદીષોના હાફિઝ કહેવામાં આવે, દીની ઈલ્મના ઈમામ તથા અન્ય કામિલ બુઝુર્ગો તો દીન ઈમાનની સલામતી માટે આટલા સાવધાન કે બદ્‌મઝહબના મોઢેથી કુર્આન–હદીષ સાંભળવા તૈયાર નથી ! તો આપણે જાહિલો કઈ રીતે તેમની પાસેથી કહેવાતી દીની વાતો સાંભળીને અડગ રહી શકીએ ?! તથા આપણી કોરી સ્લેટ જેવી ઔલાદને બદ્‌અકીદા, ગુસ્તાખે નબીના ખોળે બેસાડીને કઈ રીતે આશા રાખીએ છીએ કે તે દીન તથા સુન્નિયત પર રહે ?!

## ★ સુન્નીઓ ! ઉઠો ! જાગ્યા ત્યાંથી સવાર ! ★

હે મસ્જિદ મદ્રસાના ટ્રસ્ટીઓ ! તથા કૌમના જિમ્મેદારો ! તમે જ્યારે અહલે સુન્નતને હક્ક સમજો છો તો એ હક્ક મઝહબની સલામતી માટે આજથી જ ગંભીર બની વિચારણા કરો અને જ્યાં મદ્રસા મકતબ નાઝરા કલાસ નથી અને બાળકો ગૈરોને ત્યાં જાય છે તો તમારી પ્રથમ ફરજ બને છે કે તમો ત્યાં મકતબની તાત્કાલિક વ્યવસ્થા કરો, સારા મુદર્રિસ રાખો અને સારો પગાર આપો અને નિશ્ચિત કોર્સ પ્રમાણે બાળકોની દીની તા'લીમની વ્યવસ્થા કરો. જો તમે ચાહો તો એ થઈ શકે છે અને જરૂર થઈ શકે છે, છતાં નહીં કરો તો દીન તથા સુન્નિયતના નુકસાનના જિમ્મેદાર તમે જ ઠરશો અને કાલે કયામતમાં તમારી ગરેવાન પકડાશે ! માટે આ બાબતે આજે જ કમર કસો.

કેટલાય ઠેકાણે બાળકો પઢાવવા માટે મસ્જિદના ઈમામ તથા બાંગી હોય છે અને તેમની પાસે બે જણ વચ્ચે ૧૦૦–૧૨૫ છોકરાં હોય છે ! તો એઓ બાળકોને સાચવશે કે પઢાવશે ? કયા ટાઈમે દરેકનો સબક સાંભળશે ? જિમ્મેદારો કહે છે કે વસ્તી ગરીબ છે, પગારના પૈસા ક્યાંથી લાવીએ ? ભાઈઓ ! લોકોને મિટિંગો ભરી સમજાવો કે **આ દીનનો ઈલ્મ જીવનનું સૌથી અગત્યનું કામ** છે, ઈલ્મે દીન હશે તો ખુદાના ફઝ્લથી માણસ હક્ક નાહક્ક, હલાલ હરામ સમજી સીધા માર્ગે રહી શકશે, દીન ઈમાન પર રહી શકશે કે જે સૌથી અમૂલ્ય દૌલત છે. માટે એના માટે દરેક કુર્બાની આપે. ગરીબમાંનો ગરીબ માણસ ગલ્લામાં રોજ ૧ રૂા. પણ નાખે તેમજ અન્ય લોકો પોતાની હૈસિયત પ્રમાણે રોજ ગલ્લામાં નાખે તો મહિને ખાસ્સી રકમ જમા થશે. ન થાય તો મોટા ગામો શહેરોમાં રમઝાન વગેરેમાં કોશિશ કરો અને અધિક મુદર્રિસો ઠીક ઠાક પગાર આપી રાખો જેથી યોગ્ય તરીકાથી પઢાઈ થાય.

અને જે લોકો જલ્સા, ઉર્સ વગેરેમાં તથા ન્યાઝ ખવડાવવામાં હજારો ખર્ચી શકે છે તેઓ જરૂર એ બધું શરીઅતના મુજબ કરે, પણ એ જ બુઝુર્ગોના મઝહબને સલામત રાખવા પોતાની દૌલતને આવી ગરીબ આબાદીઓમાં મસ્જિદ મદ્રસા ચલાવવામાં પણ રોકી અઢળક સવાબોના હક્કદાર બને. એવું નહીં કરો અને ખાઈ ખવડાવીને કેવળ રસમો કરી બેસી રહેશો તો ગરીબ આબાદીઓને બદ્અકીદા વરૂઓ તાણી જશે એનાથી શું તમે ખુશ રહેશો ?! માટે થોડુંક ચિંતન કરી અલ્લાહની આપેલ નેઅમત નાણાને આ અતિ જરૂરી કાર્યમાં રોકો અને સવાબના હક્કદાર બનો.

## ★ મુદર્રિસોને અમારી દર્દભરી અપીલ ! ★

એક ઠેકાણે અમને સત્તાવાર જાણ થઈ કે આખો મોટો મહોલ્લો છે તે પૂરો સુન્નીઓનો છે પણ ત્યાં સુન્ની મસ્જિદ ખરી પણ સુન્ની મદ્રસો નામેય નથી ! બલ્કે બદ્અકીદાઓનો ભવ્ય મદ્રસો ત્યાં છે અને સુન્નીઓના સાતસો બાળકો ત્યાં પઢે છે ! વળી અતિ હેરતની વાત તો એ કે બદ્અકીદાઓના સંચાલન હેઠળ ચાલતા મદ્રસામાં પઢાવનારા હાફેઝો ઉસ્તાદો મિક્સ છે ! સુન્ની પણ અને બદ્અકીદા પણ ! અમે કહ્યું કે આ એકતાનો પાઠ ક્યાંથી શીખ્યા ? અને શા માટે સર્વ જલ્સા, મુહર્રમ, મીલાદુન્નબી ﷺ વગેરેના પ્રોગ્રામો પાછળ હજારો ખર્ચનારા સુન્ની મદ્રસો નથી ચલાવતા ? તો કોઈ સંતોષકારક જવાબ નહીં, અને સુન્ની મુદર્રિસો પણ તે બદ્અકીદાઓની લખેલી કિતાબો ત્યાં પઢાવે છે ! ક્યાં ગઈ તમારી સુન્નિયત પ્રત્યેની ગૈરત ? બે પૈસા વધારે પગારની લાલચમાં દીનના મૂળમાં ઘા કરી રહ્યા છો ! તમને જરાય લાજ નથી આવતી ?!

જો કે આવું બધે નથી, છતાં સુન્ની મદ્રસામાં પઢાવતા મુદર્રિસોને અમારી નમ્ર વિનંતિ છે કે તમે એવું ન સમજો કે ટૂંકા પગારમાં શું મહેનત કરીએ ! પણ જ્યારે તમે જિમ્મેદારી સ્વીકારી છે તો સમયસર

ડિસિપ્લીન સાથે મદ્રસામાં હાજર રહી અને આયોજનપૂર્વકનો નિસાબ (કોર્સ) બાળકોને પઢાવવા એ નિય્યતે મહેનત કરો કે હું તો **અલ્લાહ વ રસૂલના દીનનો ખાદિમ છું** અને મારી ફરજ છે કે સખત મહેનત કરી સુન્નીઓની ભાવિ ફોજ તૈયાર કરું જે દીન તથા સુન્નિયત માટે પોતાનું તન, મન, ધન સર્વસ્વ કુર્બાન કરી આપે. અને અલ્લાહના વાયદાને ન ભૂલો કે, **"જે અલ્લાહના દીનની મદદ કરે છે અલ્લાહ તેની મદદ કરે છે."** તમારું કામ સુન્નિયતની લાગણી સાથે બાળકોમાં ઈલ્મે દીન ઉતારવાનું છે, સુન્નિયત વિશે સમજ આપવાનું છે. તમારી નિઃસ્વાર્થ મહેનતનો બદલો તમને જરૂર મળશે જ. સબ્રથી કામ લો અને યોગ્ય તરીકાથી સહી તા'લીમ બાળકોને આપો તો **અલ્લાહ તમને એવી જગાએથી મદદ કરશે જે તમારી કલ્પનામાં પણ નહીં હોય.** અલ્લાહ પર યકીન મજબૂત કરો અને પ્રેમ પૂર્વક સમજબુઝથી બાળકો પાછળ ખૂબ મહેનત કરો તો જરૂર એક ક્રાંતિકારી નસલ તમારા હાથે ઉભી થશે જે સુન્નિયત સામે ઉઠતા કોઈ પણ તોફાનને દબાવી દેશે અને તેનો અજર તમને બંને જહાનમાં જરૂર મળશે.

## ★ બાળકોના માં બાપોને અંતિમ વિનંતિ ! ★

હે આશિકે રસૂલ ભાઈઓ ! તથા બહેનો ! હે ગૌષો ખ્વાજા વ રઝા વ જુમ્લા અવલિયાના દીવાનાઓ ! જેમ દુનિયવી ઈલ્મ માટે યુનિફોર્મ, ચોપડાં, પેન, પેન્સીલ, રીક્ષા–બસ ભાડુ વગેરેની વ્યવસ્થા તમે કરો છો, તો એ પણ જરૂર કરો, દુનિયવી ઈલ્મ પણ જરૂરી છે જ પણ સાથો સાથ દીનનો ઈલ્મ કે જે **"ફર્ઝે અયન"** છે એને મફતિયામાં મેળવવાની નિય્યત ન રાખો ! બલ્કે મદ્રસા માટે આર્થિક સહાય ખૂદ પહોંચાડો તેમજ અન્ય ઠેકાણેથી સહાય કરાવી મહાન સવાબના હક્કદાર બનો. અને બાળકોને નિયમિત અને સમયસર મદ્રસાએ પહોંચે એવું ડિસિપ્લીન શીખવાડો, અને પૂરો સમય તેને મદ્રસામાં પઢવા દો, ચાલુ પઢાઈએ રજા ન માંગો, ન છૂટ્ટીઓ પડાવો અને ઘરે પણ બાળકોને બેસાડી તેમની પઢાઈ શું થાય છે તે જુઓ અને જાતે પણ ઘરે શીખવાડો. બહેનો પણ પોતાના બાળકોની પઢાઈ પ્રત્યે ધ્યાન કરે અને તેમની સારી દીની કેળવણી થાય તેવી કોશિશો કરે તો જરૂર આવનારી નસલ દીન તથા સુન્નિયતના માટે મરી ફિટનારી પેદા થશે જેનો અજર તમને પણ બંને જહાનમાં મળશે.

## ★ મદ્રસાના સંચાલકોને અંતિમ ગુઝારિશ ★

આશા છે કે મદ્રસાના સંચાલકો, મુદર્રિસો આ બાબતોને ધ્યાનમાં લેશે અને બાળકોની પઢાઈની કક્ષા સુધારશે. ઈન્શા અલ્લાહ ! સાથોસાથ બાળકોને દીનીયાતની કિતાબોમાં મસાઈલ શીખવાડો અને અકીદા વિશે પણ તેના કલાસ પ્રમાણે જ્ઞાન આપતા ચાલો. અલ્લાહ વિશે, નબી–વલી વિશે તેમજ અન્ય અકીદાની વાતો પણ શીખવાડો, શિર્ક એટલે શું ? તેની સાચી સમજ આપો. આજે બદ્અકીદાના મદ્રસામાં જતાં બાળકો થોડાક જ દિવસોમાં આ બિદઅત ! આ શિર્ક ! એવું બોલતાં થઈ જાય છે, તો તમે સહીહ દીની સમજ આપણા બાળકોમાં જાગે એ માટે અકીદાની સરળ સમજ આપતી કિતાબો દાખલ કરો. અમોએ એ માટે અકીદાના જ્ઞાનના બારામાં તથા સર્વ બાતિલ ફિર્કાની ઓળખ વિશે તથા મહબ્બતે રસૂલ ﷺનું મહત્વ સમજાવતી કિતાબ "તાલીમાતે જાને ઈમાન" ગુજરાતીમાં પ્રસિદ્ધ કરી છે તેનો સબક ક્રમે ક્રમે બાળકોને આપો તો મોટા થઈને સુન્નિયત પર મજબૂતીથી રહી શકે, ઈન્શાઅલ્લાહ ! અને એક નિસાબ (કોર્સ) અમોએ સેટ કર્યો છે તેને મંગાવી તમારે ત્યાં તે પ્રમાણે પઢાઈ ચાલુ કરો. જરૂરત પ્રમાણે એ કોર્સમાં ફેરફાર કરી શકો છો, પણ નિસાબ (કોર્સ) પ્રમાણે વ્યવસ્થિત પઢાઈ કરો તો જરૂર સારાં પરિણામો આવશે. (ઈન્શાઅલ્લાહ !)

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

فَلَمَّا فَصَلَ طَالُوتُ بِالْجُنُودِ قَالَ إِنَّ اللّٰهَ
مُبْتَلِيكُم بِنَهَرٍ فَمَن شَرِبَ مِنْهُ فَلَيْسَ مِنِّي وَمَن لَّمْ يَطْعَمْهُ
فَإِنَّهُ مِنِّي إِلَّا مَنِ اغْتَرَفَ غُرْفَةً بِيَدِهِ فَشَرِبُوا مِنْهُ إِلَّا قَلِيلًا
مِّنْهُمْ فَلَمَّا جَاوَزَهُ هُوَ وَالَّذِينَ آمَنُوا مَعَهُ قَالُوا لَا طَاقَةَ لَنَا
الْيَوْمَ بِجَالُوتَ وَجُنُودِهِ قَالَ الَّذِينَ يَظُنُّونَ أَنَّهُم مُّلَاقُو
اللّٰهِ كَم مِّن فِئَةٍ قَلِيلَةٍ غَلَبَتْ فِئَةً كَثِيرَةً بِإِذْنِ اللّٰهِ وَاللّٰهُ مَعَ
الصَّابِرِينَ ﴿٢٤٩﴾ وَلَمَّا بَرَزُوا لِجَالُوتَ وَجُنُودِهِ قَالُوا رَبَّنَا أَفْرِغْ عَلَيْنَا
صَبْرًا وَثَبِّتْ أَقْدَامَنَا وَانصُرْنَا عَلَى الْقَوْمِ الْكَافِرِينَ ﴿٢٥٠﴾ فَهَزَمُوهُم
بِإِذْنِ اللّٰهِ وَقَتَلَ دَاوُودُ جَالُوتَ وَآتَاهُ اللّٰهُ الْمُلْكَ وَالْحِكْمَةَ وَ
عَلَّمَهُ مِمَّا يَشَاءُ وَلَوْلَا دَفْعُ اللّٰهِ النَّاسَ بَعْضَهُم بِبَعْضٍ
لَّفَسَدَتِ الْأَرْضُ وَلَٰكِنَّ اللّٰهَ ذُو فَضْلٍ عَلَى الْعَالَمِينَ ﴿٢٥١﴾
تِلْكَ آيَاتُ اللّٰهِ نَتْلُوهَا عَلَيْكَ بِالْحَقِّ وَإِنَّكَ لَمِنَ الْمُرْسَلِينَ ﴿٢٥٢﴾

### ત.....ર્જુ.....મો.....

"પછી જ્યારે રવાના થયો તાલૂત[૩૨૫] પોતાની ફોજોની સાથે. તેણે કહ્યું કે બેશક ! અલ્લાહ તઆલા અજમાવનારો છે તમને એક નહેરથી તો જેણે પાણી પી લીધું એમાંથી તે મારા સાથીઓમાંથી નથી, અને જેણે ન પીધું તે યક઼ીનન ! મારા સાથીઓમાંથી છે, પણ જેણે ભરી લીધું એક ખોબો પોતાના હાથથી. પછી સૌએ પીધું તેમાંથી પણ થોડાક માણસોએ તેમાંથી (ન પીધું), પછી જ્યારે[૩૨૬] પાર કરી તેને તાલૂતે અને તે લોકોએ જેઓ ઈમાન લાવ્યા હતા તેની સાથે, કહેવા લાગ્યા, કાંઈ તાક઼ત નથી અમારામાં આજે જાલૂત તથા તેના લશ્કરનો મુક઼ાબલો કરવાની, (પણ) કહ્યું તે લોકોએ જેઓ યક઼ીન રાખતા હતા કે તેઓ જરૂર મુલાકાત કરવાના છે અલ્લાહથી કે ઘણીવાર નાની જમાઅતો સરસાઈ પામે છે મોટી જમાઅતો પર અલ્લાહના હુકમથી, અને અલ્લાહ તઆલા સબ્ર કરનારાઓની સાથે છે. અને જ્યારે સામે આવી ગયા જાલૂત[૩૨૭] અને તેમની ફોજોની તો બારગાહે ઈલાહીમાં અર્ઝ કરવા લાગ્યા, હે અમારા રબ ! ઉતાર અમારા પર સબ્ર, અને જમાવી રાખ અમારા ક઼દમોને અને ફતહ આપ અમને કાફિર ક઼ૌમ પર. પછી તેમણે હરાવ્યું જાલૂતના લશ્કરને અલ્લાહના હુકમથી[૩૨૮] અને ક઼ત્લ કરી દીધો દાઊદે જાલૂતને[૩૨૯] અને અતા ફર્માવી દાઊદને અલ્લાહે હિકમત તથા શાણપણ, અને શીખવાડી આપ્યું અને તેને જે ચાહ્યું. અને જો ન બચાવ કરતો અલ્લાહ તઆલા[૩૩૦] અમુક લોકોનો અમુકના થકી તો બર્બાદ થઈ જાત જમીન, પરંતુ અલ્લાહ સર્વ જહાનો પર ફઝ્‌લો કરમ ફર્માવનારો છે. આ આયતો છે અલ્લાહની અમે પઢીએ છીએ તેમને તમારા પર (હે હબીબ !) ખરેખર અને યક઼ીનન ! આપ રસૂલોમાંથી છો.

### તફસીર...............

જ્યારે તાલૂત અમાલિકાને ખતમ કરવા માટે રવાના થયા તો તેમની સાથે બની ઈસ્રાઈલનો એક મોટો ગિરોહ હતો. માર્ગમાં એક નહેર (શક્ય છે

દરયાએ ઉર્દુન જ હોય) પરથી પસાર થવાનું થયું તો તેમને હુકમ મળ્યો કે હવે તમારી પરીક્ષા લેવામાં આવશે, અને તે પરીક્ષા એ છે કે એ નહેરથી પાણી પીવાની ઈજાઝત નથી. જેણે પાણી પીધું તે મારો સિપાહી નથી, હા ! જો તરસ સખત લાગી હોય તો એક ખોબો ભરીને પી લો, એનાથી વધુ નહીં. હવે શું હતું કે સૌ તૂટી પડયા અને ખૂબ ધરાઈને પાણી પીધું થોડાક નિખાલસ સાથીઓ સિવાય જેઓ એ પરીક્ષામાં કામયાબ રહ્યા અને જેમની સંખ્યા સહીહ રિવાયત પ્રમાણે ૩૧૩ હતી. બાકી જેટલા લોકો હજારોની સંખ્યામાં હતા તેમણે લશ્કરથી અલગતા અપનાવી લીધી.

**૩૨૬.** હવે તાલૂત પોતાના મુઠ્ઠીભર જાંબાઝ સૈનિકોને સાથે લઈને આગળ વધ્યો, પરંતુ જ્યારે તેમણે જાલૂતનું ભવ્ય લશ્કર જોયું તો ખચકાઈ ગયા અને કહેવા લાગ્યા કે જાલૂતના આટલા મોટા લશ્કર સાથે જંગ કરવાની શક્તિ આપણામાં ક્યાં ! પરંતુ એમનામાંના અમુક મુખ્લિસતરીન (અતિ નિખાલસ) લોકોએ તેમને હિંમત આપી અને તેમને જણાવ્યું કે જીત તથા હાર અલ્લાહ તઆલાના હાથમાં છે. આનાથી પહેલાં પણ ઘણીવાર એવા બનાવો બન્યા છે જ્યારે તેની મદદ તથા સમર્થનથી નાની જમાઅતે મોટી મોટી ફોજોને સખત હાર આપી અને **અલ્લાહ તઆલાની મદદ તે લોકોને જરૂર સાથ આપે છે જેઓ હક્ક તથા સત્ય માટે સબ્ર તથા ધૈર્યપૂર્વક કામ લે છે.**

**૩૨૭.** જ્યારે તે જાંબાઝો સર હથેળીમાં રાખીને મેદાનમાં નીકળ્યા તો બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં દુઆ માટે હાથ ફેલાવ્યા અને પોતાના માટે સબ્ર તથા અડગતાની દુઆ કરી અને પછી દુશ્મનની હાર માટે સવાલ કર્યો. એનાથી એ પણ જાણવા મળ્યું કે **ફતહ તથા જીત હાંસલ કરવા માટે સબ્ર તથા અડગતા પ્રથમ શર્ત છે.** જે કદમ કે વ્યક્તિ જેહાદના મેદાનમાં અથવા અમલના મેદાનમાં મુસીબતો તથા તકલીફોની સામે સબ્ર તથા અડગતાથી કામ લે છે તે જ કામયાબ થાય છે. તેમજ એનાથી એ પણ સ્પષ્ટ થયું કે **મો'મિનોની પાસે સૌથી અધિક અસરકારક હથિયાર 'દુઆ' છે** જેનો તેના દુશ્મનની પાસે કોઈ જવાબ નથી. હુઝૂરે અકરમ ﷺની સુન્નતે તાહિરા પણ એ જ છે.

**૩૨૮.** તે મુઠ્ઠીભર મુજાહિદોએ અલ્લાહની મદદ તથા સહારાથી દુશ્મનના ભવ્ય લશ્કરને સખત હાર આપી દીધી.

**૩૨૯.** અમાલિકાના સેનાપતિ જાલૂતે જે ઘણો જ બહાદુર હતો અને અનુભવી જનરલ હતો તેને હઝરત દાઊદ علیہ السلامએ પથ્થર મારીને ખતમ કરી નાખ્યો, જ્યારે કે હઝરત દાઊદ علیہ السلامતે વખતે તદ્દન નાની વયના હતા, ચહેરો પીળો અને કમજોર તથા બીમાર હતા.

**૩૩૦.** અલ્લાહ તઆલાની એ સુન્નત છે કે જ્યારે કોઈ જાલિમ જુલ્મો સિતમ કરવા તૈયાર થાય છે તો તેની બર્બાદી કરતી પ્રવૃત્તિઓની રોકથામ માટે એક અન્ય કૌમ પેદા કરી આપે છે જે તેના જુલ્મોનો ખાત્મો બોલાવી દે છે. અલ્લાહ તબારક વ તઆલા જો પોતાની હિકમત તથા કુદરત વડે શક્તિનું સંતુલન આ મુજબ સ્થાપિત ન રાખે તો નાફર્માન લોકો તથા કૌમો આબાદીઓને ખંડેરોમાં અને વસ્તીઓને વેરાનીઓમાં તબદીલ કરી નાખે અને જમીનના કોઈ ખૂણામાં માનવીને સંતોષનો શ્વાસ લેવાનું નસીબ ન થાય. અલ્લાહ તઆલાનું પોતાની મખ્લૂક પર આ મહાન એહસાન છે કે ફિરઔનના ખાત્મા માટે તે મૂસાને પેદા કરી આપે છે.


**મુદર્રિસ જોઈએ છે !**

મદ્રસએ શૈખુલ ઈસ્લામ માટે બાળકોને દીની તા'લીમ માટે આલિમ/આલિમાની જરૂર છે. જોડાને પ્રથમ પંસંદગી આપવામાં આવશે.

સંપર્ક સાંધો :–

નાઝિમે આ'લા, **દારુલ ઉલૂમ શૈખુલ ઈસ્લામ બાલાસિનોર** ફોન નં. ૦૨૬૯૦–૨૬૬૬૬૫,

મો. નં. ૯૮૭૯૦ ૯૫૨૩૩

**હદીષ :** *હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે મારું અને જે કાંઈ મને અલ્લાહે આપીને મોકલ્યો એનું દષ્ટાંત એ વ્યક્તિની જેમ છે જેણે કોઈ કૌમની પાસે આવીને કહ્યું કે મેં મારી આંખો વડે એક લશ્કર જોયું છે[1] હું ઉઘાડો ડરાવનાર છું[2] બચો ! બચો ! તો તેમની કૌમથી એક ટોળાએ તેની વાત માની લીધી અને અંધારામાં ઉઠયા અને સમયસર નીકળી ગયા તો બચી ગયા[3]. અને તેમના એક ટોળાએ જૂઠલાવી દીધું, તેઓ તે જ જગાએ રહ્યા પછી સવારે જ લશ્કર તેમના પર તૂટી પડયું અને તેમને મારી નાખીને નેસ્તોનાબૂદ કરી દીધા[4]. આ જ એનું દષ્ટાંત છે જેણે મારું અનુસરણ કર્યું તથા મારા લાવેલાનું આજ્ઞાપાલન કર્યું, અને એનું જેણે મારી નાફર્માની કરી અને મારા લાવેલા હક્કને જૂઠલાવી દીધું. (મુસ્લિમ, બુખારી)*

*હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, મારું દષ્ટાંત એ શખ્સની જેમ છે[5] જેણે આગ પ્રજવલિત કરી, જ્યારે આગે આસપાસને ચમકાવી દીધું તો પતંગિયા અને એ જેઓ આગમાં પડયા કરે છે (જાનવર) એમાં પડવા લાગ્યાં[6] અને તે તેમને રોકવા લાગ્યો અને તે જાનવર તેના પર સવાર થતાં જાય છે (ગાંઠતા નથી) અને આગમાં પડતાં જાય છે[7]. જેમ કે હું તમારી કમર પકડીને આગથી બચાવું છું અને તમે એમાં પડતા જાવ છો[8]. આ બુખારીની રિવાયત છે, મુસ્લિમની રિવાયત આ પ્રમાણે છે પણ તેમાં છેવટમાં ફર્માવ્યું કે હુઝૂરે ફર્માવ્યું, આ મારું તથા તમારું દષ્ટાંત છે, હું તમને કમરેથી પકડીને આગથી બચાવતો રહ્યો છું કે આગથી ભાગી આવો ! પણ સવાર (ગાલિબ) થતા જાવ છો અને તેમાં પડતા જાવ છો. (બુખારી શરીફ)*

*હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે આ હિદાયત તથા ઈલ્મનું દષ્ટાંત જે રબે મને આપીને મોકલ્યો[9] તે પુષ્કળ વરસાદની જેમ છે[10]. જે કોઈ જમીનમાં પહોંચી, તેનો અમુક હિસ્સો સારો હતો જેણે પાણી ચૂસ્યું અને ઘાસ તથા ઘણો ચારો ઉગાડી દીધો, અને અમુક હિસ્સો સખત હતો[11] જેણે પાણી એકત્ર કરી લીધું જેનાથી અલ્લાહે લોકોને લાભ આપ્યો કે તેમણે ખૂદ પીધું, પીવડાવ્યું અને ખેતી કરી. અને એક બીજા હિસ્સામાં પહોંચ્યું જે સપાટ હતો જે ન પાણી ભેગું કરે ન ઘાસ ઉઘાડે[12]. આ તેનું દષ્ટાંત છે જે દીની આલિમ થયો અને તેને તે ચીજે લાભ આપ્યો જે મને રબે આપીને મોકલ્યો, તેણે તેને શીખ્યું અને શીખવાડયું[13]. અને તેનું દષ્ટાંત છે જેણે તેના પર માથુ ન ઉઠાવ્યું અને અલ્લાહની તે હિદાયત કૃબૂલ ન કરી જે મને આપીને મોકલવામાં આવ્યો[14]. (બુખારી તથા મુસ્લિમ)*

**સ....મ....જૂ....તી....**

**૧.** આ સરખામણી મરક્કબ (સંલગન) છે, આખા બનાવને આખા બનાવ સાથે સરખામણી આપવામાં આવી છે. તે વ્યક્તિથી મુરાદ તે અમીન તથા સાચો માણસ છે જેની વાત પર લોકોને વિશ્વાસ હોય. હુઝૂરની સચ્ચાઈ નબુવ્વતના ઝહૂર પહેલાં આમ તથા ખાસ લોકોમાં મશ્હૂર થઈ ચૂકી હતી. આ સરખામણીથી માલૂમ પડયું કે નબી કરીમ صلی اللہ علیہ وسلم એ દરેક દુનિયવી તથા આખેરતના આવનારા અઝાબોને પોતાની આંખો વડે જોયા, અને આપની બશારત (ખુશખબરી આપવું) કે ડરાવવું જોઈને છે. રબ

તઆલા ફર્માવે છે :–

**૨.** અરબસ્તાનમાં દસ્તૂર હતો કે ખતરનાક દુશ્મનની ખબર આપનાર પોતાનો કુર્તો લાઠી પર ટીંગાડીને લોકોમાં એલાન કરતો હતો કે હોશિયાર થઈ જાવ ! તેને 'નઝીર ઉરયા' કહેવામાં આવતો હતો એટલે કે નગ્ન ડરાવનારો.

**૩.** એટલે કે સાંભળનારા બે ગૃપમાં થઈ ગયા. એક ગૃપે તે ડરાવનારનો વિશ્વાસ કર્યો અને દુશ્મન લશ્કરના હુમ્લા પહેલાં અંધારામાં જ ભાગી ગયા એઓ ફાયદામાં રહ્યા.

**૪.** તો જેવી રીતે નજાત તથા હલાકત (તબાહી)નો આધાર તે એલાન કરનારાના સમર્થન કે જૂઠલાવવા પર છે એવી જ રીતે આખેરતના અઝાબથી બચવા ન બચવાનો આધાર હુઝૂરને માનવા તથા ન માનવા પર છે. અઝાબ જાણે કે લશ્કર છે અને મૃત્યુ પહેલાં તૌબા કરી લેવી જાણે કે સમયસર ખતરનાક જગાએથી હટી જવું છે, અને છેવટ સુધી ગુનાહોમાં ડૂબી રહેવું અને હુઝૂરને જૂઠલાવવું જાણે ખતરનાક જગામાં રહીને દુશ્મનના હાથે માર્યા જવું છે.

**૫.** આ સરખામણી પણ મુરક્કબ (સલંગન) છે કે એક આખા બનાવને આખા બનાવ સાથે સરખામણી કરવામાં આવ્યો છે. અલ્લાહ તઆલાએ દુનિયા તથા અહીંની ઉલઝનોને દીનનો ઝરીયો બનાવવાના માટે પેદા કરી, પણ લોકોએ તેનો ગલત ઉપયોગ કરીને તેને તબાહીનો ઝરીયો બનાવી લીધી. જેમ કે કોઈ જંગલમાં મુસાફરોની હિદાયત તથા પ્રકાશના માટે આગ પ્રજ્વલિત કરે પણ પતંગિયાં તે આગને પોતાની બર્બાદીનો સામાન બનાવી લે છે અને તબાહીને પોતાની નજાત સમજે.

**૬.** જેમ કે દુનિયાની લિજ્જતો આગ છે અને આપણે નાસમજ બંદાઓ પતંગિયાં છીએ કે તેનો ગલત ઉપયોગ કરીને પોતે પોતાની જાતને તબાહ કરવા ઈચ્છીએ છીએ.

**૭.** યાદ રાખશો કે સરખામણીમાં આગ સળગાવનાર અલગ છે અને બચાવનાર અલગ, અને જે બંને માટે 'રજૂલ' શબ્દ આવેલ છે એ જ પ્રમાણે અહીં દુનિયા બનાવનાર રબ છે અને તેના ગલત ઉપયોગ કરવાથી બચાવનાર હુઝૂર ﷺ છે.

**૮.** હુઝૂર ﷺનું પોતાની ઉમ્મતને નરમી ગરમીથી સમજાવવું, જાણે કે તેમની કમર પકડીને આગથી રોકવું છે. આ રોકવું કયામત સુધી રહેશે. ઉલમા તથા મશાઈખની તબ્લીગો, ગાઝીઓના જેહાદ એ હુઝૂર ﷺની જ તબ્લીગ છે. એનાથી જાણવા મળ્યું કે કોઈ શખ્સ પોતાની દાનાઈ તથા પોતાની તજવીજ કરેલી અકલી ઈબાદતો થકી દોઝખથી નથી બચી શકતો જ્યાં સુધી કે હુઝૂર ﷺની દર્શાવેલી ઈબાદતને ન સ્વીકારે, નહીં તો હિંદુ સાધુ અને ઈસાઈ પાદરી સંસાર ત્યજીને જીવનભર ઈબાદતો કરે છે છતાં દોઝખી છે.

**૯.** એનાથી નિર્દેશ થયો કે ઈલ્મ તથા હિદાયત એક નથી, કેમ કે ક્યારેક ઈલ્મ હોય છે પણ હિદાયત નથી હોતી. જેમ કે આ ઉમ્મતના બેદીન ઉલમા. તો ક્યારેક હિદાયત નસીબ થઈ જાય છે, બહુ ઈલ્મ નથી હોતો, જેમ કે તે અવામ જેઓ બેઈલ્મ છે પણ ઈમાનદાર છે. ક્યારેક ઈલ્મ તથા હિદાયત બંનેવ ભેગાં હોય છે જેમ કે ઉલમાએ દીન છે. હિદાયત ઈલ્મ કરતાં અફઝલ છે એટલા માટે એનું વર્ણન પ્રથમ થયું. ઈલ્મ કિતાબોથી મળે છે હિદાયત કોઈની નજરથી મળે છે.

**૧૦.** એનાથી નિર્દેશ થયો કે હુઝૂર ﷺને ત્યાં ઈલ્મ તથા ફયૂઝાનની કમી નથી. તમામ દુનિયા ફયઝ લઈ લે તો ઘટતો નથી, કોઈ ન લે તો બેકાર બચતો નથી, જેમ કે સૂર્યની રોશની અને વાદળોનું પાણી.

**૧૧.** اَجَادِب - اَجْدَب નું બહુવચન છે અર્થ તે સખત જમીન જે પાણીને ચૂસીને ખત્મ કરી આપે. એટલા માટે દુકાળને جدب કહે છે અહીં મુરાદ નીચાણવાળી જમીનો છે જે તળાવ બની જાય છે.

**૧૨.** આ સરખામણીનો ખુલાસો એ છે કે હુઝૂર ﷺ જાણે રહમતનું વાદળ છે. હુઝૂર ﷺનો જાહેરી તથા બાતિની ફયૂઝ અને નૂરાની કલામ વરસાદ અને માણસોનાં દિલ વિવિધ પ્રકારની જમીન છે. જેમ કે મો'મિનનું દિલ ખેતીલાયક જમીન છે જ્યાં અમલ તથા તકવાના છોડવા ઉગે છે. ઉલમા તથા મશાઈખના સીના જાણે કે તે ખજાનાના સંગ્રહ સ્થાનો

છે જેનાથી કયામત સુધી મુસલમાનોના ઈમાનની ખેતીઓ તૃપ્ત થતી રહેશે. મુનાફિક઼ો તથા કાફિરોના સીના ખારી જમીનો છે જે ન ફાયદો ઉઠાવે છે ન પહોંચાડે છે.

**૧૩.** આ સરખામણીથી બે ફાયદા હાંસલ થયા : એક એ કે કોઈ શખ્સ કોઈ મર્તબા પર પહોંચીને હુઝૂર ﷺથી બેનિયાઝ નથી થઈ શકતો, જમીન ગમે તેવી સમૃદ્ધ હોય અને કેટલુ પણ સારું બીજ રોપવામાં આવે પણ વરસાદની મોહતાજ છે. દીન તથા દુનિયાની સર્વ બહારો હુઝૂર ﷺના દમથી છે. બીજો એ કે કયામત સુધી મુસલમાનો ઉલમાના હાજતમંદ છે કે તેમની ખેતીઓને પાણી આ જ તળાવોથી મળશે, હુઝૂર ﷺની રહમત તેમના જ થકી નસીબ થશે.

**૧૪.** એમાં નિર્દેશ કરવામાં આવ્યો કે જો ધારો કે કોઈને હુઝૂર ﷺની નબુવ્વતની ખબર જ ન પહોંચે તો તેને તૌહીદનો અકીદો પૂરતો છે. યાદ રાખશો કે મુશબ્બા બિહી (જેની સાથે સરખાવાયા તે)માં જમીનના ત્રણ હિસ્સા બયાન ફર્માવવામાં આવ્યા, પણ સરખામણીમાં ઈન્સાનની કેવળ બે જમાઅતોનો ઉલ્લેખ થયો, કેમ કે ઉલમા હિદાયતમાં ઉચ્ચ છે અને કાફિરો ગુમરાહીમાં ઉચ્ચ. મધ્યના લોકો એટલે નેક મો'મિનોને ખૂદ સમજમાં આવી જાય છે એટલા માટે એનો ઉલ્લેખ ન થયો. યાદ રાખશો કે તળાવો ઘણા પ્રકારનાં છે મોટાં નાનાં, વધુ નફાકારક ઓછાં નફાકારક, અમુક તળાવોથી નહેરો વહે છે જેમ કે ભોપાલનું તળાવ. એ જ પ્રમાણે ઉલમાના વિવિધ મર્તબાઓ છે, અમુક મુજતહિદ છે જેમ કે ચારેવ ઈમામ, અમુક કામિલીન છે, અમુક રાખિસીન છે પછી તેમનામાં અમુક મુહદ્દિષો છે અને અમુક મુફસ્સિરો છે. આ સરખામણીમાં સર્વ સામેલ છે.

પેજ નં. ૨૮ નું ચાલુ...

નથી : (૧) એવો મોહતાજીવાળા માટે જે તેને જમીન ઉપર સૂવડાવી દે. (૨) તાવાનવાળા (કોઈ ચીજના બદલામાં માલ આપવાનો હોય તેના) માટે જે રૂસ્વા કરી દે. (૩) ખૂન બહા (ખૂનના બદલે માલ આપવાનો હોય) માટે જે તેને તકલીફ પહોંચાડે.

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે હઝરત કબીસા رضی اللہ عنہ માલિકે નિસાબ ન હોવાને લઈને ઝકાત, સદક઼ા અને દરેક પ્રકારની ઈમદાદના હક્ક઼દાર હતા, પરંતુ **તેઓ મહેનત મજૂરી કરીને પોતાનું જીવન નિર્વાહ કરી શકે તેમ હતું એટલે રસૂલે પાક ﷺએ આપને મહેનત મજૂરી કરી જીવન નિર્વાહ કરવાની તા'લીમ આપી, અને લોકો સમક્ષ મોહતાજીની સાથે હાથ લાંબો કરવાની મનાઈ ફર્માવી.** કેમ કે માંગીને જરૂરત પૂરી થઈ જાય તો પણ બેઈજ્જતી બાકી રહે છે, હા ! માણસ બિલકુલ મજબૂર થઈ ગયો હોય અને તેને સવાલ કરવા સિવાય કોઈ માર્ગ દેખાતો ન હોય, ત્યારે તેને ઈજાઝત આપવામાં આવે છે કે તે **જરૂરત પૂરતું માંગી લે અને જરૂરત પૂરુ થઈ ગયા બાદ તેનાથી દૂર રહે, માંગી ખાવાની આદત ન બનાવી લે.**

હદીષે પાકથી સ્પષ્ટ થયું કે ઈસ્લામે જેવી રીતે ઝકાતનો હુકમ લાગુ કરી ગરીબોની મદદ તરફ માલદારોનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેવી જ રીતે લોકો ઝકાતની મદદ પર ભરોસો કરી બેકાર અને ભિક્ષુક ન બની જાય તેની પણ તા'લીમ આપી છે, પછી કોઈ આમ શી રીતે કહી શકે છે કે, ઈસ્લામમાં ઝકાતનો હુકમ લાગુ કરવાથી વધુ પડતા લોકો બેકાર, કામચોર અને ભિક્ષુક બની ગયા છે !

એક છે ઝકાતનો હક્ક઼દાર હોવું અને એક છે ઝકાત માટે સવાલ કરવો, ઝકાતના હક્ક઼દારને આપવાથી ઝકાત અદા થઈ જાય છે, ભલે તેને સવાલ કરવો જાઈઝ ન હોય તો પણ ઝકાત આપવાથી ઝકાત અદા થઈ જશે. અને જેની પાસે બે ટંકનું ખાણું ન હોય અને પહેરવા શરમગાહ ઢાંકવા કપડું ન હોય તો તેને ઝકાતનો સવાલ કરવો અને માંગીને લેવું પણ જાઈઝ છે, તો એવું ન સમજવું જોઈએ કે જેને સવાલ કરવાની અને માંગવાની મનાઈ કરવામાં આવી છે તેને આપવાથી અને તેનો સવાલ પૂરો કરવાથી ઝકાત અદા થશે નહીં. દરેક હક્ક઼દારને ઝકાતના માલનો માલિક બનાવી દેવાથી ઝકાત અદા થઈ જશે. *(તોહફાએ નજાત, ભાગ–૪)*

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## ★ જમાઅત છોડવા માટેની મજબૂરીઓ ★

નીચે લખેલી મજબૂરીઓને કારણે પણ જમાઅત છોડી શકે છે : (૧) એવી બીમારી કે મસ્જિદ સુધી જવામાં તકલીફ હોય. (૨) સખત વરસાદ હોય. (૩) ઘણો જ કાદવ–કીચડ હોય. (૪) સખત ઠંડી હોય. (૫) ઘણુ જ અંધારુ હોય. (૬) વાવાઝોડુ, તોફાન હોય. (૭) જાજરૂ, પેશાબ, હવાનું ઘણુ દબાણ હોય. (૮) શત્રુનો ડર હોય. (૯) મુસાફરીમાં સાથીઓનો સંગ છૂટી જવાનો ડર હોય. (૧૦) અંધાપો હોય. (૧૧) લંગડાપણુ હોય. (૧૨) એટલો ઘરડો હોય કે મસ્જિદ સુધી પહોંચવામાં લાચાર હોય. (૧૩) માલ સામાન કે ખાણુ ચોરાઈ જવાનો ડર હોય. (૧૪) દેવાદાર ગરીબ માણસને લેણદારની બીક હોય. (૧૫) બીમારીની સંભાળ રાખવા માટે જો છોડીને જવામાં આવે તો તેને તકલીફ થવાની બીક હોય અથવા બીમાર ગભરાવાનો ડર હોય. આ બધાં જમાઅત છોડી શકવા માટેનાં મજબૂરીનાં કારણો ગણી શકાય છે.

**મસ્અલો** : સ્ત્રીઓને કોઈપણ નમાઝની જમાઅતમાં હાજરી આપવી જાઈઝ નથી. દિવસની હોય કે રાતની, જુમ્આની હોય કે ઈદની, સ્ત્રી જુવાન હોય કે વૃદ્ધ. એવી જ રીતે વાઈઝની મેહફિલમાં જવું પણ (પર્દાની વ્યવસ્થા વિના) જાઈઝ નથી. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)*

**મસ્અલો** : અકેલો મુક્તદી પુરૂષ હોય કે છોકરો તેણે ઈમામની જમણી તરફ ઊભું રહેવું, ડાબી તરફ કે પાછળ ઉભું રહેવું મકરૂહ છે. જો બે મુકતદી હોય તો તેમણે ઈમામની પાછળ ઉભું રહેવું, સાથે ઉભુ રહેવું મકરૂહે તન્ઝીહી છે. **બેથી વધારે મુક્તદીઓનું ઈમામની સાથે ઉભા રહેવું મકરૂહે તહરીમી છે.** *(દુર્રે મુખ્તાર અને બહારે શરીઅત)* (કેટલીક જગાએ જુમ્આ વગેરેમાં એવું થાય છે તેઓ સબક લે.)

**મસ્અલો** : એક માણસ ઈમામની સાથે ઉભેલો હતો અને બીજો એક માણસ આવી ગયો, તો ઈમામે આગળ વધી જવું અને આવનાર માણસે પહેલા મુક્તદીની સાથે ઉભો રહી જવું. જો ઈમામ આગળ ન વધે તો મુક્તદીએ પાછળ ખસી જવું, પોતે જાતે જ પાછળ ખસી જાય અથવા આવનાર પાછળ ખેંચી લે, પરંતુ જો એક જ મુક્તદી હોય તો તેણે પાછળ ખસી જવું અફઝલ (શ્રેષ્ઠ) છે, અને બે હોય તો ઈમામે આગળ વધી જવું અફઝલ છે.

**મસ્અલો** : સફો સીધી હોય અને નમાઝીઓએ એકબીજાથી મળીને સાથોસાથ ઉભું રહેવું, વચમાં જગ્યા ન રાખવી અને દરેકે ખભાઓ મેળવી ઉભા રહેવું તેમજ ઈમામ વચમાં બધાથી આગળ હોય.

**મસ્અલો** : પહેલી સફમાં ઈમામની નજીક ઉભું રહેવું અફઝલ છે પરંતુ જનાઝાની નમાઝમાં પાછલી સફમાં ઉભું રહેવું અફઝલ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : મુક્તદીએ તકબીરે તહરીમા ઈમામની સાથે કે પછી કહેવી જોઈએ ત્યાં સુધી કે જો "અલ્લાહુ" શબ્દ ઈમામની સાથે કહ્યો અને "અકબર" ઈમામથી પહેલાં કહી નાખ્યું તો નમાઝ નહીં થાય.

**મસ્અલો** : મુક્તદીએ કોઈપણ નમાઝમાં કિ઼ર્અત (કુર્આન મજીદમાંથી પઢવું) જાઈઝ નથી. અલ્હમ્દુ શરીફ પણ નહીં અને કોઈ સૂરત કે આયત પણ નહીં. ઈમામ જોરથી (અવાજથી) પઢતા હોય કે આહિસ્તા (ધીમેથી) ઈમામનું પઢવું મુક્તદી માટે બસ છે. *(હિદાયા વગેરે)*

**મસ્અલો** : ઈમામ મુસલમાન, પુરૂષ અક્કલવાળો (ગાંડો નહીં) બાલિગ (ઉંમર લાયક) નમાઝના મસ્અલાનો જાણકાર, કોઈપણ જાતની માઅઝૂરી, મજબૂરી વિનાનો હોવો જોઈએ, જો ઈમામમાં આ છ બાબતોમાંથી એકનો પણ અભાવ હશે, તો એના પાછળ નમાઝ થશે નહીં.

**મસ્અલો** : મજબૂર પોતાના જેવા મજબૂર કે

પોતાનાથી વધીને મજબૂર માણસનો ઈમામ થઈ શકે છે. જો ઈમામ અને મુક્તદીને બે જુદા જુદા પ્રકારની મજબૂરીઓ છે. દા.ત એકને હવા નીકળવાની બીમારી છે જ્યારે બીજાને પેશાબના ટીપાંની, તો બંનેવ એકબીજાની ઈમામત નથી કરી શકતા. *(આલમગીરી, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : તયમ્મુમ કરનાર વુઝૂ કરનારની ઈમામત કરી શકે છે. *(હિદાયા વગેરે)*

**મસ્અલો** : મોજા પર મસહ કરનાર પગ ધોનારની ઈમામત કરી શકે છે. *(હિદાયા વગેરે)*

**મસ્અલો** : ઊભો થઈને નમાઝ પઢનાર બેસીને પઢનારની ઈક્તેદા કરી શકે છે. *(હિદાયા, શર્હે વક઼ાયા)*

**મસ્અલો** : તે માણસ જે રુકૂઅ અને સિજદા કરે છે તે ઈશારાથી નમાઝ પઢનારની પાછળ પઢી શકતો નથી પરંતુ ઈમામ અને મુક્તદી બંનેવ ઈશારાથી પઢે છે તો ઈકતેદા જાઈઝ છે. *(હિદાયા, શર્હે વક઼ાયા)*

**મસ્અલો** : નગ્ન માણસ સતર ઢાંકેલાનો ઈમામ નથી બની શકતો. *(હિદાયા, શર્હે વક઼ાયા)*

**મસ્અલો** : બદ્‌મઝહબ કે જેની બદ્‌મઝહબી કુફ્રની હદ સુધી ન પહોંચી હોય જેમ કે તફઝીલીયા, એમને ઈમામ બનાવવો ગુનોહ અને એમની પાછળ નમાઝ મકરૂહે તહરીમી છે. પઢી લીધી હોય તેને ફરીથી પઢવી વાજિબ છે. *(રદ્દુલ મુહ્તાર, દુર્રે મુખ્તાર, આલમગીરી)*

તફઝીલી તેને કહે છે જે હઝરત અલીને હઝરત અબૂબક્ર, ઉમર, ઉષ્માન (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن) ઉપર ફઝીલત આપતો હોય.

**મસ્અલો** : મહાપાપી (ફાસિકે મુઅલિન) જેમ કે દારૂડિયા, જૂગારી, વ્યભિચારી, વ્યાજખોર, ચુગલખોર... વગેરે જે મહાપાપોને છડે ચોક કરે છે એને ઈમામ બનાવવો ગુનોહ અને એની પાછળ નમાઝ મકરૂહે તહરીમી અને પઢેલી નમાઝ દોહરાવવી વાજિબ છે. *(રદ્દુલ મુહ્તાર, દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : તે બદ્‌મઝહબ કે જેની બદ્‌મઝહબી કુફ્રની હદ સુધી પહોંચી ગઈ હોય જેમ કે રાફઝી (શિયા) (ભલે તે ફક્ત હઝરત અબૂબક્ર સિદ્દીક़ رَضِیَ اللّٰہُ عَنْہُની શાને પાકમાં ગાળો બકતો હોય કે એમની સહાબિયત કે ખિલાફતનો ઈન્કાર કરતો હોય કે હઝરત અબૂબક્ર, ઉમર, ઉષ્માન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنની શાનમાં ગાળો ભાંડતો હોય) જેહમી, મુશબ્બહ, ક઼દરી અને તે કે જે કુર્આન શરીફને મખ્લૂક઼ કહે છે અને તે કે જે શફાઅત અથવા દીદારે ઈલાહીનો નકાર કરે છે અથવા ક઼બ્રના અઝાબ કે કિરામન કાતેબીનનો ઈન્કાર કરે છે એમની પાછળ નમાઝ થતી નથી. (આલમગીરી, ગુન્યા વગેરે) એમનાથી વધુ કડકમાં કડક હુકમ તે લોકો માટે છે કે જેઓ પોતાને મુસલમાન બલ્કે સુન્નતના તાબેદાર કહે છે, અને તે છતાં દીનની કેટલીક જરૂરી બાબતોને માનતા નથી અને અલ્લાહ અને તેના પ્યારા રસૂલ ﷺની તૌહીન ગુસ્તાખી કરે છે અથવા ઓછામાં ઓછું તૌહીન કરનારાઓને મુસલમાન સમજે છે (જેમ કે વહાબી, દેવબંદી, મૌદૂદી, આજના ગૈર મુક઼લ્લિદો....વગેરે) એમની પાછળ નમાઝ બિલ્કુલ જાઈઝ નથી.

**નોંધ** : જહીમી એટલે જહમ બિન રફવાનના માનનારાઓ, એ લોકોનું માનવું એવું છે કે બંદાને કોઈપણ જાતની રજમાત્ર પણ કુદરત–સત્તા નથી.

બંદો પથ્થરની જેમ છે અને જન્નતી લોકો તેમાં દાખલ થઈ ગયા પછી વિનાશ પામશે. ત્યાં સુધી કે કશુ જ બાકી નહીં રહે. સિવાય અલ્લાહ તઆલાની.

**ક઼દરી** : તેને કહે છે જે તક઼દીરને માનતો ન હોય.

**મુશબ્બહ** : ખુદાની જાત અને સિફતને માણસની જાત અને સિફાતની જેમ માનતો હોય.

**મસ્અલો** : ફાસિક઼ની ઈક્તેદા કરવામાં ન આવે પરંતુ ફક્ત જુમ્આમાં મજબૂરીના કારણે કરી શકાય છે, બાકી નમાઝોમાં બીજી મસ્જિદમાં ચાલ્યા જવું અને જો જુમ્આ શહેરમાં બીજી મસ્જિદોમાં પણ થતો હોય તો તેમાં પણ ઈકતેદા ન કરવી. બીજી મસ્જિદોમાં જઈ પઢવી. *(ગુન્યા, રદ્દુલ મુહ્તાર, ફત્હુલ કદીર વગેરે.)*

**મસ્અલો** : ઈમામે એકલાએ ઊંચી જગ્યા ઉપર ઉભા રહેવું મકરૂહ છે. જો ઊંચાઈ ઓછી હોય તો મકરૂહે તનઝીહી અને વધારે હોય તો મકરૂહે તહરીમી છે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : ઈમામ નીચી જગ્યાએ હોય અને મુક્તદીઓ ઊંચી જગ્યા ઉપર એ પણ મકરૂહ અને સુન્નત વિરુદ્ધ છે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

الصلوٰة والسلام عليك يارسول الله

# રૂહો વિશે અહલે સુન્નતનો હક્ક઼ અક઼ીદો

## અને દેવબંદીઓની ગુમરાહીનો નિર્દેશ

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*પોતાને ‘અહલે સુન્નત’ કહીને તથા હનફીઓ જેમ નમાઝનો તરીક઼ો અપનાવીને સુન્નીઓને છેતરવાનો ધંધો કરનારા આ વહાબી, જમાતી, દેવબંદીઓને ઓળખી લો કે તેઓ હરગિઝ ‘અહલે સુન્નત વ જમાઅત’ નથી. અહલે સુન્નતના સર્વ બુઝુર્ગોના વિરુદ્ધ તેમના અક઼ીદા છે. જેમ કે, અહલે સુન્નત વલ જમાઅતના સર્વ બુઝુર્ગોનો અક઼ીદો રહ્યો છે કે (૧) અલ્લાહ માટે જૂઠ મુહાલ (અશક્ય) છે. (૨) નબી વલીને અલ્લાહની અતાથી ઈલ્મે ગયબ હોય છે. (૩) નબીને હાઝિર નાઝિર માનવુ જાઈઝ છે. (૪) હુઝૂર صلى الله عليه وسلم ની શફાઅત હક્ક઼ છે. (૫) અલ્લાહની અતાથી નબી વલી મદદ કરી શકે છે. (૬) ‘યા’ શબ્દથી નબી વલીને પોકારવું જાઈઝ છે. (૭) મીલાદુન્નબી صلى الله عليه وسلم મનાવવું જાઈઝ છે. (૮) હુઝૂર صلى الله عليه وسلم નૂરી બશર છે★.....વગેરે. જ્યારે દેવબંદી વહાબીઓ એથી વિરુધ્ધ માને છે અને એમના અક઼ીદા મુહમ્મદ બિન અબ્દુલ વહાબ નજદી ગુસ્તાખે રસૂલ જેવા છે. જેથી અહલે સુન્નત તથા હનફી બનનારા આ ઢોંગીઓને ઓળખી તેમનાથી દૂર રહો. તેમની એ પણ માન્યતા છે કે, ''મો'મિનોની રૂહો પોતાના સગાંને ઘરે આવતી નથી, ફાતેહા આપવા વગેરે ગલત તથા બેઅસ્લ છે.... વગેરે.'' તો અત્રે એનો ઈમાન અફરોઝ જવાબ અહલે સુન્નતના ચોટીના બુઝુર્ગોના હવાલાથી વાંચો અને પોતાને અહલે સુન્નત કહી છેતરનારા વહાબી દેવબંદીઓથી દૂર રહી તમારું ઈમાન બચાવો. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### અહલે સુન્નતના મહાન બુઝુર્ગોનો મઝહબ શું છે ?

શૈખ અબ્દુલક્ક઼ મુહદ્દિષ દહેલ્વી (જેમને વિશ્વસનીય માનવાનો દાવો દેવબંદીઓ પણ કરે છે તે) મહાન બુઝુર્ગ શૈખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه એ ''અશિઅતુલ લમ્આત''માં લખ્યું છે : અમુક રિવાયતોમાં આવ્યું છે કે, **''મૈયતની રૂહો જુમ્આની રાતે પોતાના ઘરોએ આવે છે અને ઘરવાળાં તરફથી સદક઼ાની રાહ જુએ છે.''**

‘ખઝાનતુર્રિવાયાત’માં છે : ''અમુક મુહક્કિ઼ક઼ આલિમોથી છે કે **રૂહો જુમ્આની રાત્રે છૂટે છે અને ફેલાય જાય છે, ક઼બ્રોની તરફ આવે છે એટલે કે જ્યાં તેમનાં શરીરો દફન થયેલાં છે, પછી પોતાનાં ઘરો તરફ આવે છે એટલે કે જ્યાં જીવંત હાલતમાં રહેતા હતા.''**

સદર બિન રશીદ તબરેઝીએ ‘દસ્તૂરુલ્ કુઝાત’માં લખ્યું છે : ‘ફતાવા નસફિયા’ ઈમામ નજમુદ્દીન અલ્લામા સમરકંદનો છે. તેમની વફાત હિ.સ. ૫૩૭માં થઈ છે. એ ફતાવાનો સાર છે કે, **''બેશક ! ઈમાનવાળાઓની રૂહો આવે છે દર જુમ્આની રાત્રે અને દિવસે, પછી પોતાનાં ઘરોની સામે ઉભી રહે છે**, પછી દરેક રૂહ ગમગીન અવાજથી પોકારે છે કે હે મારા ઘરવાળાઓ ! **હે મારી ઔલાદ ! મારા સગાંઓ ! ખયરાત કરીને અમારા પર મહેરબાની કરો ! અને અમને યાદ કરો ! ભૂલી ન જાવ !** અને અમારી ગરીબીમાં અમારા પર દયા કરો ! આ માલ જે તમારા હાથમાં છે એ અમારા હાથમાં હતો. પછી એ રૂહો રડતી રડતી ઉદાસ પરત થઈ જાય છે અને ગમગીન અવાજમાં કહે છે, યા અલ્લાહ ! તેમને તારી રહ્‌મતથી નાઉમ્મીદ કર ! જેવી રીતે તેમણે અમને દુઆ તથા

*★(જુઓ કિતાબ ‘સુન્ની કોણ ?’ પ્રકાશક : દારુલ ઉલૂમ શાહે આલમ, જમાલપુર રોડ, અમદાવાદ, ફોન : ૦૭૯–૨૫૩૫૨૬૬૮)*

સદકાથી નિરાશ પાછા કાઢયાં."

અને અલી ઈબ્ને અહમદ ઘૌરીએ "કન્ઝુલ ઈબાદ"માં પણ આ રિવાયતને નકલ કરી છે.

વહાબી દેવબંદીઓનો નિયમ છે કે જે કિતાબમાં તેમના વિરુદ્ધ અકીદા બયાન થાય છે તેને કહી આપે છે કે, "એ મોઅતબર (વિશ્વસનીય) નથી ! તેની રિવાયતો ઝઈફ છે." એટલા માટે હું સાવધાન કરું છું કે શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہથી મોલ્વી ઈસ્હાક સાહબે 'મિઅત મસાઈલ'માં અમુક ઠેકાણે સનદ પકડી છે. અને કિતાબ 'ખઝાનતુર્રિવાયાત'થી પણ તેમણે સનદ પકડી છે. 'મિઅત મસાઈલ'ના મસ્અલા ૮૩ અને 'મસાઈલે અર્બઐન'ના મસ્અલા ૫૩ તથા ૨૩ અને 'દસ્તૂરુલ કુઝાત'થી પણ સનદ પકડી છે તેમજ 'મિઅત મસાઈલ'ના ૧૩મા મસ્અલાથી સનદ પકડી. વળી **આ કિતાબો તેમના પૂર્વજ (દેવબંદીઓ જેમને માને છે તે) બુઝુર્ગોની સર્વમાન્ય સનદ પાત્ર કિતાબો છે.**

સારાંશ કે આ વિશ્વસનીય કિતાબોથી જણાયું કે **જે લોકો કાંઈ ખૈર ખૈરાત તથા ફાતિહા, દુઆ, દુરૂદ વગેરે નથી કરતા તેમના ઘરેથી મુડદાંની રૂહો નિરાશ થઈને તેમને ભલુબુરુ કહેતી બદ્દુઆ આપતી પાછી જાય છે** આ કારણે પૂર્વજોમાં દસ્તૂર હતો કે જુમેરાતે સદકા આપતા હતા, પરંતુ અંતિમ સદીના અમુક (વહાબી, દેવબંદી) આલિમોએ તેને ત્યજી દીધું.

## દેવબંદીઓનો વાંધો અને તેનો રદિયો

દેવબંદી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના અનુયાયીઓ કહે છે, **જો તે મૈયત જન્નતી છે તો તેની રૂહ જન્નત છોડીને કઈ રીતે આવે છે ? અને જો કાફિર દોઝખી છે તો દોઝખથી છૂટતી નથી.**

અમે કહીએ છીએ કે આ કાલ્પનિક વાંધો સદંતર પાયાહિન છે. એ લોકો પોતાના પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના દાદાપીર જનાબ **શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ સાહબની તફસીર (તફસીરે અઝીઝી) કેમ નથી જોતા ? સૂરએ જિન્નમાં આયત من القاسطونના હેઠળ છે કે જે ચાર પ્રકાર જિન્નાતના લખ્યા છે એમાં ચોથા પ્રકારના વિશે લખ્યું છે કે તે **જિન્નાતો અમુક ગંદી (ખબીષ) રૂહોને પોતાની સાથે લઈને પોતાના રંગે રંગી લે છે, તે રૂહો પણ લોકોને સતાવતી ફરે છે.** *(જુઓ પેજ-૧૮૫)* તેમજ સૂરએ અબસ આયત ثم اماته فاقبره હેઠળ પણ એ જ દર્શાવ્યું છે. *(જુઓ પેજ-૫૮)*

જુઓ ! એ લોકો (દેવબંદીઓ) રૂહોની હરકતને અશક્ય સમજતા હતા પણ તેમની જ સર્વ માન્ય કિતાબ "તફસીરે અઝીઝી"માં શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہના લખાણથી રૂહની હરકત તથા ત્યાં સુધી કે ગંદી રૂહોની સૈર પણ સાબિત થઈ ! તેમના વાંધાઓના રદિયા માટે કેવળ આ જ દલીલ પૂરતી છે.

## દેવબંદી અકીદાનું પોલુ પાસુ !

આમ તો રૂહોના આવવાનો ઈન્કાર આ દેવબંદીઓ કરે છે, તો બીજી બાજુ પોતાના ઘરના બુઝુર્ગોની શાનથી લોકોને આંજી દેવા આવા કાલ્પનિક કિસ્સા પણ તેઓ ઘડી ઘડીને રજૂ કરે છે. જેમ કે કિતાબ "મલ્ફૂઝાતે મૌલાના થાનવી"માં તેમની રજૂ કરેલી એક તેમના કહેવા પ્રમાણે સત્ય ઘટના વાંચો :-

"મૌલાના ઈસ્માઈલ દહેલ્વીના કાફલામાં બેદારબખ્ત નામનો દેવબંદવાસી શહીદ થઈ ગયો. તેના પિતા હશ્મતઅલીખાન દેવબંદમાં પોતાના ઘરે તહજ્જુદ વખતે ઉઠયા તો ઘોડાના ડાબલાનો અવાજ (તબડાક તબડાક) આવ્યો. દરવાજો ખોલીને જોયું તો દંગ રહી ગયા કે શહીદ થયેલો પુત્ર કેવી રીતે આવી ગયો ! તેણે કહ્યું, જલ્દી ચટાઈ બીછાવો ! મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી તથા સૈયદ અહમદ રાયબરેલ્વી આવી રહ્યા છે. એવામાં સૈયદ અહમદ તથા ઈસ્માઈલ દહેલ્વી અન્ય સાથીઓ સાથે આવી પહોંચ્યા. પિતાએ પુત્રનો ઘા ખોલાવીને જોયું કે ક્યાં વાગ્યું છે, પછી બધા જતા રહ્યા.

સવારમાં હશ્મત અલીખાન દેવબંદીને શંકા ગઈ કે ક્યાંક આ ખ્વાબ તો ન હતો ? પણ ચટાઈને ધ્યાનપૂર્વક જોતાં લોહીનાં ટીપાં મૌજૂદ હતાં ! જે પુત્રના ચહેરેથી ટપક્યાં હતાં !" *(મલ્ફૂઝાતે મૌલાના થાનવી, પેજ–૪૦૯, બહવાલા ઝલઝલા)*

મૌલ્વી થાનવીના રજૂ કરેલા આ કિસ્સાનો શું દેવબંદીઓ ઈન્કાર કરે છે ? **તેમના વહાલાઓની રૂહો કઈ રીતે આવી ? અને એટલું જ નહીં શરીર સાથે આવી અને ઘરવાળા સાથે વાતચીત પણ કરી ? તેમના વહાલાઓની રૂહોનો આ તસર્રુફ શિર્ક ન કહેવાયો !** અને આપણાં સગાં વહાલાંની રૂહો આવી નથી શકતી ! આ છે દેવબંદી જૂઠાઓનો ધોકાબાઝોનો અક઼ીદો ! આ પ્રપંચીઓની અસલિયત જાણવા **"ઝલઝલા"** કિતાબ મંગાવો. (જે દયાદરાના સરનામે મળશે.)

## મો'મિનની રૂહોની સૈર હદીષની રોશનીમાં

હવે આવો મૂળ વિષય પર કે રૂહોનું હલન ચલન થાય છે તેની સાબિતીમાં 'હદીષે મેઅરાજ' જુઓ કે, **"સર્વ અંબિયા عَلَيْهِمُ السَّلَامُની રૂહો બયતુલ મુક઼દ્દસમાં ભેગી થઈ."** અને ઉપર વર્ણન થયેલ શરહે મિશ્કાત, ખઝાનતુર્રિવાયાત તથા દસ્તૂરુલ કુઝાત વગેરેથી એ રિવાયતો રજૂ કરી કે **રૂહો જુમેરાતે આપણા ઘરે આવે છે.** એ જ પ્રમાણે "લુમ્અએ ષાલિષા"માં تنزل الملئكة والروح નું વર્ણન અને આ રિવાયત આવશે કે **શબે બરાત તથા ઈદના રોજ રૂહો આવે છે.** ઈન્શાઅલ્લાહ !

હવે એક બે રિવાયતો અન્ય પણ રિવાયત કરવામાં આવે છે. હઝરત શૈખુશ્શોયૂખ શહાબુદ્દીન સુહરવર્દી رحمۃ اللہ علیہએ કિતાબ અવારિફના છપ્પનમા પ્રકરણમાં હદીષ નક઼લ કરી છે : "સઅદ ઈબ્ને મુસૈયિબે સલ્માનથી રિવાયત કરી કે, **મો'મિનોની રૂહો જમીનમાં બરઝખમાં જ્યાં ઈચ્છે ત્યાં જાય છે,** આસ્માન તથા જમીન વચ્ચે ત્યાં સુધી કે પોતાના શરીરમાં પરત થાય."

અને કાઝી ષનાઉલ્લાહ પાનીપતીએ 'તઝકેરતુલ મૌતા વલ કુબૂર'માં લખ્યું છે : ઈબ્ને અબી દુન્યાએ માલિકથી રિવાયત કર્યું કે, **મો'મિનોની રૂહો જ્યાં ઈચ્છે દરેક જગ્યાએ જાય છે."**

અને અલ્લાહની રાહમાં જાન આપનાર શહીદોના માટે લખ્યું છે : અલ્લાહ તઆલા શહીદો બાબતે ફર્માવે છે કે بل احياء عند ربهم મુરાદ એ છે કે હક઼ક઼ તઆલા શહીદોની રૂહોને શરીરની જેમ શક્તિ આપે છે અને **જ્યાં ઈચ્છે ત્યાં તેમની રૂહો સૈર કરે છે** અને આ હુકમ શહીદો માટે ખાસ નથી, અંબિયા તથા સિદ્દીક઼ો શહીદોથી પણ અફઝલ છે, અને અવલિયાએ કિરામ પણ શહીદોના હુકમમાં છે કે તેઓ પોતાના નફ્સ સાથે જેહાદ કરે છે કે જે જેહાદે અકબર છે. જેમ કે હદીષમાં એક જંગથી પરત થતાં હુઝૂરે ફર્માવ્યું, "આપણે નાના જેહાદથી મોટા જેહાદ તરફ પાછા ફર્યા." આ હદીષથી એ જ નિર્દેશ છે કે ઔલિયાએ કિરામ પણ જેહાદ કરનારા છે અને એટલા માટે અલ્લાહના વલીઓએ ફર્માવ્યું છે કે અમારી રૂહો અમારા શરીરની જેમ છે અને અમારા શરીરો અમારી રૂહોની જેમ છે. એટલે કે અમારી રૂહો શરીરનું કામ કરે છે અને કદી કદી અમારાં શરીરો અત્યંત પાકીઝગી (લતાફત)ના કારણે રૂહોની જેમ થઈ જાય છે. ઉલ્મા દર્શાવે છે કે રસૂલે ખુદા ﷺને સાયો ન હતો. **અંબિયા અવલિયાની રૂહો જમીન, આસ્માન, જન્નતમાં જ્યાં ઈચ્છે ત્યાં જાય છે અને સગાં તથા ચાહકોને દુનિયા તથા આખેરતમાં મદદ કરે છે અને દુશ્મનોને હલાક કરે છે......"** *(તઝકેરુલ મૌતા વલ કુબૂર, અઝ : કાઝી ષનાઉલ્લાહ પાનીપતી)*

## દેવબંદી 'અહલે સુન્નત' હરગિઝ નથી !

આ રિવાયતોથી રૂહોનું દુનિયામાં સૈર કરવું પણ સાબિત થયું અને **આ જ મઝહબ "અહલે સુન્નત વ જમાઅત"નો છે.** ઈમામ અબ્દુલ્લાહ યાફઈ યમની قدس سرہ "રૌઝતુર્રિયાહીન"ના અંત ભાંગમાં લખે છે : "અહલે સુન્નત વ જમાઅતનો મઝહબ એ છે કે મુડદાંઓની રૂહો જ્યારે અલ્લાહ તઆલા ચાહે છે તો અમુક સમયે ઈલ્લયીન અથવા સિજ્જિયિનથી

પોતાનાં શરીરોમાં આવે છે જે કબરોમાં છે, **ખાસ કરીને જુમ્આની રાત્રે તથા જુમેરાતના રોજ આવે છે**, બેસે છે, વાતો કરે છે........''
*(રૌઝતુર્રિયાહીન)*

અને ''ઈશ્બાહ વન્નઝાઈર''ના અહકામુલ જુમ્આમાં લખ્યું છે : જુમ્આના દિવસે રૂહો ભેગી થાય છે અને કૃબ્રોની ઝિયારત કરવામાં આવે છે.

સારાંશ કે કૃબ્રો સુધી રૂહોનું આવવું જુમ્આની રાત્રે તથા દિવસે આ અહલે સુન્નતના બુઝુર્ગોની વિશ્વસનીય કિતાબોથી સાબિત થયું અને કૃબ્રોથી પોતાનાં ઘરોએ આવવું તે ''ખઝાનતુર્રિવાયાત''થી અમે આગળ વર્ણન કરી ચૂક્યા.

આ રિવાયતો મુજબ પ્રથમ સદીના અંત અને બીજી સદીના પ્રારંભમાં એક અજીબ કિસ્સો થઈ ગયો તે પણ જોઈ લઈએ :–

ઈમામ અબૂ મુહમ્મદ અબ્દુલ્લાહ યાફઈ યમની رحمۃ اللہ علیہ 'રૌઝતુર્રિયાહીન'માં લખે છે : કેટલાક સાલેહીનથી રિવાયત છે, તે ફર્માવે છે, મારો પુત્ર શહીદ થઈ ગયો હતો. મેં કદી તેને ખ્વાબમાં જોયો ન હતો તે દિવસ સિવાય કે જ્યારે હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہનો ઈન્તેકાલ થઈ ગયો. મેં કહ્યું, બેટા ! તું મૃત્યુ નથી પામ્યો ? કહ્યું, હું શહીદ છું, જીવંત છું, અલ્લાહ પાસેથી મને રોજી મળે છે. મેં કહ્યું, તો પછી તું શા માટે આવ્યો ? કહ્યું, આસ્માનમાં પોકાર કરવામાં આવ્યો હતો કે, ખબરદાર ! કોઈ નબી તથા સિદ્દીક તથા શહીદ બાકી ન રહે, સૌ ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝના જનાઝા પર નમાઝ પઢે. જેથી હું તેમની નમાઝ પઢવા આવ્યો હતો, તો તમને સલામ કરવા પણ હાજર થઈ ગયો.'' *(રૌઝતુર્રિયાહીન)*

અલ્હમ્દુલિલ્લાહ ! **અહલે સુન્નતના મહાન બુઝુર્ગોની કિતાબોથી સાબિત થઈ ગયું કે મુડદાંની રૂહો ઘરે આવે છે, અને આ જ ''અહલે સુન્ન્ત વ જમાઅત''ના બુઝુર્ગોનો અકૃીદો છે જે એમની કિતાબોમાં નકલ થયેલો છે**, જ્યારે કે **વહાબી દેવબંદીઓ તેનો સદંતર ઈન્કાર કરે છે** જેથી તેઓ ''અહલે સુન્નત જમાઅત'' પર છે જ નથી એવું દર્શાવે છે.

## દેવબંદીની ડબલ પોલીસીનો નઝારો

ઘણી જ નાઈન્સાફીની વાત છે કે અન્ય બુઝુર્ગો માટે કે અન્ય રૂહોના માટે સૈરનો ઈન્કાર કરનારા આ દેવબંદી વહાબીઓ પોતાના ઘરના બુઝુર્ગો માટે કેવું કેવું માને છે તે જુઓ !

વહાબી દેવબંદી પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી ''સિરાતે મુસ્તકીમ'' કિતાબના છેવટમાં પોતાના પીરો મુર્શિદની તારીફમાં લખે છે કે, ''હઝરત ગૌષુષ્ષકલૈન તથા હઝરત ખ્વાજા બહાઉદ્દીન નક્શબંદની રૂહો તેમના પ્રતિ ધ્યાનિત થઈ અને એક મહીના સુધી તેમના વચ્ચે ઝપાઝપી તથા લડાઈ રહી. એક કહેતી હતી કે હું સૈયદ (અહમદ રાયબરેલ્વી) સાહબને મારા તરફ લઈશ તો બીજી કહેતી હતી કે હું મારા તરફ લઈશ. છેવટે બંનેવ પાક રૂહોએ આપસમાં સમાધાન કરીને એ વાત નક્કી કરી કે સારું સૈયદ સાહબમાં મારો તમારો બંનેનો ભાગ રહેશે. ત્યારે એક દિવસ બંનેવ રૂહો તેમના પર જાહેર થઈ અને મજબૂત ધ્યાન એક પહોર સુધી આપ્યું એટલીવારમાં બંને તરીકાઓની નિસ્બત હઝરત (સૈયદ અહમદ રાયબરેલ્વી)ને નસીબ થઈ ગઈ.....''
*(સિરાતે મુસ્તકીમ, ઈસ્માઈલ દહેલ્વી)*

હવે વિચારો કે ક્યાં ગૌષે આ'ઝમ رضی اللہ عنہનું મઝાર બગદાદશરીફમાં અને ક્યાં ખ્વાજાએ આલીશાન નક્શબંદી رضی اللہ عنہનું મઝાર બુખારામાં ! વળી એમની રૂહો ખબર નહીં ઈલ્લીયીનમાં કયા તબકા અને જન્નતના કયા દરજામાં હશે ?! વળી એ બંનેવના મુરીદોમાં સેંકડો અવલિયાએ કામિલીન હશે, બલ્કે હજારો લાખો રબના મકૃબૂલ બંદાઓ હશે, તેના પર તેમની રૂહો ન તૃપ્ત થઈ તો આ દેવબંદી પેશવાના મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના પીર સૈયદ અહમદ રાયબરેલ્વીની તેમને ખ્વાહિશ જાગી કે સૈયદ અહમદને પોતાની મુરીદીની નિસ્બતમાં લઈએ અને એ જ આરઝૂ સાથે ઈલ્લીયીનથી કે જન્નતથી

હિંદુસ્તાનમાં તે રૂહો તવજ્જોહ આપવા ઉતરી આવી !

અફસોસ ! વહાબી દેવબંદીઓ આ વાતને તો માન્ય રાખે છે, **તેના લખનારા પર કોઈ શિર્ક બિદઅતનો ફત્વો નથી લાગતો !** અહીં ગૌષ પાક તથા શહનશાહે નક્શબંદની રૂહો વિશે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીને ખબર થઈ ગઈ તે પણ માની લીધું અને રૂહોની હેરફેર તથા ઝપાઝપી કરવું સુદ્ધાં માની લીધું છતાં તેમનો મઝહબ સલામત ! અને **અન્ય લોકો નબી વલી માટે આવી વાતો માને તો મુશ્રિક થઈ જાય અને ત્યાં શિર્કના ફત્વા લાગે અને શિર્ક તથા કુફ્રમાં અબૂ જહલના બરાબર તેને ઠરાવી દે !** તમે ખૂદ વિચારો કે આ કેવો જૂઠો ધર્મ દેવબંદીઓનો છે કે જેનો કોઈ પાયો જ નથી !

## ઈદો, શબે બરાત તથા મુહર્રમમાં રૂહોનું આવવું

'ખઝાનતુર્રિવાયાત'માં છે : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالیٰ عنہماથી રિવાયત છે કે **જ્યારે ઈદનો, જુમ્આનો દિવસ કે મુહર્રમમાં આશૂરાનો દિવસ કે શબે બરાતની રાત હોય છે ત્યારે મુડદાંની રૂહો આવીને પોતાના ઘરોના દરવાજાઓ પર ઉભી રહે છે અને કહે છે કે, છે કોઈ અમારું જે અમને યાદ કરે અને અમારા પર દયા કરે !** અમારી ગરીબીને યાદ કરે ! તમે અમારાં ઘરોમાં રહો છો, અમારા માલથી તમે એશ આરામ કરો છો, તમે ઉઘાડાં વિશાળ મકાનમાં બેઠા છો, અમે સાંકડી ક઼બરોમાં પડેલાં છીએ, અમારાં યતીમ બાળકોને તમે ઝલીલ કરી રાખ્યાં છે અને અમારી પત્નીઓ સાથે તમે નિકાહ કરી લીધા. હવે તમારામાં કોઈ છે જે ફિકર કરે અને અમારી ગરીબી તથા મોહતાજી પ્રતિ ધ્યાન કરે, અમારા આમાલનામાં બંધ થઈ ચૂક્યાં અને તમારાં આમાલનામાં ખુલ્લાં છે....."

અને યાદ રાખશો જેવી રીતે આ રિવાયતો 'ખઝાનતુર્રિવાયાત''માં અને 'કન્ઝુલ ઈબાદ'માં છે એવી જ રીતે 'દક઼ાઈક઼ુલ અખ્બાર'માં પણ છે અને તેમાં ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ પ્રતિ સંબંધિત કરીને છે. સહીહ મુસ્લિમની હદીષ છે : ولد صالح يدعوله ''બાપને નેક ઔલાદની દુઆથી લાભ થાય છે.'' એમાં આપણને નિર્દેશ છે કે તમે જેમની ઔલાદ છો તેમનાં હક્કમાં દુઆ કરો, ફાતેહા દુરૂદ પઢો.

બીજી હદીષ બયહકીની છે : **મૈયત ક઼બ્રમાં એવું છે જાણે કોઈ ડૂબતો માણસ ફરિયાદ કરતો હોય,** રાહ જુએ છે કે દુઆ પહોંચે તેને બાપની તરફથી અથવા માં અથવા ભાઈ કે દોસ્તના તરફથી. પછી જ્યારે તેને કોઈની દુઆ પહોંચી જાય છે તો તે તેને દુનિયા અને તેમાં જે કાંઈ છે તે સર્વથી તેને વહાલી લાગે છે.''

આ હદીષ માં બાપને નિર્દેશ કરે છે કે તેઓ પોતાની ઔલાદને ભલી દુઆ સાથે યાદ કરે, ભાઈ ભાઈને તથા દોસ્ત દોસ્તને યાદ રાખે. એટલા માટે **આ હદીષમાં આદેશ આપવામાં આવ્યો કે મુડદુ તેના તરફ આશા રાખીને બેઠેલું હોય છે.**

આજે આપણે દુનિયાની ભાગદોડમાં મુડદાંઓને ભૂલી ગયા, તેમનાં એહસાનોને ભૂલી ગયા અને જુમેરાત જુમ્આના ફાતેહા, દુરૂદ કરવાનો ખયાલ પણ કેટલાને તો આવતો નથી. કેટલા તો ઈદો, શબે બરાત, આશૂરા વગેરે દિવસોએ પણ અય્યાશીમાં કે દુનિયાના જમેલામાં ડૂબેલા રહી ન પોતાના માટે દુઆ કરે છે ન મુડદાં માટે કાંઈ કરે છે. તો ઉપરોક્ત હદીષો તથા બુઝુર્ગો તેમજ ઉલમાના કથનોથી બોધ લઈ મુડદાંને હમેશાં શક્ય તે પઢીને કે દુઆ ફાતિહા, સદક઼ા, ખયરાત કરીને યાદ કરતા રહેવું જોઈએ.

કિતાબ **'હિદાયા'**માં છે : બેશક ! ઈન્સાનને માટે દુરુસ્ત છે એ વાત કે કરી આપે પોતાના નેક કામનો સવાબ અન્યને ચાહે નમાઝ હોય કે રોઝા હોય કે સદક઼ા અથવા અન્ય કાંઈ. આ અહલે સુન્નત વ જમાઅતનો મઝહબ છે.

**શર્હે અકાઈદે નફસી**માં છે : જો જીવતો માણસ દુઆ કરે મૈયતના માટે અથવા તેના તરફથી સદકો આપે તો તે મૈયતને ફાયદો પહોંચે છે. આ મસ્અલામાં

બિદઅતી મોઅતઝલી ફિર્કાવાળા જ વાંધો કરે છે.

## એક ઈબ્રતનાક કિસ્સો

**ફકીહ અબુલ લયૈ સમરકંદી** જેઓ ચાર વાસ્તાથી ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہના શાર્ગિદ છે, **લાખ હદીષો તેમને મોઢે યાદ હતી.** તે પોતાની કિતાબ તમ્બીહમાં બાબે ફઝ્લે જુમ્આમાં લખે છે જેનો ટૂંકસાર જુઓ :–

લખે છે કે તેમણે તેમના પિતાથી સાંભળ્યું, તેમને કિસ્સો મઝી સાલેહનો પહોંચ્યો કે તે એક મકબરા પર રોકાયા. ત્યાં ઊંઘ આવી તો ખ્વાબમાં જોયું કે સર્વ કબ્રવાળાઓ ગોળ કુંડાળાં વાળી બેઠા છે. એક યુવાનને જોયો જેનાં કપડાં મેલાં અને તે ઉદાસ હતો. ઘણા થાળો કપડુ ઢાંકેલા આવ્યા તેમાંથી દરેક પોતાનો થાળ લેતો ચાલ્યો છેવટે તે યુવાન રહી ગયો. તે સાલેહ મઝીએ તેને પૂછયું, તું કેમ ઉદાસ છે ? તેણે કહ્યું કે દરેકનાં સગાં વહાલાંએ સદકા વગેરે કર્યા તે તોહફા દરેકને પહોંચ્યા પણ મારું કોઈ નથી ! હું સિંધનો રહેવાસી છું. મારી માંને લઈને હજ્જમાં જતો હતો તો બસરા પાસે મૃત્યુ પામ્યો. મારી માંએ બીજા નિકાહ કરી લીધા અને દુનિયામાં ખોવાઈ ગઈ અને મને ભૂલી ગઈ. તે સાલેહ મઝીએ તે યુવાન પાસેથી તેની માંનું સરનામુ લીધું અને ત્યાં જઈને તેના પુત્રની હકીકત કહી તો તેણી રડવા લાગી અને તેણે હજાર દિરહમ ખૈરાત કરાવ્યા. ફરી આપ ત્યાં પહોંચ્યા તો ખ્વાબમાં ફરી તે દશ્ય જોયું જે ઉપર વર્ણવ્યું અને તે યુવાન સફેદ કપડામાં ખુશખુશાલ હતો અને કહેવા લાગ્યો, હે સાલેહ મઝી ! અલ્લાહ તારું ભલું કરે મને હદિયો તોહફો પહોંચી ગયો !"

હે ભાઈઓ ! જો આવા ઈમામનો નકલ કરેલો કિસ્સો દિલને ખૌફે ખુદાથી ન હચમચાવી દે તો અતિ આશ્ચર્યની વાત છે. આગલા મુસલમાનો જુમેરાતનો એટલો ખયાલ રાખતા હતા કે બે આનાનો મજૂર જેની પાસે કાંઈ ન હોય તે પણ જે શેર લોટની રોટી બાળકો માટે બનાવતો તેના પર ફાતેહા પઢી મુડદાંને સવાબ પહોંચાડતો, આજે લાખોમાં રમનારાઓ મુડદા માંબાપને ભૂલી જાય છે !

હાય અફસોસ ! જીવતા માણસોને તોહફા હદિયા મોકલે, જ્યારે કે જીવતા માણસો ખૂદ પણ મેળવી શકે છે અને મૈયતને જે બિલકુલ આજિઝ લાચાર છે, મજબૂર છે તેમને જરાય યાદ નથી કરતા ! કેટલા પ્રમાણમાં ગફલતની વાત છે, અને જે કોઈ આલિમ મુલ્લા થઈને આ કામથી રોકે તે કેટલો જાલિમ છે !

યા અલ્લાહ ! પહેલાના સમયના આલિમો ફાઝિલો હતા કે ખયરાતની તથા નેક કામોની પ્રતિ લોકોને આકર્ષતા હતા. "ખઝાનતુર્રિવાયાત"ના લેખક એ પોતાના સમયના હિંદુસ્તાનના કાઝી, સેંકડો વરસો પહેલાંના આલિમ, ફકીહ થઈ ગયા, તે પોતાની કિતાબમાં લખે છે કે **તહેવારોમાં રૂહો આવે છે** જેમ કે ઉપર દર્શાવ્યું. આ અહલે સુન્નત વ જમાઅતના સેંકડો વરસો પહેલાંના બુઝુર્ગો હતા **જ્યારે આજે એમનાથી ઊંધા અને ઉલ્ટા અકીદાવાળા આ વહાબી દેવબંદી મોલ્વીઓ પોતાને "અહલે સુન્નત વ જમાઅત" કહી લોકોને ધોકો આપી રહ્યા છે** અને અહલે સુન્નતના બુઝુર્ગો વિરુદ્ધના સર્વ અકીદા ફેલાવી મુસલમાનોને ગુમરાહ કરી રહ્યા છે તો એમના ધોકાથી સૌએ બચીને રહેવું જોઈએ.

*–(અન્વારે સાતિઆ દર રદ્દે બરાહીને કાતિઆના આધારે)*


**દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદમાં**

**દાખલા માટેની જાહેરાત**

દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ,
જિ. ભરૂચ (ઠે. ચાર રસ્તા, બસ સ્ટેન્ડ પાસે)

**હિફ્ઝ કલાસ** તથા **આલિમ કલાસ**માં દાખલ થવા ઈચ્છનારે પોતાના વાલી સાથે આવવું તથા વાલીનું ID પ્રુફ તથા તાલિબે ઈલ્મના બે ફોટા, જન્મના દાખલા સાથે ૧૦ શવ્વાલે હિ.સ. ૧૪૩૦ના રોજ અચૂક પધારવું. **યોગ્ય ટેસ્ટ પછી જ દાખલો થશે** અને **નાઝરાવાળા બાળકોને લાવવા નહીં.** વધુ માટે સંપર્ક કરો :–

ફોન : (૦૨૬૪૧) ૨૪૬૧૯૨, મો. ૯૪૨૬૮૪૦૨૭૭




ઉલમ બરકાતે

# નબીપાક ﷺ ના શરીરને પડછાયો ન હતો

અઝ : રઈસુલ કલમ હઝરત અલ્લામા
અર્શદુલ કાદરી જમશેદપૂરી رحمۃ اللہ علیہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
દયાદરવી–*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**નબી ﷺ ના શરીર મુબારકને સાયો હતો એવું કહેનારી દલીલોનું પરીક્ષાત્મક વિશ્લેષણ**

સરકારે રિસાલત ﷺના જિસ્મે અન્વાર (શરીર મુબારક)ને સાયો ન હોવાના ઈન્કારમાં નકારનારાઓ તરફથી જે દલીલ ખૂબ જ પુરજોશમાં રજૂ કરવામાં આવે છે તે સરકાર ﷺની "બશરિયત" (માનવપણુ) છે.

મુન્કિરો (નકારનારાઓ)ની વિચારશ્રેણી તથા તેમની દલીલ પધ્ધતિની દિશા સમજવા માટે એક પુરજોશ મેમ્બરની દલીલ જોઈ લો :

"જે શખ્સ એવું કહે છે કે સાયો કષીફ (ગાઢ ચીજ)નો હોય છે અને આપની જાત માથાથી પગો સુધી નૂર છે, તે એવું ભૂલી જાય છે કે હુઝૂરે તાઈફમાં પથ્થર અને ગઝવાએ ઓહદમાં ઝખ્મ ખાધા છે.

દીવાની નીકળતી રોશની અને ચાંદનીથી પ્રકાશિત વાતાવરણમાં પથ્થર ફેંકો, શું નૂર (પ્રકાશ)ના શરીરથી લોહી નીકળવા લાગશે ? જાહેર છે કે કષીફ (ગાઢ) ચીજનો ઘા ગાઢ ચીજ પર પડે છે, ન કે લતીફ (બારીક) ચીજ પર." *(માહનામા "તજલ્લી" દેવબંદ, હાસિલે મુતાલિઆ નંબર, પેજ નં. ૩૯)*

જરા ઊંડાણમાં ઉતરીને વિચારો કે **રૂહાની શક્તિ અને મોજિઝાઓના ઈન્કારમાં યૂરોપના ભૌતિકતાવાદી અધર્મીઓ જે દિશાએ વિચારે છે, તેમાં અને આ વિચાર પધ્ધતિમાં શું ફરક છે ?**

પ્રાકૃતિક કાનૂન તેમને ત્યાં પણ દિમાગના સનમખાનાની સૌથી મોટી મૂર્તિ છે. અને આ ઈન્કાર કરનારાઓએ પણ એ જ કાનૂનને પોતાની વિચાર દૃષ્ટિનું કેન્દ્ર બનાવ્યો છે. ઈમાન તથા યકીનનો સંબંધ તૂટી શકે છે, પ્રાકૃતિક કાનૂન ભલા કઈ રીતે તૂટી શકે ?! ઈતિહાસ થકી એ વાત માલૂમ થઈ કે હુઝૂરે તાઈફમાં પથ્થર તથા ગઝવાએ ઓહદમાં ઝખ્મ ખાધા છે. પ્રાકૃતિક કાનૂને એ બતાવ્યું કે ગાઢ ચીજનો ઘા ગાઢ ચીજ પર જ પડે છે, ન કે લતીફ (બારીક) ચીજ પર, એટલા માટે મઆઝલ્લાહ ! હુઝૂરના શરીરનું કષીફ (ગાઢ) હોવું જરૂરી છે, અને જ્યારે તે કષીફ (ગાઢ) છે તો એનો સાયો પણ અનિવાર્ય છે.

**દેવબંદી વિચારશ્રેણીનો ભયાનક અંજામ !**

પ્રાકૃતિક કાનૂનના પાયા હેઠળ સાયો ન હોવાના ઈન્કારમાં વિચારવાનો આ અંદાજ જો સત્યના પલ્લે ઠરાવવામાં આવે તો હુઝૂર ﷺનો સાયો ન હોવાનો અકીદો જ નહીં, અંબિયાના સર્વ મોજિઝાઓથી ઈન્કાર કરી શકાય છે !

દા.ત. હઝરત મૂસા علیہ السلامના યદે બયઝા (ચમકતો હાથ) થકી પ્રકાશ ફૂટવાનો અકીદો કુર્આનથી સાબિત છે, ત્યાં પણ આ જ રીતનો સવાલ ઉઠાવી શકાય છે કે સામાન્ય પ્રાકૃતિક કાનૂનના પ્રમાણે પ્રકાશ ક્યાં તો દીવાથી ફૂટે છે અથવા કોઈ લતીફ ચીજથી.

એ જ પ્રમાણે જે શખ્સ હઝરત ઈસા علیہ السلام ના વિશે એવો અકીદો ધરાવે છે કે તે મુર્દાને જીવતુ કરી આપ્યા કરતા હતા, ત્યાં પણ બૌધ્ધિક વાંધો ખડો કરી શકાય છે કે સૂકાય ગયેલી નસો અને ઠંડા પડી ગયેલા દિલ અને ઠંડી લાશમાં જિંદગીનું પરત આવવું સામાન્ય નિયમ પ્રમાણે તથા પ્રાકૃતિક રીતે શક્ય નથી, એટલા માટે મઆઝલ્લાહ ! આ અકીદો ધડમૂળથી વાસ્તવિક્તાની વિરૂધ્ધ છે.

હઝરત દાઊદ علیہ السلامના બારામાં આ અકીદો ઈસ્લામમાં સાબિત થયેલો છે કે તેમની મુઠ્ઠીમાં લોખંડ મીણની જેમ પીગળી જતુ હતું. તો અહીં પણ કાનૂનની દિવાલ આડી કરો કે લોખંડને પીગાળવા માટે જેટલી ગરમીની જરૂરત છે તે કેવળ આગ પહોંચાડી શકે છે. માનવ શરીરમાં એટલી ગરમીનું હોવું પ્રાકૃતિક રીતે અશક્ય છે, એટલા માટે મઆઝલ્લાહ ! આ અકીદો

પણ હકીકતથી વિરૂધ્ધ છે.

એ જ પ્રમાણે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ رحمۃ اللہ علیہના વિશે એ અકીદો સાબિતીનો મોહતાજ નથી કે સળગતા અંગારાઓ તથા ભડક્તા શોલાઓમાં તેમને નાખી દેવામાં આવ્યા, પરંતું આગના સમુદ્રથી તે સંપૂર્ણપણે બચીને નીકળી આવ્યા.

અહીં પણ પ્રાકૃતિક કાનૂનનો સિક્કો ચલાવો કે સળગતા અંગારાઓથી કોઈ માનવ શરીરનું સુરક્ષિત નીકળવું બુધ્ધિ તથા પ્રકૃતિ બંનેની વિરૂધ્ધ છે. એટલા માટે મઆઝલ્લાહ ! આ કિસ્સો પણ કોઈ કાલ્પનિક વાર્તાની જેમ તદ્દન ગલત તથા હકીકતની વિરૂધ્ધ છે.

એટલે સુધી કે ખૂદ સરવરે કાઈનાત ﷺના વિશે હદીષોની કિતાબોમાં આ પ્રકારના અસંખ્ય બનાવો મળે છે કે સરકાર ﷺના ઈશારા પર ઝાડો ઝુમતાં ઝુમતાં જમીનની છાતી ચીરીને પોતાનાં થડોના આધાર પર ચાલતાં ચાલતાં ખિદમતમાં હાજર થતાં અને ઈશારો પામતાં ફરી પોતાની મૂળ હાલતમાં પરત થઈ જતાં હતાં.

અહીં પણ કયાસના ઘોડા દોડાવો કે ઝાડોનું વાત સમજવું, કોઈની તરફ ચાલવુ, પછી પાછા વળવું અને મૂળો છોડી દેવા છતાં હર્યુભર્યુ રહેવું પ્રાકૃતિક કાનૂનની વિરૂધ્ધ છે, એટલા માટે મઆઝલ્લાહ ! આ બનાવ પણ સહીહ નથી.

અને "ઉસ્તુને હન્નાનાનો" બનાવ તો એનાથી પણ અધિક આશ્ચર્યકારક છે કે એક સૂકી લાકડી સાથે હુઝૂર ﷺનું શરીર મુબારક સ્પર્શી ગયું તો ન કેવળ એ કે એમાં જિંદગીની સમજ પેદા થઈ ગઈ બલ્કે તેનામાં ઈશ્કની તડપ તથા દર્દ જાગી ઉઠયું ! અને દુઃખી માનવોની જેમ રસૂલેપાક ﷺના વિરહમાં ધ્રુસ્કાભેર રડવા લાગી !

અહીં પણ બદમસ્ત બુધ્ધિના માર્ગદર્શન હેઠળ જીભને ટીકા માટે લંબાવો કે પ્રાકૃતિક કાનૂન હેઠળ એક સૂકી લાકડીમાં માનવી જીવનનો ઉદ્ભવ તબદીલ નથી થઈ શક્તો, એટલા માટે મઆઝલ્લાહ ! આ બનાવ પણ ધડમૂળથી બનાવટી તથા પાયાહિત છે.

**આ દેવબંદી વિચારશ્રેણી નાસ્તિકો સમાન છે !**

એ જ પ્રમાણે સરકારે રિસાલત ﷺના પવિત્ર શરીરના વિશે સામાન્યતઃ હદીષોની કિતાબોમાં આ રિવાયત મૌજૂદ છે કે હુઝૂર ﷺના શરીર મુબારક પર માખી બેસતી ન હતી. હુઝૂર ﷺનો પરસેવો મુશ્ક તથા અંબરની જેમ ખુશ્બૂથી સુગંધિત રહેતો હતો, પોતાનાથી ઊંચા માનવોની ભીડમાં પણ હુઝૂર સૌથી ઊંચા દેખાતા હતા. વળી આ જ બશરી શરીરની સાથે હુઝૂર ﷺ શબે મેઅરાજમાં વિશાળ વાતાવરણથી પસાર થયા, આસ્માનો પર ગયા, જન્નતોની સૈર કરી, સિદરતુલ મુન્તહાથી આગળ હિજાબે અઝમત પાર કરીને લા મકાંમાં પહોંચ્યા અને રબના જલ્વાનો માથાની આંખો વડે દીદાર કરીને તારાઓની છાંવમાં ખૈર તથા સલામતી સાથે પરત આવ્યા.

અક્કલના ઘોડા પર સવાર થઈને મઆઝલ્લાહ ! આ સર્વ રિવાયતોનો પણ ઈન્કાર કરી આપો ! એમાંથી કઈ એવી વાત છે કે જે પ્રાકૃતિક કાનૂનના હેઠળ બશર (માનવી)ની સામાન્ય હાલતો સાથે મેળ ખાતી હોય ? શક્ય છે કે એ સર્વ વાતોના બારામાં એવું કહેવામાં આવે કે એ તો અંબિયાના મોજિઝાઓ છે અને મોજિઝા ખુદાના અસીમ કુદરતનું પ્રદર્શન છે એટલા માટે એ બનાવોને સ્વીકારી લેવામાં બૌધ્ધિક તથા પ્રાકૃતિક રીતે અશક્ય નથી.

એ જવાબનું સહીહ હોવુ માન્ય, તો પણ એ પ્રશ્ન કરી શકાય છે કે શું ખુદા તઆલાની વિશાળ કુદરત કેવળ એ જ વાતથી લાચાર છે કે તેના મહબૂબ સરાપા નૂર ﷺના શરીર મુબારકને પડછાયો ન હોય ?!

આ ચર્ચાથી એ વાત સાબિત થઈ ગઈ કે સાયો ન હોવાની સાબિતીમાં જે દલીલો અમે રજૂ કરી છે તેનાથી થોડીવાર માટે નજર હટાવી પણ લઈએ તો પણ કેવળ એ આધાર પર આ અકીદાનો ઈન્કાર નથી કરી શકાતો કે એવું થવું બૌધ્ધિક તથા પ્રાકૃતિક દૃષ્ટિએ અશક્ય છે.

યાદ રાખશો કે મોજિઝાના વર્ણનથી અમારો હેતુ કેવળ એટલું જ સાબિત કરવાનો છે કે જયારે એ બાબતોના બનાવમાં પ્રાકૃતિક કાનૂનની સિસ્ટમ આડ નથી તો શરીર મુબારકને સાયો ન હોવાની ચર્ચામાં પ્રાકૃતિક કાનૂનને ઈન્કારનો પાયો શા માટે બનાવવામાં આવે છે ?!

સારી રીતે સમજી લો કે હુઝૂર ﷺનું માથાથી પગ સુધી નૂર હોવું સાયો ન હોવાની દલીલ નથી, બલ્કે એ

તો સાયો ન હોવાની સ્પષ્ટતા છે. દલીલ તો અસલમાં તે રિવાયતો છે જે હદીષોની કિતાબોમાં તદ્દન એ રીતે નકલ થયેલી છે જેવી રીતે અન્ય મોજિઝાઓની રિવાયતો નકલ કરવામાં આવેલી છે.

**હુઝૂર ﷺ નૂરી બશર હતા, આપણા જેવા નહીં!**

ફિત્નાપરવાર અને બાતિલ ખયાલ દિમાગની એ પણ ખૂબ જ મહાન અતિશયોક્તિ છે કે હુઝૂરેપાક ﷺ ઝખ્મી થયા, શરીર મુબારકથી લોહી વહ્યું, એટલા માટે સાબિત થયું કે મઆઝલ્લાહ ! હુઝૂર ﷺનું શરીર નૂરી ન હતું, ગાઢ (કષીફ) હતું, અને જ્યારે ગાઢ હતું તો તેના પડછાયો પડવું જરૂરી હતું.

સમજમાં એ વાત નથી આવતી કે હુઝૂર ﷺના ઝખ્મી થવામાં અને સાયો ન હોવામાં વિરોધાભાસ શું છે ? એક શરીરથી વિવિધ કૈફિયતોનું જાહેર થવું ક્યારે અશક્ય છે ? દા.ત. સામાન્ય માનવોનું શરીર વિવિધ તત્વોનો સમૂહ છે, અને દરેક તત્વનું ઝહૂર (પ્રદર્શન) એક જ સમયે થતુ રહે છે. તો આગના તત્વની કૈફિયતને જોઈને જો કોઈ પાણીના તત્વની હાજરીનો ઈન્કાર કરે છે તો તેને પાગલપન સિવાય અન્ય શું કહી શકાય છે ?!

સરકારે રિસાલત ﷺ જેવી રીતે પગથી માથા સુધી નૂર હતા તેવી જ રીતે એ અક઼ીદો પણ હક઼ીક઼ત છે કે હુઝૂર "બશર" (માનવ) પણ હતા. અને એ પણ હક઼ીક઼ત છે કે શરીર પાકથી નૂરી તથા બશરી બંને કૈફિયતોનો ઝહૂર થતો રહ્યો.

જ્યારે સરકાર ﷺ ના શરીર મુબારકથી લોહી ટપક્યું, જ્યારે સરકાર ﷺને ખાવા પીવાની ઈચ્છા થઈ, જ્યારે હુઝૂર ﷺ દાંમ્પત્ય જીવનથી નિકટ થયા, જ્યારે મોટી વયે કમજોરી તથા કમશક્તિ લાગુ થઈ અને જ્યારે શરીર મુબારકને બીમારી લાગુ થઈ તે સમયે બશરિયતના ગુણોનો ઝહૂર હતો.

પરંતુ જ્યારે સરકાર ﷺ એ કેટલાયે મહીનાઓ સુધી વિના ઈફ્તાર કર્યે સતત રોઝા રાખ્યા અને કોઈ પ્રકારની શારીરિક કમજોરી ન મેહસૂસ થઈ, જ્યારે સરકાર ﷺ એ અંધારી રાત્રે પોતાના ગામ પરત થતી વેળા એક સહાબીને ખજૂરની ડાળી પોતાના હાથ મુબારકનો સ્પર્શ કરીને અર્પણ કરી અને થોડેક દૂર ચાલ્યા બાદ તે દીવાની જેમ પ્રકાશિત થઈ ગઈ, જ્યારે હિજરતની રાત્રે ઘેરાવ કરેલ ક઼ાતિલોની આંખો તળેથી હુઝૂર ﷺ બહાર નીકળી આવ્યા અને કોઈ તેમને ન જોઈ શક્યો, જ્યારે સરકાર ﷺએ એક હબ્શી ગુલામના કાળા ચહેરાને પોતાની નજરની તજલ્લી વડે ઉજ્જવળ બનાવી દીધો, જ્યારે શરીર મુબારક સાથે હુઝૂર ﷺએ શબે મેઅરાજના મલકૂતે આ'લાની સૈર કરી અને સિદરતુલ મુન્તહાની તે હદથી આગળ નીકળી ગયા જ્યાં ફરિશ્તાઓની પાંખો સળગી જાય છે, જ્યારે હુઝૂર પીઠ પાછળની ચીજોને એ રીતે જોતા જેવી રીતે સામેની ચીજોને કોઈ જુએ છે, તો એ સમયે નૂરાનિયત તથા કુદ્સિયતના ગણોનો ઝહૂર હતો.

ચર્ચાનો સારાંશ એ કે જે ક્ષણોમાં હુઝૂરનો "પયકર" (વજૂદ) બશરી હતું એ જ ક્ષણે હુઝૂર નૂરી પણ હતા. સરકાર ﷺની બંનેવ હૈસિયતોમાં કોઈ બૌધ્ધિક તથા શરઈ રોકથામ નથી. અને જ્યારે શરીર મુબારકની બે હૈસિયતો હતી તો બંને પ્રકારની ખૂબીઓના પ્રદર્શનને જોઈને જેવી રીતે સરકાર ﷺની બશરિયતનો ઈન્કાર ગલત છે, બિલ્કુલ એ જ પ્રમાણે બશરિયતના નઝારા જોઈને સરકાર ﷺની નૂરાનિયતનો ઈન્કાર પણ સહીહ નથી. હક્ક઼ મસ્લક બંને હૈસિયતોનો સંગમ અને બંને હૈસિયતોને સમાવે છે.

## દેવબંદીઓની કિતાબોથી સાબિતી

**હે હઠીલા દેવબંદીઓ ! તમારા વડીલોનું તો માનો !**

*(અઝ : મૌલાના અબ્દુલમુબીન નોઅમાની–મુબારકપુર)*

હુઝૂર જાને નૂર ﷺના શરીર મુબારકને સાયો ન હોવા વિશે ઉપરોક્ત વર્ણનમાં હઝરત અલ્લામા અર્શદુલક઼ાદરી رحمة الله عليه એ જે અક઼લી તથા નક઼લી દલીલો પેશ કરી છે તે એક ઈસ્લામી ચિંતન તથા સહીહુલ ઈમાન શખ્સના માટે સંતોષ અર્પનારી પણ છે અને રૂહને ખુશ કરનારી પણ છે. હુઝૂર સરવરે કાઈનાત રિસાલત મઆબ ﷺની મોજિઝામય ફઝીલત તથા પયગંબરાના કુવ્વત તથા શક્તિનો સ્વીકાર કરી લીધા પછી આ મસ્અલો આપોઆપ જ મોમિનના દિલની ગહરાઈઓમાં સ્થાન પામી લે છે, પર દિમાગો પર શખ્સિયત પરસ્તી તથા ગ્રૂપબંધીનો પૂર્વગ્રહ એવો જામેલો હોય છે કે જ્યાં સુધી તેમની જ જમાઅતના કોઈ આલિમનો ક઼ૌલ નક઼લ કરવામાં ન આવે ત્યાં સુધી

સંતોષ થતો નથી ! જેથી હું એવા જ મુન્કિરોના સંતોષ ખાતર તેમના જ ઘરની અમુક ગવાહીઓ રજૂ કરી રહ્યો છું જેથી જો તેમના દિમાગનો કાંટો ન પણ નીકળી શકે તો પણ કમસેકમ ચિંતન માટે નિમંત્રણ જરૂર થશે.

### દેવબંદીઓના પેશવા મોલ્વી રશીદ અહમદ ગંગોહીનું લખાણ

''હક્ક તઆલા આં જનાબ સલામહૂ અલૈહ રા ફરમૂદ વ બ તવાતૂર ષાબિત શુદ કે આં હઝરતે આલી સાયા ન દાશ્તન્દ વ ઝાહિર અસ્ત કે બજુઝ નૂર હમા ઈજસામ ઝિલ્લ મી દારંદ'' *(પેજ–૮૫,૮૬, ઈમ્દાદુસ્સુલૂક, મઅબૂઆ : બિલાલી દખાની પ્રેસ, સાઢોરા)*

એટલે કે, ''હક્ક તઆલાએ હુઝૂર ﷺને નૂર ફર્માવ્યા. અને એ વાત તવાતૂર (સતત રાવીઓ)થી સાબિત છે કે આં હઝરત ﷺ સાયો ધરાવતા ન હતા. અને જાહેર છે કે નૂરના સિવાય સર્વ શરીરોને સાયો હોય છે.''

### દેવબંદી પેશવા મોલ્વી અશ્રફઅલી થાનવીનું બયાન

''એ જે મશ્હૂર છે કે સાયો ન હતો હુઝૂર ﷺનો તો એ અમુક રિવાયતોથી માલૂમ પડે છે, જો કે તે ઝઈફ છે, પણ ફઝાઈલમાં દલીલને પાત્ર થઈ શકે છે.'' *(મીલાદુન્નબી, ભાગ–૪,અલ્ મુરબ્બઅ ફિઝ્ઝબીઅ, પેજ–૫૭૨)*

બીજી જગ્યાએ ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં આ પ્રમાણે છે :''એ વાત ઘણી મશ્હૂર છે આપણા હુઝૂર ﷺ સરાપા નૂર જ નૂર હતા. કેમ કે પડછાયા માટે ઝુલ્મત (અંધકાર) જરૂરી છે.'' *(શુકુન્નેઅમતિ બિ ઝિક્રિર્રહ્મહ, પેજ–૩૯ બહવાલા, ઝિક્રે જમીલ, અઝ : મૌલાના શફીઅ ઓકાળવી)*

### મુફતીએ દેવબંદ મુફતી અઝીઝુર્રહમાનનો ફત્વો

**સવાલ** : તે હદીષ કઈ છે જેમાં એવું છે કે રસૂલે મકબૂલ ﷺ નો સાયો જમીન પર પડતો ન હતો ?

**જવાબ** : ઈમામ સિયૂતીએ ''ખસાઈસે કુબરા'' માં આ હઝરત ﷺનો સાયો જમીન પર ન પડવાના બારામાં આ હદીષ નકલ કરી છે.

**اَخْرَجَ الْحَكِيْمُ التِّرْمِذِى عَنْ ذَكْوَانَ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّ اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَمْ يَكُنْ يُرٰى لَهٗ ظِلٌّ فِى شَمْسٍ وَّالْقَمَرِ الخ-**

**(અર્થ)** : ''હાકિમ તિર્મિઝીએ ઝકવાનથી રિવાયત કરી કે હુઝૂર ﷺનો સાયો મુબારક ન સૂરજના તડકામાં જોવા મળતો હતો ન ચંદ્રની ચાંદનીમાં.''

અને ''તવારીખે હબીબે ઈલાહ'' માં મુફતી ઈનાયત અહમદ સાહબ લખે છે : ''આપનું બદન નૂર હતું એના કારણે આપનો સાયો (પડછાયો) ન હતો. મોલ્વી હાજી રહ્મતુલ્લાહએ આપનો સાયો ન હોવાનો સરસ મુદ્દો આ કત્આમાં લખ્યો છે :–

**પયગમ્બર મા ન દાશ્ત સાયા**
**ના શક ન દિલ યકીન નિયફતદ**
**યઅની હર કસ કે પયરો ઓસ્ત,**
**પયદાસ્ત કે પા ઝમીં નેફતદ**

*(અઝીઝુલ ફતાવા, ભાગ–૬, પેજ–૨૦૨)*

આશા છે કે હવે દરેક ન્યાયપ્રિય વ્યક્તિ મસ્અલાની સંપૂર્ણ દિશાઓથી વાકેફ થઈ ગયો હશે અને કોઈ મુન્કિરને પણ ઈન્કારની મજાલ થશે નહીં. **وَ اللّٰهُ يَهْدِى اِلٰى سَوَاءِ السَّبِيْلِ**

**એ'તેકાફના ફઝાઈલ**

★ હદીષમાં છે કે : જે શખ્સ અલ્લાહની રઝામંદી માટે એક દિવસનો એતેકાફ કરે તો અલ્લાહ તઆલા તેની (એતેકાફ કરનારની) તથા જહન્નમની વચ્ચે ત્રણ ખાઈઓ આડી કરી દેશે જેનું અંતર આસ્માન તથા જમીનના અંતર જેટલુ હશે. *(દુર્રે મન્થૂર, ભાગ–૧, પેજ–૪૮૬)* ★ તેને હજાર રાતો જાગીને ઈબાદત (શબ બેદારી)નો સવાબ મળશે અને તેની તથા દોઝખ વચ્ચે ૫૦૦ વરસનો ફાસલો થશે. *(તઝકેરતુલ વાએઝીન)* રમઝાનમાં ૧૦ દિવસ એતેકાફ કરે તે એવો છે જેણે બે હજ્જ અને બે ઉમરા કર્યા. *(શોઅબુલ ઈમાન, ભાગ–૩, પેજ–૪૨૫)* ★ હઝરત સૈયેદોના હસન બસરી رضي الله عنه થી નકલ થયેલ છે કે ''મોઅતકિફ'' (એ'તેકાફ કરનાર)ને દરરોજ એક હજ્જનો સવાબ મળે છે. *(દુર્રે મન્થૂર, ભાગ–૧, પેજ–૪૮૬)* ★ **રમઝાનમાં છેલ્લા ૧૦ દિવસ એતેકાફ** કરનારને ૧૦૦૦ સાલની ઈબાદતનો સવાબ મળશે અને કયામતના દિવસે તેને રબ તઆલા અર્શના સાયામાં જગા આપશે. (સુબ્હાનલ્લાહ!) *(તઝકેરતુલ વાએઝીન)*

# રોઝાનું મહત્વ

**● તથા અગત્યના મસાઈલ ●**

✦ રજૂકર્તા ✦

**મૌલાના ઝૈનુલ આબેદીન મિસ્બાહી**

(મુદર્રિસ દારૂલ ઉલૂમ ગૌષે સમદાની, પીપળીયારાજ, વાંકાનેર, જિ. રાજકોટ)

**********************

વ્હાલા દીની ભાઈઓ ! બહેનો ! વર્ષમાં દરેક આકિલ બાલિગ મુસલમાન ઉપર રમઝાન મહીનાનાં રોઝા રાખવા **ફર્ઝ** છે. રોઝા રાખનાર માટે અલ્લાહ તઆલા તરફથી મોટા સવાબ અને બે શુમાર ઈનામની ખુશ ખબરી છે. રોઝા છોડનાર માટે ભયાનક અઝાબ છે. તેનો ઈન્કાર કરવું અથવા એવા શબ્દ બોલવા જેથી રોઝાનું અપમાન થાય દા.ત. એવું બોલવું કે જેના પાસે દાણા ન હોય તે રોઝા રાખે ! આવું બોલનાર **કાફિર** થઈ જાય છે. તે તૌબા કરી કલમો પઢી ફરીથી નિકાહ દોહરાવે એવો હુકમ છે.

નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, **જેણે શરઈ કારણ વગર રમઝાન મહીનાનો એક પણ રોઝો છોડયો પછી તે એક રોઝાના બદલે જિંદગીભર રોઝા રાખે તો પણ રમઝાન મહીનાના એક રોઝાની ફઝીલત સુધી ન પહોંચી શકે.**

બીજી હદીષમાં છે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જો બંદાઓને એ જાણ થઈ જાત કે રમઝાન શું ચીઝ છે, **તો મારી ઉમ્મત તમન્ના કરત કે આખું વર્ષ રમઝાન જ રહે.**

તિબરાનીમાં છે કે રસૂલે પાક ﷺ એ ફર્માવ્યું કે, જે કોઈએ **એક નફલી રોઝો રાખ્યો** અને **તેને જમીનભર સોનુ** આપવામાં આવે તો પણ તેનો સવાબ પૂરો ન થાય.

બયહકીમાં છે કે રસૂલલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, ઈફતારના સમયે રોઝાદારની દુઆ રદ નથી થતી.

## રોઝો ક્યારે તૂટે, ક્યારે નહીં ?!

**(૧)** રોઝાની હાલતમાં ઈન્જેકશન લેવાથી રોઝો નથી તૂટતો. *(ફતાવા ફૈઝુર્રસૂલ)* એવી જ રીતે બીમારને રોઝાની હાલતમાં બોટલ ચઢાવવાથી (ભલે ગ્લૂકોઝની હોય) કે બ્લડ ચેક કરાવવાથી પણ રોઝો નથી તૂટતો. *(મિસ્બાહી, મુબારકપુર)*

**(૨)** ઉલટી થવાથી રોઝો નથી તૂટતો, હા ! ઈરાદાપૂર્વક મોઢું ભરીને ઉલટી કરી તો રોઝો તૂટી જશે અથવા તો ઉલટી થઈ અને જાણી જોઈને તે જ ઉલટી પાછી પેટમાં ઉતારી, પછી ભલે તે થોડી ઉતારી કે વધારે, રોઝો તૂટી જશે. *(બહારે શરીઅત)*

**(૩)** દાંતોથી લોહી નીકળીને ગળામાં ઉતર્યું અને ગળામાં તેના સ્વાદનો એહસાસ થયો પછી ભલે તે લોહી થોડું હોય કે વધારે તેનાથી રોઝો તૂટી જશે. હા, ઓછું લોહી નીકળ્યું કે ગળામાં તેના સ્વાદનો એહસાસ ન થયો તો રોઝો નહીં તૂટે. *(બહારે શરીઅત)*

**(૪)** સૂતી વખતે પણ મોઢામાંથી લોહી નીકળીને ગળામાં ઉતર્યું તેનાથી પણ રોઝો તૂટી જશે, અને આવા રોઝાની કઝા કરવી વાજિબ છે. *(બહારે શરીઅત)*

**(૫)** નમક, મંજન કે બ્રશ કરવું રોઝાની હાલતમાં મકરૂહ છે, તેનું થોડું પણ થૂંક ગળામાં ઉતરશે તો રોઝો તૂટી જશે.

**(૬)** રોઝાની હાલતમાં પણ મિસ્વાક (દાતણ) કરવું સુન્નત છે, ચાહે ઝોહર પહેલાં હોય કે પછી. બલ્કે **મુસલમાનોએ આ પ્યારી સુન્નત તો જરૂર અપનાવવી જ જોઈએ.** કેમ કે મિશ્કાત શરીફમાં છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે, જે નમાઝ મિસ્વાક સાથે પઢવામાં આવે છે તેની ફઝીલત સીત્તેર ગણી વધી જાય છે તે નમાઝ કરતાં કે જેમાં મિસ્વાક ન કરી હોય ! હા, રોઝાની હાલતમાં આ ખ્યાલ રાખવો કે તેના રજકણ કે રેસા કે સ્વાદ ગળામાં ન ઉતરે. *(ફતાવા રઝવિય્યહ)*

**(૭)** ભૂલથી ખાવા પીવાથી રોઝો નથી તૂટતો. હા, રોઝો યાદ હોય અને કોગળા કરતી વખતે ગળામાં પાણી ઉતરી ગયું તો રોઝો તૂટી જશે, તેની કઝા

વાજિબ છે. *(બહારે શરીઅત)*

**(૮)** જે ઔરતને માસિક ચાલુ થઈ જાય તેનો રોઝો તૂટી જશે. તેના માટે ખાવુ પીવુ જાઈઝ છે, પરંતુ છુપી રીતે ખાવુ પીવુ બેહતર છે. *(બહારે શરીઅત)*

**(૯)** જેઓએ સહરી એ સમજીને ખાધી કે હજી સહરીનો ટાઈમ બાકી છે અને હકીકતમાં ટાઈમ પૂરો થઈ ગયો હતો તો આ રોઝો નહીં ચાલે અને તેના બદલામાં કઝા કરવી વાજિબ છે.

**નોંધ** : સહરીનો ટાઈમ પૂરો થતાં જ ખાવા–પીવાથી રોકાઈ જવું વાજિબ છે. બે–ચાર મિનિટ પણ લેટ ન ચાલે. એ માટે બેહતર એ છે કે દરેક મસ્જિદથી ચોક્કસ રીતે દસ મિનિટ પહેલાં એલાન કરવામાં આવે કે, ટાઈમ પૂરો થવામાં દસ મિનિટ બાકી છે અને દસ મિનિટ પછી ટાઈમ પૂરો થવાની જાણ કરી દેવામાં આવે. (આના તરફ ખાસ ધ્યાન દોરવામાં આવે)

**(૧૦)** આંખમાં સુરમો કે દવા લગાડવાથી રોઝો નથી તૂટતો ભલે તેની અસર ગળામાં પહોંચે. *(બહારે શરીઅત)*

**(૧૧)**નાકમાં તેલ દવા નાખવાથી રોઝો તૂટી જશે.

**(૧૨)**કાનમાં તેલ અથવા દવા નાખવાથી રોઝો તૂટી જાય છે અને પાણી કાનમાં આપમેળે જવાથી રોઝો નથી તૂટતો.

**(૧૩)** માખી, ધૂમાડો, રજકણો ગળામાં ઉતરવાથી રોઝો નથી તૂટતો પરંતુ અગરબત્તી કે લોબાનનો ધુમાડો ઈરાદાપૂર્વક નાકેથી ખેંચ્યો તો રોઝો તૂટી જશે.

**(૧૪)** જે ઔરત રમઝાનના દિવસોમાં માસિકથી પાક થઈ ગઈ તેને ઈફતાર સુધી ખાવા પીવા વગેરેથી રોકાઈ જવું વાજિબ છે. એવી જ રીતે જે લોકોને રોઝા રાખવામાં શરઈ મજબૂરી ન હોય તેવા લોકોનો રોઝો કોઈ કારણસર તૂટી ગયો તો એ લોકોને પણ રોઝાની જેમ ખાવા પીવાથી રોકાઈ જવું વાજિબ છે, નહીંતર ગુનેહગાર થશે. એવું ન સમજવું કે રોઝો તૂટી ગયો તો આપણા માટે ખાવુ પીવુ જાઈઝ થઈ ગયું. *(બહારે શરીઅત–૫, ફતાવા રઝવિય્યહ, ભાગ–૪, કઝા તથા કફ્ફારાનું પ્રકરણ, મસ્અલા નં. ૧૮૦)*

**(૧૫)** સહરી વગર રોઝો રાખવું જાઈઝ છે, પરંતુ સહરી કરવી મુસ્તહબ છે.

**(૧૬)** શરઈ કારણ વગર રોઝેદારે કોઈ ચીજ ચાખવી મકરૂહ છે, ભલે પછી થૂંકી નાખે. ખાંડ અથવા એવી વસ્તુ જે મોઢામાં રાખવાથી ઓગળી જાય, એવી વસ્તુ મોઢામાં રાખી થૂંક ઉતારવાથી રોઝો તૂટી જશે. પાન, બીડી, તમાકુથી પણ રોઝો તૂટી જાય છે. *(બહારે શરીઅત)*

**(૧૭)** રમઝાનની રાતોમાં હમબિસ્તરી જાઈઝ છે. જનાબત (જેના ઉપર ગુસ્લ ફર્ઝ હોય) ની હાલતમાં સહરી કરીને રોઝો રાખી શકે છે, પરંતુ નહાવામાં બની શકે તેમ જલ્દી કરવું જોઈએ. કેમ કે હદીષે પાકમાં છે કે **જે ઘરમાં તસ્વીર (ફોટો), કૂતરો કે જુનુબી (નાપાક) હોય છે તે ઘરમાં રહમતના ફરિશ્તા નથી આવતા.**

**(૧૮)** એહતેલામ (સ્વપ્નદોષ)થી રોઝો નથી તૂટતો.

**(૧૯)** ઈફતારની દુઆ ઈફતાર બાદ પઢવાની હોય છે. હુઝૂર ﷺ તે દુઆ ઈફતાર બાદ પઢતા. ''બિસ્મિલ્લાહ'' અથવા અન્ય દુઆ જે ખાધા પહેલાં પઢવામાં આવે છે તે જ દુઆ ઈફતારી પહેલાં પઢવામાં આવે. *(ફતાવા રઝવિય્યહ, ફૈઝુર્રસૂલ)*

**(૨૦)** કોઈ ચીજ ચણા બરાબર કે તેનાથી વધારે દાંતો વચ્ચે અટકેલી ખાઈ જવાથી રોઝો તૂટી જશે.

**(૨૧)** અતિ તાવ કે અન્ય બીમારી થઈ જાય તો ઈન્જેક્શન કે બોટલથી ઈલાજ કરવામાં આવે, રોઝો ન તોડે. હા, જાન જવાનો ખતરો હોય કે ઝેરી જાનવર ડસી લે અને જાન જવાનો કે બુદ્ધિના નુકસાનનો ભય હોય તો રોઝો તોડી શકે છે, પછી કઝા કરી લે. *(બહારે શરીઅત)*

**નોંધ** : ઉપર દર્શાવેલ તમામ મસાઈલ અકાબિરે ઓલમાએ એહલે સુન્નતની કિતાબો, ફતાવા રઝવિય્યહ, બહારે શરીઅત, ફતાવા ફૈઝુર્રસૂલ વિગેરે અને મુબારકપુરના મોહક્કિકે મસાઈલે જદીદા મુફતી નિઝામુદ્દીન સાહબથી બયાન કરવામાં આવ્યા છે.

# ઝકાત

## માટે સવાલ કરનારાઓ

સા...વ...ધા...ન... !

કાર્યાલય

ઝકાતના કાનૂન વિશે ગૈર મુસ્લિમો તરફથી એ આક્ષેપ કરવામાં આવે છે કે ઝકાતના કાનૂનથી મુસલમાનોમાં બેકારી અને ભિક્ષા માંગવાની આદત પડી ગઈ છે કારણ કે જ્યારે તેઓને ખબર છે કે માલદારો તરફથી ઝકાત મળશે પછી તેઓ મહેનત શા માટે કરે ?

એનો જવાબ એ છે કે, લોકોનું બેકાર રહીને ઝકાત માટે દરવાજે દરવાજે ફરવું ઝકાતની ખરાબી નથી, બલ્કે ઝકાતના કાયદાનો ખોટો ઉપયોગ કરવાની ખરાબી છે, ઈસ્લામ તરફથી માલદારોને ઝકાત અદા કરવાનો શોખ આપવામાં આવ્યો છે, તેવી જ રીતે ગરીબોને કમાઈને ખાવાની અને ભીખથી બચવાનો સખ્ત શબ્દોમાં હુકમ આપવામાં આવ્યો છે.

### સવાલ માટે હાથ લંબાવનારાઓને ચેતવણી

સહીહૈનમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, **આદમી સવાલ કરતો રહશે ત્યાં સુધી કે કયામતના દિવસે એવી હાલાતમાં આવશે કે તેના ચહેરા ઉપર માંસનો ટુકડો ન હશે.** (એટલે કે તે બહું જ બેઆબરૂ થઈને આવશે.)

નિસાઈ શરીફમાં હઝરત આઈઝ બિન અમ્ર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **જો લોકોને ખબર હોત કે સવાલ કરવામાં શું (બેઈજ્જતી) છે તો કોઈ કોઈની પાસે સવાલ કરવા ન જતો.**

ઈબ્ને માજા શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, નબીએ પાક ﷺ એ ફર્માવ્યું, **જે શખ્સ જરૂરત વગર સવાલ કરે છે જાણે તે અંગારો ખાય છે.**

મુસ્લિમ શરીફમાં તેમનાથી જ રિવાયત છે. નબીએ પાક ﷺ એ ફર્માવ્યું, **જે માણસ વધારવા માટે સવાલ કરે છે, તે અંગારાનો સવાલ કરે છે.** ભલે વધારે માંગે અથવા ઓછાનો સવાલ કરે.

### સવાલ કરવો કોના માટે જાઈઝ નથી ?

અબૂ દાવૂદ શરીફમાં સહલ બિન હંઝલા رضی اللہ عنہ થી રિવાયત છે, નબીએ પાક ﷺ એ ફર્માવ્યું, જે માણસ સવાલ કરે (ભીખ માંગે) અને તેની પાસે એટલું છે કે જે તેને બેફિકર કરી શકે તો તે આગની અધિક્તા ચાહે છે. લોકોએ અરજ કરી, તે શું માત્રા છે જેની ઉપસ્થિતિમાં સવાલ જાઈઝ નથી ? આપે ફર્માવ્યું, સવાર સાંજનું ખાણું (એટલે કે **જેની પાસે બે ટંકનું ખાણુ હોય તેણે સવાલ કરવો જાઈઝ નથી.)**

સહીહ ઈબ્ને હબ્બાનમાં હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ થી રિવાયત છે, નબીએ પાક ﷺ એ ફર્માવ્યું, **જે માણસ લોકો પાસે સવાલ કરે, એટલા માટે કે પોતાના માલને વધારે, તો તે જહન્નમનો ગરમ પથ્થર છે,** હવે તેને ઈખ્તિયાર છે કે ભલે થોડું માંગે કે વધારે.

તિબ્રાનીએ સગીરમાં છે : નબીએ પાક ﷺ એ ફર્માવ્યું, **બંદો સવાલનો દરવાજો ખોલશે તો અલ્લાહ તઆલા તેના ઉપર મોહતાજીનો દરવાજો ખોલશે.**

બુખારી શરીફમાં ઝુબૈર બિન અવામ رضی اللہ عنہ થી રિવાયત છે. નબીએ પાક ﷺ એ ફર્માવ્યું, કોઈ માણસ દોરડું લઈને જાય, અને પોતાની પીઠ ઉપર લાકડાંનો ભારો લાવીને વેચે, અને સવાલની બેઈઝ્ઝતીથી અલ્લાહ તઆલા તેના ચહેરાને બચાવે તે તેના કરતાં બહેતર છે કે લોકો પાસે સવાલ કરે, લોકો તેને આપે અથવા ન આપે.

સહીહૈનમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. નબીએ પાક ﷺ મિમ્બર પર બિરાજેલા હતા, સદકાનું અને સવાલથી બચવાનું બયાન કરી રહ્યા હતા.

આપે એવું ફર્માવ્યું કે **ઉપરવાળો હાથ નીચેવાળા હાથથી બેહતર છે.** ઉપરવાળો હાથ ખરચ કરનાર હાથ છે, અને નીચેવાળો હાથ માંગનારો હાથ છે.

સહીહૈનમાં હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે, અન્સારમાંથી કેટલાક લોકોએ હુઝૂર ﷺ પાસે સવાલ કર્યો, હુઝૂરે અતા કર્યું, તેમણે ફરી માંગ્યું, હુઝૂરે અતા કર્યું, ત્યાં સુધી કે તે માલ જે હુઝૂરની પાસે હતો બધો ખલાસ થઈ ગયો. પછી આપે ફર્માવ્યું, જે કાંઈ મારી પાસે માલ હશે તેને હું તમારા માટે ગુપ્ત રાખીશ નહીં. અને **જે માણસ સવાલથી બચવા ઈચ્છશે અલ્લાહ તઆલા તેને બચાવશે, અને જે માણસ ગની બનવા ઈચ્છશે અલ્લાહ તેને ગની કરી દેશે,** અને જે માણસ સબ્ર કરવા ઈચ્છશે અલ્લાહ તઆલા તેને સબ્ર આપશે અને સબ્રથી વધીને અને તેના કરતાં અધિક વિશાળ અતા કોઈને મળી નહીં.

આ હદીષોથી સ્પષ્ટ થયું કે ઈસ્લામે જરૂરતમંદ ગરીબો માટે માલદારો ઉપર ઝકાત ફર્ઝ ફર્માવી, પરંતુ ઝકાત મળવાની લાલચમાં કોઈ આળસુ ન બની જાય અને ભિક્ષુક ન બની જાય, તેના માટે નબીએ પાક ﷺ એ કડક શબ્દોમાં બયાન આપ્યું, પછી કોઈ માણસ સવાલ કરતો ફરે તો તે તેની ભૂલ છે, ઝકાતના ક઼ાયદાની નથી. જેમ કે ટ્રેન બનાવવામાં આવી, તો તેનો ફાયદો એ છે કે એક સાથે વધુ મુસાફરો સવારી કરી શકે, પરંતુ જો કોઈ માણસ ટ્રેનમાંથી કૂદી પડી આપઘાત કરી લે, તો આમ નથી કહી શકાતું કે ટ્રેન બનાવવી બેફાયદા છે, કારણ કે ટ્રેનનો ફાયદો તેની જગાએ છે, કૂદવાવાળાની અને આપઘાત કરવાવાળાની ભૂલ છે કે તેણે ફાયદાની ચીજને નુકસાનમાં બદલી નાખી.

ઊંચી ઊંચી બિલ્ડીંગો બનાવવામાં આવે છે તેનો ફાયદો એ છે કે, ઓછી જગામાં વધારે માણસો રહી શકે, પરંતુ કોઈ માણસ તેના પરથી કૂદીને આપઘાત કરી લે તો આમ નથી કહી શકાતું કે ઊંચી બિલ્ડીંગો બનાવવી બેફાયદા છે. કારણ કે તેનો ફાયદો તેની જગાએ છે, ભૂલ કૂદવાવાળાની છે કે તેણે ફાયદાની ચીજને નુકસાનમાં બદલી.

ઝેર એટલા માટે વજૂદમાં લાવવામાં આવ્યું કે ખેતીમાં જીવજંતુ પડે અને પાકનો નાશ કરે તો તેને દવા છાંટી મારી શકાય, પરંતુ કોઈ માણસ ઝેર પી જાય અને જાન હલાક કરી નાખે તો આમ નથી કહી શકાતું કે ઝેરને વજૂદમાં લાવવું બેફાયદા છે. કારણ કે તેનો ફાયદો તેની જગાએ, પીવાવાળાની ભૂલ છે કે તેણે ફાયદાની ચીજને નુકસાનમાં બદલી નાખી. આમ જ દરેક ફાયદાની ચીજને નુકસાનમાં ફેરવી શકાય છે, પરંતુ ફાયદાની ચીજને નુકસાનમાં ફેરવવું માણસની બેવકૂફી છે. તેણે પોતાની બેવકૂફીનો ઈલાજ કરવો જોઈએ. તો આ દાખલાઓ પ્રમાણે ઈસ્લામ તરફથી ઝકાતનો આદશે આપવામાં આવ્યો છે, તેના રહસ્યો અને ફાયદાઓ તેની જગાએ છે, પરંતુ તે ફાયદાને લક્ષમાં રાખી કોઈ માણસ ખોટો અને ભિક્ષુક બની જાય તો તેની પોતાની નાદાની અને નાસમજી છે, તેણે પોતે પોતાને સુધારવાની કોશિશ કરવી જોઈએ.

## સવાલ કરવો કોના માટે જાઈઝ છે ?

મુસ્લિમ શરીફમાં હઝરત કબીસા બિન મોખારિક رضی اللہ عنہ રિવાયત છે. કહે છે મારા ઉપર એક સમયે તાવાન (દંડ રૂપ રકમ) લાઝિમ થયું, મેં હુઝૂર ﷺ ની ખિદમતમાં હાજર થઈને સવાલ કર્યો. આપે ફર્માવ્યું, થોભો ! અમારી પાસે સદક઼ાનો માલ આવશે તો તમારા માટે આજ્ઞા કરીશું. પછી ફર્માવ્યું, અય કબીસા ! ત્રણ કારણો સિવાય સવાલ કરવો (ભિક્ષા માંગવી) હલાલ નથી તે ત્રણ કારણો આ છે : (૧) કોઈએ જામીનગીરી કરી હોય (એટલે કે કોઈ ક઼ૌમ તરફથી દિયતનો જામીન થયો અથવા પારસ્પારિક યુદ્ધમાં સુલેહ કરાવી અને તેના ઉપર કોઈ માલનો જામીન થયો) તો તેણે સવાલ કરવું હલાલ છે ત્યાં સુધી કે તે રકમ પામી લે, પછી રોકાઈ જાય. (૨) કોઈ માણસ ઉપર આફત આવી કે તેના માલને નષ્ટ કરી નાખ્યો હોય તો તેના માટે સવાલ કરવું હલાલ છે ત્યાં સુધી કે ભરણ પોષણ માટે પામી લે. (૩) અથવા કોઈને ફાકો થયો (ભૂખમરો) થયો અને તેની કોમના ત્રણ અકલમંદ માણસો સાક્ષી આપે કે, ફલાણો માણસ ફાકામાં સપડાયો છે, તો તેના માટે

સવાલ હલાલ છે ત્યાં સુધી કે જીવન નિર્વાહ માટે પ્રાપ્ત કરી લે. અને **આ ત્રણ વાતો સિવાય** અય કબીસા ! **સવાલ કરવું હરામ છે, સવાલ કરનાર હરામ ખાય છે.**

એટલે કે **જે સવાલ કરવાનો હક્કદાર નથી તેણે ભીખ માંગવી અને લોકો સમક્ષ બેઈઝ્ઝતીની સાથે હાથ ફેલાવવો જાઈઝ નથી,** પોતાના મોંથી સવાલ કરવાની ઈજાઝત ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે જ્યારે માસણને માંગ્યા વગર કોઈપણ રીતે કામ નીકળી શકે તેમ ન હોય, બલ્કે **જેની પાસે બે ટંકનું ખાણું અને પહેરેવાનાં કપડાં હોય તેણે પણ મોંથી માંગવું ન જોઈએ, જો વગર માંગે કોઈ તેની હાલત જોઈ આપે તો તેણે લેવામાં કોઈ વાંધો નથી.**

સહીહૈનમાં હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર ﷺ મને કોઈ ચીજ અતા ફર્માવતા તો હું અરજ કરતો કે કોઈ એવા માણસને આપો જે મારાથી વધારે જરૂરતવાળો હોય. ફર્માવ્યું, આને લઈ લો, પોતાનું બનાવી લો અને ખેરાત કરી દો. જે માલ તમારી પાસે વિના લાલચે અને વગર માંગે આવી જાય તેને લઈ લો અને જો ન આવે તો તેની પાછળ પોતાના નફ્સને ન દોડાવો.

આ હદીષે પાકથી સ્પષ્ટ થયું કે જે સવાલ કરવાનો હક્કદાર નથી, એટલે કે તે પોતે માલદાર છે, અથવા **તેની પાસે નિસાબ જેટલો માલ તો નથી પરંતુ જીવન નિર્વાહ જેટલું છે જેને લઈને તેને મોંથી સવાલ કરવાની ઈજાઝત નથી પણ જો તેને વગર માંગે આપવામાં આવે જેમ કે માલદારને નઝરાણુ અથવા માલિકે નિસાબ ન હોય તેને ઝકાત આપવામાં આવે તો લેવું જાઈઝ છે** અને જો માલદારે રાખવું હોય તો રાખે નહીં તો લઈને પોતાના તરફથી ખૈરાત કરી દે તો તેને સવાબ મળી જશે. અને ગરીબ પાસે થોડું ઘણુ હોય તો તેણે મહેનત મજૂરી કરી લેવી જોઈએ. કારણ કે મહેનતની કમાણીમાં ઈજ્જત છે ભલે ઓછુ મળે અને માંગવામાં બેઈજ્જતી છે ભલે ને પછી વધારે આપવામાં આવે. લોકોની આદત ખરાબ ન થઈ જાય, અને બેકાર બની ભિક્ષુક ન બની જાય તેના માટે સરકારે દો આલમ ﷺએ **મિસ્કીનના સિવાય ઝકાતના અન્ય હક્કદારોને હક્કદાર હોવા છતાં મોંથી માંગવાની મનાઈ ફર્માવી.**

## સવાલ કરનાર માટે બોધપાઠ પાત્ર હદીષ

અબૂ દાવૂદ શરીફમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે એક અન્સારીએ હુઝૂર ﷺની ખિદમતે અકદસમાં હાજર થઈને સવાલ કર્યો. (કોઈ ચીજની માંગણી કરી) આપે ઈર્શાદ ફર્માવ્યો, શું તમારા ઘરમાં કોઈ નથી ? તેમણે અરજ કરી, એક ટુકડો કંતાનનો છે જેનો એક ભાગ અમે ઓઢીએ છીએ, અને એક ભાગ પાથરીએ છીએ, અને એક લાકડાનો પ્યાલો છે જેમાં અમે પાણી પીએ છીએ. આપે ફર્માવ્યું, મારી સમક્ષ બંને ચીજોને હાજર કરો ! તે લઈ આવ્યા. હુઝૂરે પોતાના મુબારક હાથમાં લઈને ઈર્શાદ ફર્માવ્યો, આને કોણ ખરીદે છે ?! એક સહાબીએ અરજ કરી, એક દિરહમમાં હું ખરીદું છું. આપે ફર્માવ્યું, એક દિરહમ કરતાં વધારે કોણ આપે છે ? આવી રીતે બે અથવા ત્રણ વાર ફર્માવ્યું. કોઈ બીજા સહાબીએ અરજ કરી, હું બે દિરહમમાં લઉં છું. આપે તેમને આ બંને ચીજો આપી દીધી અને બે દિરહમ લઈ લીધા. પછી આપે અન્સારીને બંને દિરહમ આપીને ઈર્શાદ ફર્માવ્યો, એક દિરહમનું અનાજ ખરીદીને ઘરે નાખી આવો, અને એક દિરહમની કુહાડી ખરીદીને મારી પાસે લાવો, તેઓ લઈ આવ્યા. હુઝૂરે પોતાના મુબારક હાથથી તેમાં હાથો નાખ્યો પછી ફર્માવ્યું, જાવ ! લાકડાં કાપો અને વેચો ! હવે પંદર દિવસ સુધી મારી પાસે આવશો નહીં. તેઓ ગયા લાકડાં કાપીને વેચતા રહ્યા, હવે હાજર થયા તો તેમની પાસે દસ દિરહમ હતા. તેમાંથી કેટલાક દિરહમનું કપડુ ખરીદયું અને કેટલાકનું અનાજ ખરીદયું. રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **આ તેના કરતાં વધારે બેહતર છે કે કયામતના દિવસે સવાલ તમારા મુખ ઉપર ફોડલો બનીને આવતો,** ત્રણ માણસો સિવાય સવાલ કરવો દુરુસ્ત વધુ પેજ નં. ૧૧.....પર



# ઝકાત આપનારાઓને

## શરઈ માર્ગદર્શન....


લેખક

ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના

**યૂનુસ મિસ્બાહી વાગરાવાલા**

*(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી, યુ.કે.)*


ઝકાત ઈસ્લામમાં **ફર્ઝ** છે અને તેનો ઈન્કાર કરનાર **કાફિર** છે. ઈલ્મે દીન પ્રત્યે સુસ્તીના કારણે આજે ઘણા લોકો પોતાની ઝકાત આડેધડ મસાઈલ સમજ્યા વિના ગમે ત્યાં વહેંચી કાઢે છે. વળી કેટલા તો નિયમાનુસાર માલ દૌલતની વાર્ષિક કેટલી ઝકાત કાઢવી તેનું યોગ્ય કાઉન્ટીંગ કર્યા વિના આમ જ ઝકાત આપી ન આપી કરી નાખે છે. વળી કેટલા તો પૈસા આપે અને પૂછીએ કે શું લખું ? તો કહે છે કે હવે જે લખવું હોય તે લખી લો ને ! લિલ્લાહ, ઝકાત ! જ્યારે કે ઝકાત કાઢવા માટે નિય્યત જરૂરી છે.

### ઝકાત કોણે આપવી પડશે ?

જે પણ વ્યક્તિ આકિલ, બાલિગ, મુસ્લિમ પાસે **સાડા સાત તોલા સોનું** કે **સાડા બાવન તોલા ચાંદી** કે **એટલો માલ** અથવા **રૂપિયા હોય** આ સૌ મિલાવીને **કોઈ એકના નિસાબ જેટલું થઈ જાય** તો તે વ્યક્તિ સાહિબે નિસાબ છે, તે હવે ઝકાત લઈ શકે નહીં. અને જો એટલી રકમ અથવા એનાથી વધારે તેની પાસે એક ઈસ્લામી વરસ સુધી રહેશે, ચાહે બેંકમાં ચાહે ક્યાંય પણ (તેની માલિકીમાં ગણાય તેમ) હશે તો તેણે હવે તેની રૂા. ૧૦૦એ રૂા. ૨.૫ ઝકાત કાઢવી પડશે અને આજકાલ ચાંદીનો ભાવ જો રૂા. ૨૪૦/– હોય તો જેની પાસે થોડુ સોનુ થોડી ચાંદી થોડીક માલમત્તા જે અસલી જરૂરત સિવાયની હશે તે સૌ ભેગુ કરતાં ૫૨.૫ તોલા ચાંદી જેટલી કિંમત થઈ જશે, એટલે રૂા. ૧૨,૬૦૦/– તો તે સાહિબે નિસાબ ગણાશે.

હવે દરેક વ્યક્તિ સ્ત્રી કે પુરૂષ પોતે પોતાની પાસે જે કાંઈ સોનું, ચાંદી, રકમ કે માલ હોય તેની આ હિસાબે ગણત્રી કરી સમજી લે કે પોતે સાહિબે નિસાબ છે કે નહીં ? અને તેણે શું કરવું જોઈએ તે સમજી લે.

આવો ! હવે કુર્આને પાકના આદેશ અનુસાર ઝકાત સદકા કોને આપવામાં આવશે તેનો અભ્યાસ કરીએ :–

### ઝકાત–સદકા કોને આપી શકાય ?

"સદકા ફકીરો તથા મિસ્કીનો માટે છે, અને તેમના માટે જે આ કામ પર નિયુક્ત છે, અને તેઓ જેમના હૃદયનું (ઈસ્લામ તરફ) આકષવું ધ્યેય છે, અને (ગુલામીમાંથી) મુક્તિ આપવામાં અને તાવાનવાળા માટે અને અલ્લાહના માર્ગમાં અને મુસાફિર માટે. આ અલ્લાહ તરફથી નિયુક્ત કરવું છે, અને અલ્લાહ ઈલ્મવાળો હિકમતવાળો છે."

આ આયતમાં આઠ હક્કદારોનું વર્ણન થયું છે : (૧) ફકીર (૨) મિસ્કીન (૩) આમિલ (૪) રેકાબ (૫) ગારિમ (૬) ફી સબીલિલ્લાહ (૭) ઈબ્નુસ્સબીલ (૮) તાલીફે કલ્બ માટે.

નંબર આઠ કાફિરોને ઈસ્લામ તરફ આકર્ષવા માટે ઝકાત આપવી શરૂમાં જાઈઝ હતી, પરંતુ હવે ઈસ્લામને ગલ્બો પ્રાપ્ત થઈ ગયો છે, હવે જેણે પોતાની ખુશીથી ઈમાન લાવવું હોય તો લાવે પરંતુ તેને આકર્ષવા માટે ઝકાત આપવામાં આવશે નહીં, એટલે કે આ હુકમ મન્સૂખ (રદ) કરી દેવામાં આવ્યો છે.

નંબર ચાર ગુલામને આઝાદ થવું હોય તો તેને ઝકાત આપવી જાઈઝ છે, પરંતુ હાલ બધા જ આઝાદ છે, ગુલામવાળી પ્રથા જોવા મળતી નથી એટલે ગુલામ વિશે પણ આ મસ્અલાઓ બયાન કરવામાં આવશે નહીં.

**ફકીર :** ફકીર તે શખ્સ છે જેની પાસે કાંઈક હોય પરંતુ એટલું નહીં કે નિસાબ સુધી પહોંચી જાય અથવા નિસાબ જેટલું હોય તો તેની મૂળ જરૂરિયાતમાં ડૂબેલ હોય. દા.ત. રહેવાનું મકાન, પહેરવાના કપડાં, ઈલ્મી પ્રવૃત્તિ ધરાવનાર માટે દીની કિતાબો જે તેની જરૂરત કરતાં વધારે ન હોય. એવી જ રીતે જો દેવાદાર છે અને દેવું કાઢવા પછી નિસાબ બાકી રહે નહીં તો તે માણસ ફકીર છે, મૂળ જરૂરત બાદ કરતાં અથવા દેવું બાદ કરતાં

જો તેની પાસે નિસાબ જેટલો માલ બાકી ન રહે તો ભલે સમાજ તેવાને ગરીબ અને ફકીર સમજતો નથી પરંતુ ઈસ્લામની પરિભાષામાં તે ફકીર છે, ઝકાતનો હક્કદાર છે, તેને આપવાથી ઝકાત અદા થઈ જશે.

**મિસ્કીન** : મિસ્કીન તે છે જેની પાસે કાંઈ હોય નહીં, ત્યાં સુધી કે બે ટંકનું ખાણું અને શરીર ઢાંકવા માટે કપડું પણ ન હોય, તો તેવા ગરીબ માણસને શરીઅતની પરિભાષામાં મિસ્કીન કહેવામાં આવે છે.

**આમિલ** : આમિલનો અર્થ કામ કરવાવાળો છે, પરંતુ ઝકાતના હક્કદારમાં આમિલ તેને કહેવામાં આવે છે જેને બાદશાહે ઈસ્લામે ઝકાત અને ઉશ્ર વસૂલ કરવા માટે નિયુક્ત કર્યો હોય, એટલે કે તેને આજ નોકરી સુપ્રત કરવામાં આવી હોય તો તેને પણ મહેનતાણુ ઝકાતની રકમમાંથી આપી શકાય છે, પરંતુ એટલું કે તેને અને તેના મદદગારોને મધ્યમ રીતે પૂરતુ થાય.

**ગારિમ** : એટલે તે દેવાદાર છે કે દેવું આપતાં તેની પાસે નિસાબ જેટલો માલ બાકી ન રહે તો તે પણ ઝકાતનો હક્કદાર છે તેને ઝકાત આપી શકાય છે.

**ફી સબીલિલ્લાહ** : એટલે રાહે ખુદામાં ખર્ચ કરવું છે. રાહે ખુદામાં ખર્ચ કરવાથી મુરાદ એ છે કે જેને આપવામાં આવે તેને માલિક બનાવવામાં આવે. માલિક બનાવવું સાબિત ન થાય તો તેવી જગાએ ખર્ચ કરવાથી ઝકાત અદા થશે નહીં. જેમ કે ઝકાતના પૈસે મદરસો બનાવવો કે કોઈ વક્ફ બિલ્ડીંગ બનાવવી, તો તેનો માલિક કોઈ હોય શકતો નથી એટલે તેમાં ઝકાતનો માલ લગાડી નથી શકાતો. તેવી જગાઓ પર ઝકાતનો માલ ઉપયોગ કરવો હોય તો તેની રીત એ છે કે ઝકાતના માલનો માલિક ગરીબને બનાવવામાં આવે અને તે પોતાના તરફથી મદરસામાં આપે તો તેનો ઉપયોગ જાઈઝ છે. કારણ કે આમ (શરઈ હીલો) કરવાથી **તે રકમ ઝકાતની નથી રહેતી પણ 'લિલ્લાહ' થઈ જાય છે.**

**ઈબ્નુસ્સબીલ** : મુસાફિર કે સફરની હાલતમાં તેની પાસે માલ રહ્યો નહીં અને ઘર સુધી પહોંચવામાં તેને જરૂરત છે, તો **જરૂરત પૂરી થઈ શકે તેટલું લેવાની તેને ઈજાઝત આપવામાં આવી છે, ભલેને પછી તે પોતાના વતનમાં માલદાર અને માલિકે નિસાબ હોય.** પરંતુ મુસાફિર એવી જગાએ છે કે ત્યાં તેનાં સગા સંબંધીઓ છે, અને જરૂરત હોય તો તેને કર્ઝે હસન મળી શકે છે, તો તેવા સમયે તેણે ઝકાત ન લેવી જોઈએ બલ્કે કર્ઝે હસન લઈ વતનમાં પહોંચી પરત કરી દેવું જોઈએ. અને હાલ તો પોસ્ટ અને બેંકમાં એવી વ્યવસ્થા છે કે દુનિયાના ખૂણે ખૂણે ઘણા ઓછા સમયમાં રકમ મોકલી શકાય છે. ATM કાર્ડથી પણ કેસ લઈ શકાય છે જેથી તેના માટે શ્રેષ્ઠ એ જ છે કે પોતાનું દિમાગ ઝકાત લેવા તરફ કેન્દ્રિત ન કરે.

**સવાલ** : ઝકાતનો માલ કોઈ એક હક્કદારને આપવામાં આવે પછી દરેક હક્કદારને વહેંચવામાં આવે ?

**જવાબ** : કોઈ એક હક્કદારને પણ આપી શકાય છે, અને બધાંને આપવી હોય તો પણ આપી શકાય છે.

**સવાલ** : ઝકાતનો એટલો માલ છે કે નિસાબની કિંમતે પહોંચી જાય તો તે એક ગરીબને આપી દેવામાં આવે તો આપી શકાય છે ?

**જવાબ** : આપી તો શકાય છે પરંતુ ઉલમાએ કિરામે મકરૂહ બતાવ્યું છે. પરંતુ જો ગરીબ પર દેવું હોય કે તે દેવું બાદ કરતાં તેની પાસે નિસાબ બાકી ન રહે તો મકરૂહ નથી.

**સવાલ** : જો કોઈ એક માણસને ઝકાતના પૈસાથી સેટ કરી દેવામાં આવે તો સેટ કરી શકાય છે ? કારણ કે આમ કરવાથી ગરીબોને માલદાર બનાવી શકાય છે.

**જવાબ** : આમ કરી શકાય છે, પરંતુ આમ કરવામાં એ ખ્યાલ જરૂરથી રાખવો જોઈએ કે બીજા જરૂરતવાળાઓ આમ કરવાથી મુશ્કેલીમાં ન મૂકાઈ જાય.

**સવાલ** : ગરીબ માણસને નિસાબનો માલિક બનાવી દેવામાં આવ્યો અને તેને સેટ કરી દેવામાં આવ્યો કે તેની મૂળ જરૂરતો બાદ કરતાં પણ તેની

પાસે નિસાબ બાકી રહે છે, તો શું તે ઝકાતનો હક્કદાર રહેશે ?

**જવાબ** : હવે તે ઝકાતનો હક્કદાર રહેશે નહીં અને તે ત્યારથી વર્ષના અંત સુધી નિસાબનો માલિક રહેશે તો તેણે પોતે જ ઝકાત આપવી પડશે.

**સવાલ** : કોઈ માણસ પોતાની મૂળ જરૂરતો બાદ કરતાં નિસાબનો માલિક છે, અને તેની સારી હાલત છે પરંતુ જે માલ છે તે એક માણસને કર્ઝમાં આપ્યો છે અને કર્ઝ અદા કરવાની મુદત બે વર્ષ રાખવામાં આવી છે, હવે તેને સખત જરૂરત પેશ આવી છે તો શું તે ઝકાત લઈ શકે છે ?

**જવાબ** : જો એવી હાલત હોય તો જરૂરત પૂરતી ઝકાત લઈ શકે છે, પરંતુ જો તેને કર્ઝે હસન મળતુ હોય તો ઝકાત તરફ ધ્યાન કેન્દ્રિત ન કરવું જોઈએ.

## ઝકાત કોને કોને ન આપી શકાય ?

**સવાલ** : આપણા કયાં કયાં સગાઓને ઝકાત આપવી જાઈઝ છે ?

**જવાબ** : આનો સહેલો કાયદો હું તમારી સમક્ષ બયાન કરૂં છું તેના પર મનન કરી તમે પોતે જ દરેક મસ્અલાનો જવાબ શોધી શકો છો. આપણા **ઓસુલ** અને **ફોરૂઅ**ને છોડીને દરેક સગાને ઝકાત આપવી જાઈઝ છે જો તેઓ હકદાર હોય.

**ઓસુલ** : તેને કહેવામાં આવે છે **જેની ઔલાદમાંથી તમે છો.** જેમકે માં–બાપ, દાદા, દાદી, નાના, નાની ઉપર સુધી. આ જરૂરતવાળાં હોય તો પણ તેમને ઝકાત આપવી જાઈઝ નથી, બલ્કે તેઓની મદદ લિલ્લાહ રકમમાંથી કરવામાં આવે અને નિફલ સદકો હોય તો તેમને આપવો વધારે બહેતર છે.

**ફોરૂઅ** : એટલે **આપણી ઔલાદ,** જેમ કે આપણા છોકરા, છોકરીઓ, નવાસા, નવાસીઓ, પૌત્રા, પૌત્રીઓ વિગેરેને ઝકાત આપવી જાઈઝ નથી.

**સવાલ** : બહેન અને ભાઈને ઝકાત આપી શકાય છે ?

**જવાબ** : આપી શકાય છે કારણ કે આપણે તેમની ઔલાદમાંથી નથી અને તેઓ આપણી ઔલાદમાંથી પણ નથી.

**સવાલ** : માસા માસીને ઝકાત આપી શકે છે ?

**જવાબ** : આપી શકાય છે કારણ કે આપણે તેમની ઔલાદમાંથી નથી અને તેઓ આપણી ઔલાદમાંથી નથી.

**સવાલ** : કાકાને ઝકાત આપવી જાઈઝ છે ?

**જવાબ** : જો તે હકદાર હોય તો આપી શકાય છે.

**સવાલ** : મામાને ઝકાત આપી શકાય છે ?

**જવાબ** : આપી શકાય છે. સારાંશ એ કે જેની તમે ઔલાદ છો તેને નથી આપી શક્તા તે સિવાય બીજા સગા સંબંધીઓને આપી શકાય છે. આમ તમે દરેક સગા સંબંધી વિષે મસ્અલો જાણી શકો છો.

**સવાલ** : પતિ પોતાની પત્નીને ઝકાત આપી શકે છે ?

**જવાબ** : પતિ તેના નિકાહમાં છે, તેણીના રહેવા સહેવાનો ખર્ચ પતિ પર છે એટલે પત્નીને ઝકાત નથી આપી શક્તો.

**સવાલ** : પત્ની પતિને ઝકાત આપી શકે છે ?

**જવાબ** : નથી આપી શક્તી.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ સોળ પ્રકારના માણસો ગણાવ્યા છે જેમને ઝકાત નથી આપી શકાતી તેમના સિવાય બીજા મુસલમાનોને આપી શકાય છે.

જે મુસલમાન જરૂરતવાળો હોય અને તેની માલિકીમાં માલ મૂળ જરૂરત છોડીને નિસાબથી ઓછો હોય તો તે ઝકાતનો હકદાર છે. પરંતુ શર્ત એ છે કે તે (૧) હાશમી (સૈયદ) ન હોય (૨) તેનો પતિ ન હોય (૩) તેની પત્ની ન હોય (૪) તેની ઔલાદ ન હોય જેમકે બેટા બેટી, પૌત્રા પૌત્રી, નવાસા નાવસી (૫) તે પોતે તેમની ઔલાદમાંથી ન હોય, જેમ કે મા, બાપ, દાદા, દાદી, નાના, નાની (૬) તેનો પોતાનો કે ઉપરોક્ત પાંચમાંથી કોઈનો ગુલામ ન હોય (૧૨) કોઈ માલદારનો ગુલામે મુકાતબ ન હોય (૧૩) માલદારની નાબાલિગ ઔલાદ (૧૪) હાશમીનો આઝાદ કરેલો ગુલામ (૧૫) કાફિર (અન્ય ધર્મવાળા તથા શીયા, વહાબી, દેવબંદી વગેરે પણ

એમાં આવશે.) (૧૬) માલદાર, આ **સોળ પ્રકાર**ની વ્યક્તિઓ સિવાય બીજા તમામ મુસલમાનોને ઝકાત આપી શકાય છે.

### કેટલાક અગત્યના સવાલોના જવાબ

**સવાલ** : અમુક લોકોએ ફકીરીનો ધંધો લીધો છે, જેઓ માલદાર હોવા છતાં માંગતાં ફરે છે તેઓને ઝકાત આપી શકાય છે ?

**જવાબ : ફકીર** અને **ગરીબનો અર્થ એ નથી કે જે માંગવાનો ધંધો કરે બલ્કે** સાચો જરૂરતવાળો જે મૂળ જરૂરત બાદ કરતાં **નિસાબનો માલિક ન હોય,** જો માલદાર એટલે **નિસાબનો માલિક હોવા છતાં ઝકાત** વસૂલી કરતો હોય તો **તેવાને ઝકાત આપવાથી ઝકાત અદા થશે નહીં.**

**સવાલ** : અમુક લોકો નિસાબના માલિક નથી અને તેઓ ઝકાતના હકદાર છે પરંતુ તેઓ હટ્ટા કટ્ટા અને કામ કરી જીવન નિર્વાહ કરી શકે તેમ છે તો પણ તેઓ ઝકાત માંગવા નીકળી પડે છે, અને બીજું કોઈ કામ કરતા નથી, તેઓને ઝકાત આપી શકાય છે ? અને તેવા લોકોને માંગીને લેવાની શરઈ ઈજાઝત પ્રાપ્ત છે ?

**જવાબ** : જેઓ હકીકતમાં જરૂરતવાળા અને ઝકાતના હકદાર છે, અને તેઓ મહેનત મજૂરી કરી જીવન નિવાર્હ કરી શકે છે, તો પણ તેઓ મફત ખાવાના આદી થઈ ગયા છે, **તેઓ માટે માંગવું હરામ અને માંગવાથી મળે તે તેમના હકમાં ખબીષ**. હદીષ શરીફમાં છે : "સદકો હલાલ નથી માલદાર માટે અને શક્તિશાળી તંદુરસ્ત માટે."

**સવાલ** : જ્યારે તેઓને માંગવું હરામ છે, તો તેમના માંગવા પર આપવું કેવું છે ?

**જવાબ** : તેઓને આપવું જાઈઝ નથી કારણ કે જ્યારે તેમના માટે માંગવું હરામ છે તો **માંગવાથી આપવામાં હરામ કામ પર મદદ કરવી** છે. જો તેઓને આપવામાં ન આવે તો મહેનત મજૂરી કરશે, અને આમ હરામ કામથી બચી જશે. અલ્લાહ તઆલા ફર્માવે છે : **وَلَا تَعَاوَنُوا عَلَى الْإِثْمِ وَالْعُدْوَانِ** "ગુનાહ અને શત્રુતાના કામ પર એકબીજાની મદદ ન કરો." *(પા. ૬, સૂ. માઈદહ)*

**સવાલ** : તેના માટે સવાલ કરવો જાઈઝ નથી, પરંતુ તેની એવી જરૂરત પેશ આવી છે કે મહેનત મજૂરીથી પૂરી નથી કરી શક્તો, કારણ કે તેની મજૂરીમાં માત્ર ખાવાનો જ ખર્ચો નીકળી શકે છે, તો શું સવાલ કરી શકે છે ?

જવાબ : જો તેની એવી જરૂરત પેશ આવી છે કે મહેનત મજૂરીથી પણ તે હાજત પૂરી નથી થઈ શક્તી તો તેને **જરૂરત પૂરી થઈ શકે તેટલું માંગવું જાઈઝ** છે.

**સવાલ** : જે નિસાબનો માલિક નથી તે માંગતો નથી પરંતુ તેને આપણી મેળે આપવામાં આવે તો ?

**જવાબ** : જો તે માંગતો નથી અને આપણે આપણી મેળે તેની હાલત જોઈને આપીએ તો જાઈઝ છે, અને તેના માટે લેવું જાઈઝ છે, અને આ રીતે મળતો માલ તેના હકમાં બુરો નથી.

**સવાલ** : જેને સવાલ કરવો જાઈઝ નથી, તેવો માણસ દરવાજા પર આવે અને હઠે ચડે તો તેને ઘુરકવાની ઈજાઝત છે ? જ્યારે કુર્આનમાં તો આવ્યું છે : وَأَمَّا السَّائِلَ فَلَا تَنْهَرْ "ભિક્ષુકને ઘરકાવો નહીં." *(પા. ૩૦, સૂ. દુહા)*

**જવાબ** : જ્યારે તેના માટે માંગવું અને સવાલ કરવો હરામ છે, તો તેવા ભિક્ષુક આ આયતમાં સામેલ નથી. અમુક આલિમોએ તેની તફસીર તાલિબે ઈલ્મથી કરી છે, કે ધાર્મિક વિદ્યા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી તમારી પાસે પોતાની જરૂરતનો સવાલ કરે તો મોં બગાડવું ન જોઈએ, અને ખુશી ખુશી તેની મદદ કરવી જોઈએ.

**સવાલ** : દીનનું ઈલ્મ પ્રાપ્ત કરવા માટે પોતાને મહેનત મજૂરીથી અલગ રાખનારને સવાલ કરવો જાઈઝ છે ?

**જવાબ** : જો તે જરૂરતવાળો હોય તો તેને સવાલ કરવો જાઈઝ છે, ભલે ને પછી તે મહેનત મજૂરીથી હાંસલ કરી શક્તો હોય, કારણ કે મહેનત મજૂરી કરવા જાય, તો તે પોતાનો મકસદ પૂરો કરી શક્તો નથી એટલે તેને ઈજાઝત છે.

**સવાલ** : ફકીર જરૂરતવાળો જે કમાવા પર શક્તિમાન નથી તેને સવાલ કરવો જાઈઝ છે ?

**જવાબ** : તે ખરેખર હકદાર છે, અને તેને આપવું વધારે સવાબ છે, અને તેને સવાલ કરવાની ઈજાઝત છે, અને "ભિક્ષુકને ઘરકાવો નહિં" થી એ ભિક્ષુક મુરાદ છે જે હક્કદાર પણ છે, અને તેને સવાલ કરવાની પણ ઈજાઝત આપવામાં આવી છે.

**સવાલ** : કૂવો ખોદીને વક્ફ કરવામાં આવે તો ઝકાત અદા થાય ખરી ?

**જવાબ** : વકફની ચીજ કોઈની માલેકીમાં નથી હોતી માત્ર તેનો ઉપયોગ લોકો માટે મુબાહ હોય છે, અને ઝકાતમાં ચીજનો માલિક બનાવવું જરૂરી છે, એટલે ઝકાત અદા થશે નહીં.

**સવાલ** : મદ્રસાઓમાં ઝકાત આપવામાં આવે છે, અને ત્યાંની કમિટી તે માલ વસૂલ કરે છે તો શું ઝકાત અદા થાય ખરી ?

**જવાબ** : મદ્રસાની કમિટીને બતાવવામાં આવે કે આ ઝકાતનો માલ છે, અને તેઓ ઝકાતનો માલ અલગ રાખી ઝકાતના હક્કદાર તાલિબે ઈલ્મને માલિક બનાવે, અને તેમની પાસેથી ખર્ચ પેટે લઈ લે, અથવા તે માલનો કોઈ ગરીબ માણસને માલિક બનાવે અને તે પોતાના કબ્જામાં લઈ પોતાના તરફથી મદ્રસામાં આપી દે (આ રીતે શરઈ હીલો કરે) તો પછી દરેક કામના ખર્ચમાં લઈ શકાય છે.

**સવાલ** : મદ્રસામાં પઢાવતા મુદર્રિસોને પગારમાં ઝકાતનો માલ આપી શકાય છે ? અને આમ કરવાથી આપનારાઓની ઝકાત અદા થાય ?

**જવાબ** : મુદર્રિસોને પગારમાં જે કાંઈ આપવામાં આવે છે તેમનું મહેનતાણુ છે, એટલે તેનાથી ઝકાત અદા ન થાય અને ઝકાતની રકમ પગારમાં ખર્ચ નથી થઈ શક્તી, **જો તેનો હીલો કરી લેવામાં આવે કે કોઈ ગરીબ પરહેઝગાર માણસને ઝકાતના માલનો માલિક બનાવામાં આવે, અને તે માલિક બન્યા પછી પોતાના તરફથી મદ્રસામાં આપે (શરઈ હીલો કરી લે) તો પછી પગારમાં પણ ખર્ચ કરી શકાય છે.**

**સવાલ** : મદ્રસામાં ફ્રિઝ અથવા લાઈબ્રેરીમાં કિતાબો ઝકાતના પૈસાથી રાખવી જાઈઝ છે ?

**જવાબ** : ઝકાતના પૈસામાં અથવા ઝકાતની ચીજમાં માલિક બનાવવું જરૂરી છે અને મદ્રસામાં રાખવામાં આવેલું ફ્રિઝ અથવા લાઈબ્રેરીની કિતાબો વક્ફના હુકમમાં છે, તેનો કોઈ માણસ માલિક નથી હોતો, એટલે ઝકાતનો માલ તેમાં લગાડવો જાઈઝ નથી, જો કોઈ ગરીબને તેનો માલિક બનાવવામાં આવે અને તે પોતાના તરફથી માલ મદ્રસામાં આપે તો હવે તે રકમ લિલ્લાહ થઈ ગઈ, **હવે તેનાથી મદ્રસાની કોઈ પણ ચીજ ખરીદી શકાય છે,** એવી જ રીતે વક્ફના કોઈ પણ કામમાં ફક઼ીર પાસે હીલો કરાવી તેનો ઉપયોગ જાઈઝ ઠરી શકે છે.

**સવાલ** : મસ્જિદનો ઈમામ ઝકાતનો હક્કદાર હોય અને તેને ઝકાત આપવામાં આવે તો શું તેની પાછળ નમાઝ થઈ શકે છે ?

**જવાબ** : જ્યારે તે ઝકાતનો હક્કદાર છે, અને વગર માંગે તેની હાલત જોઈ આપવામાં આવે તો તે માલ તેના માટે બુરો નથી, એટલે તેની ઈમામતમાં કોઈ ફરક નથી આવી શક્તો.

**સવાલ** : ઉલમાએ કિરામ માલિકે નિસાબ ન હોય તો તેમને ઝકાત આપી શકાય છે ?

**જવાબ** : જરૂર આપી શકાય છે, તેનાથી એક ફાયદો એ પણ છે કે તેમની જરૂરત પૂરી થતી રહેશે, અને તેમણે ખર્ચા પાણીમાં મજબૂર નહીં થવું પડે તો તેઓ બેફિકર થઈને દીનના કામોમાં મહેનત કરશે. અને બહેતર અને અદબ એ જ છે કે, તેમને ઝકાત કહીને આપવામાં ન આવે બલ્કે નઝરાણુ કહીને આપવામાં આવે, પોતાનો હાથ નીચે રાખવામાં આવે અને તેમને ઉપરથી ઉઠાવી લેવાનું કહેવામાં આવે. ઉલમાએ કિરામ જરૂરતવાળા હોય અને તેમની પાસે મૂળ જરૂરત બાદ કરતાં નિસાબ જેટલો માલ ન હોય તો તેમને ઝકાત આપી તેમની જરૂરતો પૂરી કરવી બીજા ફકીરોને આપવાથી વધારે બહેતર છે, કારણ કે તેમની જરૂરતો પૂરી થશે તો તેઓ દીની જરૂરતો પૂરી કરવામાં વધારે કોશિશ કરશે.

# તક઼લીદની હક઼ીક઼ત

## તથા તેના ફાયદાઓ


✦ અઝ ✦

પ્રો. મુહમ્મદ મસઊદ અહમદ સાહબ رحمۃ اللہ علیہ (પાક.)

✦ અનુવાદક ✦

મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી

*(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*


**(૧)** તક઼લીદ દરેક માનવીની જરૂરત છે, સર્વ મુસલમાનોની પણ જરૂરત છે કે તેના વિના કોઈ ઉપાય નથી. તા'લીમી તથા સાંસ્કૃતિક દરેક પ્રકારની પ્રગતિઓ તક઼લીદને જ આભારી છે. તક઼લીદની જરૂરત ન હોત તો માત્ર કુર્આન પૂરતુ હતું. હયાતે પાક (સરકાર દો આલમ ﷺના જીવન)નો અમલી નમૂનો તક઼લીદની મહત્વતા તથા આવશ્યક્તા ઉપર દલીલ તથા પુરાવો છે. તક઼લીદનો હુકમ તો કુર્આનમાં પણ છે. હુઝૂર પૂરનૂર ﷺએ ફર્માવ્યું, "મેં તમારી અંદર બે વસ્તુઓ છોડી છે : એક અલ્લાહની **'કિતાબ'** બીજી તેના રસૂલની **'સુન્નત'**, જ્યાં સુધી તેને મજબૂતીથી પકડી રાખશો, કદાપિ ગુમરાહ નહીં થાવ.

**(૨)** મુક઼દ્દસ કુર્આનનો નબવી યુગમાં સંગ્રહ થઈ ગયો હતો. સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہના યુગમાં કિતાબત (લખાણ) થઈ. ઉષ્માને ગની رضی اللہ عنہના જમાનામાં અલગ અલગ પ્રાંતોમાં ફેલાવી દેવામાં આવ્યું, બલ્કે ઉમર ફારૂક઼ના યુગમાં જ દૂર દૂરના ઈલાકામાં ફેલાઈ ગયું હતું.

**(૩)** હુઝૂરે અનવર ﷺએ કુર્આને હકીમની રોશનીમાં તથા તે અધિકારોની રોશનીમાં જે કુર્આને હકીમે આપને અતા કર્યા હતા એના થકી અલગ અલગ ઈલાકાઓમાં દસ્તાવેજી રૂપમાં અહકામો મોકલ્યા. સહાબાએ કિરામે તેનો સંગ્રહ કરી લીધો અને વ્યક્તિગત રીતે હદીષોની હિફાઝત ફર્માવી. હિફાઝત કેમ ન કરતા ? કેમ કે મહબૂબની દરેક ચીજ મહબૂબ હોય છે. આ પ્રકારના ઘણાયે સહીફાઓ (સંગ્રહ) હતા જેમ કે સહીફએ સિદ્દીકી, સહીફએ અલ્વી, સહીફએ સુમુરહ, સહીફએ સાદિક઼, સહીફએ સહીહા. (હિ.સ. ૫૭ પહેલાં) વગેરે વગેરે.

**(૪)** દરેક સહાબીનો એ દરજ્જો ન હતો કે તેઓ જાતે કુર્આન તથા હદીષની રોશનીમાં ફત્વો આપતા તથા ફૈસલો કરતા, અકાબિર (મોટા) સહાબાએ એ જિમ્મેદારી નિભાવી. ખુલ્ફાએ રાશિદીન તથા સહાબાએ કિરામના ફૈસલાઓ તથા ફત્વાઓને પણ સંગ્રહી લેવામાં આવ્યા. ચારેવ ખલીફાઓના ફત્વા પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالٰی عنہماના ફત્વાઓ વીસ ભાગોમાં પ્રકાશિત થયા હતા.

**(૫)** કુર્આને હકીમ દ્વારા ખબર પડે છે કે માત્ર દીનની સમજ રાખનાર જ કુર્આનને સમજવાની ક઼ાબેલિયત ધરાવે છે, દરેક વ્યક્તિ તેવી સમજ નથી ધરાવતો કે કુર્આન તથા હદીષમાંથી મસાઈલ કાઢે અને ફૈસલા કરે. એટલા માટે જ કુર્આને કરીમમાં ઈલ્મ તથા ઈલ્મવાળાઓનું વર્ણન કરવામાં આવ્યું છે અને હિકમત તથા સમજ ધરાવનારાઓનુ વિશેષ વર્ણન કરવામાં આવ્યું છે જેથી દીનથી અજ્ઞાન કોઈ દુન્યવી ભણેલો ગણેલો દીનમાં દખલગીરી ન કરે. અને આ વાત કુર્આને હકીમની જ સાથે ખાસ નથી. દરેક કિતાબને સમજવા માટે તેના યોગ્ય તથા સુપાત્ર વ્યક્તિની જરૂરત હોય છે, દરેક સાહિત્યકાર તેને સમજવાનો દાવો નથી કરી શકતો. કિતાબને સમજવા માટે માત્ર સાહિત્ય તથા ભાષા જાણવા જ પૂરતુ નથી, પરંતુ તેના સિવાય પણ ઘણુ બધુ જરૂરી છે.

**(૬)** સહાબાએ કિરામે હુઝૂર ﷺની તક઼લીદ કરી. સહાબાએ કિરામે હુઝૂર ﷺના વિસાલ પછી અકાબિર (મોટા) સહાબીઓની તક઼લીદ કરી, તેમની જ તક઼લીદ તાબઈનએ પણ કરી, ત્યાર બાદ તબએ તાબઈનએ અકાબિર તાબઈનની તક઼લીદ કરી, ત્યાર પછી અઈમ્મએ કિરામની (ઈમામોની) તક઼લીદનો ક્રમ

શરૂ થયો અને આ ક્રમ બાકી રહ્યો, ત્યાં સુધી કે તક્લીદનું આ કાર્ય પોતાની સીમાએ પહોંચ્યું. આ હકીકત પણ ધ્યાનપાત્ર છે કે હદીષના ઈમામો પણ મુકલ્લિદ હતા, જેમ કે ઈમામ બુખારી શાફઈ હતા ઈબ્ને માજા એ માલિકી હતા, ઈમામ તહાવી હનફી હતા, ઈબ્ને તૈમિયા તથા ઈબ્ને કૈય્યિમ હંબલી હતા. શાહ વલીયુલ્લાહ હનફી હતા વગેરે વગેરે. આ ચાર ઈમામોની તક્લીદ પણ એટલા માટે કરવામાં આવી કે તેઓ નબવી યુગથી નિકટ અને ઘણા નિકટ છે. નજીકનું નિરીક્ષણ દૂરવાળાથી હમેશાં વધારે બેહતર અને સત્ય હોય છે, કોઈપણ સમજદાર વ્યક્તિ નજીકવાળાને છોડીને દૂરવાળાની વાત નથી માનતો.

**(૭)** જે ચાર ઈમામોની ઈસ્લામી જગત તક્લીદ કરે છે તેમનો મુબારક યુગ પહેલી સદી હિજરીથી લઈને ત્રીજી સદી હિજરી સુધી છે. ઈમામ અબૂ હનીફા હિ.સ. ૮૦થી પહેલાં અથવા હિ.સ. ૮૦માં પેદા થયા. અને હિ.સ. ૧૫૦ માં ઈંતેકાલ ફર્માવ્યો. ઈમામ માલિકે હિ.સ. ૧૭૯માં ઈન્તેકાલ કર્યો. ઈમામ શાફઈએ હિ.સ. ૨૦૪માં ઈંતેકાલ ફર્માવ્યો. ઈમામ અહમદ બિન હંબલે હિ.સ. ૨૯૧માં ઈંતેકાલ ફર્માવ્યો જેથી કરીને ચારેવ ઈમામોનો સંબંધ એ મુકદ્દસ, પવિત્ર યુગથી હતો જેને ''ખૈરુલ કુરૂન'' (સૌથી બેહતર યુગ) કહેવામાં આવે છે અને જેની ફઝીલત હદીષ શરીફમાં આવી છે. આ ફઝીલતથી કોઈને પણ ઈન્કાર નથી.

**(૮)** ચારેવ ઈમામોએ કુર્આને કરીમ, હદીષના ખજાનાઓ તથા સહાબાએ કિરામના ફત્વાઓ તેમજ ફેંસલાઓને નજરો સમક્ષ રાખ્યા અને એવી સમજદારી તથા હિકમતથી કામ લીધું જેનું વર્ણન કુર્આને હકીમમાં કરવામાં આવ્યું છે. અને એ પધ્ધતિથી સર્વ કાંઈ શીખ્યા જે હુઝૂર ﷺએ સહાબાએ કિરામને તા'લીમ આપી. એમ સમજવું કે ચારેવ ઈમામો હદીષોથી ગાફિલ હતા અને પોતાની મનમાની ઉપર અમલ કરતા હતા, એ ઈતિહાસના વિરુદ્ધ નાના બાળકો જેવો ખયાલ છે જેને સચ્ચાઈ સાથે કોઈ સંબંધ નથી. દરેક મસ્અલા ઉપર ચિંતન કરવામાં આવે છે. ત્યારે જ મસ્અલાનો ઉપાય સામે આવે છે. ઈમામો અને મુજતહિદોએ પણ કુર્આન તથા હદીષમાં ગૌરો ફિક્ર (ચિંતન) કર્યું અને આપણા હજારો મસાઈલ હલ ફર્માવ્યા. હવે આ ગૌરો ફિક્રને ''મનમાની રાય''થી સંબોધવું એક એવો અપરાધ છે જેનું ઈલ્મ તથા અક્લમંદીના ઈતિહાસમાં દષ્ટાંત નથી મળતુ.

**(૯)** અમુક સહાબા ફક્ત મોહદ્દિષ હતા, અમુક મોહદ્દિષ પણ હતા અને ફકીહ પણ હતા, અમુક તાબઈન માત્ર મોહદ્દિષ હતા અમુક મોહદ્દિષ પણ હતા અને ફકીહ પણ હતા. અમુક તબએ તાબઈન માત્ર મોહદ્દિષ હતા, અમુક મોહદ્દિષ પણ હતા અને ફકીહ પણ હતા. મોહદ્દિષ માટે ફકીહ હોવું જરૂરી નથી. ફકીહ માટે મોહદ્દિષ હોવું જરૂરી છે. મોહદ્દિષો સમીક્ષા તથા પરખ કર્યા પછી હદીષો જમા કરે છે. મુજતહિદો તથા ફકીહો એ જ હદીષોમાંથી મસાઈલ કાઢે છે. અઈમ્મએ મુજતહિદીન (મુજતહિદ ઈમામોનો) ઈન્કાર કરવો એક રોશન હકીકતનો ઈન્કાર કરવું છે. આ સત્યતાને એક ઉદાહરણ વડે પણ સમજી શકાય છે. યાદ રાખો કે શારીરિક બીમારીઓના ઈલાજ અંગે એક જમાઅત (ગૃપ) જડી બુટ્ટીઓને ભેગી કરે છે તે જડી બુટ્ટીઓની વિશિષ્ટતા જાણવા માટે બીજુ ગૃપ હોય છે, તે જડી બુટ્ટીમાંથી અલગ અલગ પ્રકારની દવાઓ બનાવનારી ત્રીજી જમાઅત છે, બીમારીઓને ઓળખીને તેના માટે દવાઓ નિયુક્ત કરનારાઓની ચોથી જમાઅત છે. હવે જો કોઈ એવું કહે કે, ''પહેલા ગૃપ સિવાય ત્રણેવ ગૃપોએ જડી બુટ્ટીઓને ભેગી કરવાનું બંધ કરી દીધું એટલા માટે અમે બધાને છોડીને જાતે જંગલો તથા વાડીઓમાં જઈને જડી બુટ્ટીઓની શોધ કરીશું, જાતે જ તેની વિશિષ્ટતાઓની જાણકારી મેળવીશું, જાતે જ દવાઓ બનાવીશું, જાતે જ બીમારીઓની તપાસ કરી તેના માટે દવાઓ નિયુક્ત કરીશું, જાતે જ પોતાનો ઈલાજ કરીશું, તો આવા વ્યક્તિ વિશે તમે શું ફેંસલો કરશો ? શું આવા કૃત્યને તમે અક્કલ તથા બુદ્ધિના ત્રાજવામાં મૂકી શકશો ? નબી ﷺના યુગથી હદીષોનો લેખિત સંગ્રહ પરંપરાગત રીતે અદલ બદલ થતો આવ્યો. હા ! કિતાબી રૂપમાં સંપાદિત ન હતું, ત્યાર પછી આ મહત્વનું કામ પણ થઈ ગયું. લગભગ સૌથી પહેલાં ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضي الله عنهનો હદીષોનો સંગ્રહ કિતાબી રૂપે પ્રકાશિત થયો જેનું નામ ''કિતાબુલ્ આષાર'' રાખવામાં આવ્યું. ત્યાર બાદ ઈમામે માલિકે ''મોઅત્તા'' સંપાદિત કરી. ત્યાર પછી ઈમામે આ'ઝમના મહાન

શાગિર્દ ઈમામ મુહમ્મદે (વફાત : હિ.સ. ૩૨૧) ''મોઅત્તા ઈમામ મુહમ્મદ'' સંપાદિત કરી. ત્યાર પછી હદીષના ઈમામો હદીષના સરમાયાનું લગાતાર સંપાદન કરતા રહ્યા, જેમ કે ઈમામ અહમદ બિન હંબલે ''મુસ્નદ'', ઈમામ બુખારીએ ''સહીહ બુખારી'', ઈમામ મુસ્લિમે ''સહીહ મુસ્લિમ'', ઈબ્ને માજાએ ''સુનને ઈબ્ને માજા'', ઈમામ તિર્મિઝીએ જામેઅ તિર્મિઝી'', ઈમામ નસાઈએ ''સુનને નસાઈ'' ઈમામ તહાવીએ ''શરહે મઆનીયુલ આષાર'' વગેરે સંપાદિત કરી. આમ કહેવું કે હદીષનો સરમાયો (સંગ્રહ) બસો ત્રણસો વર્ષ પછી સંપાદન કરવામાં આવ્યો એ ઐતિહાસિક દષ્ટિએ સરાસર જૂઠ છે. મુહદ્દિષોએ જે હદીષોનો સંગ્રહ કર્યો એ તે જ હદીષો હતી જેને દષ્ટિમાં રાખી અઈમ્મએ મુજતહિદીને (મુજતહિદ ઈમામોએ) મસાઈલ તથા અહકામો નિષ્કર્ષ કર્યા.

**(૧૦)** ઈમામે આ'ઝમ અબૂ હનીફા ચારેવ ઈમામો તેમજ તાબઈનમાં કેટલીયે વિશિષ્ટતાઓના કારણે ઘણા અનોખા તથા પ્રતિષ્ઠિત હતા. આપે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالَى عَلَيْهِمْ أَجْمَعِيْنَની ઝિયારત ફર્માવી. અકાબિર (મહાન) સહાબા જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللهِ تَعَالَى عَلَيْهِمْ أَجْمَعِيْنَ દ્વારા ફયૂઝ પામેલાઓથી ફયૂઝ હાંસલ કર્યો. સહાબીએ રસૂલ હઝરત અનસ બિન માલિક, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હારિષ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઔફી رِضْوَانُ اللهِ تَعَالَى عَلَيْهِمْ أَجْمَعِيْنَ આપના ઉસ્તાદ હતા. આપના ઉસ્તાદો હજારથી પણ વધુ છે.

**(૧૧)** ઈસ્લામી શાસનનો વિસ્તાર જે ઝડપથી ફેલાય રહ્યો હતો અને ઝડપથી નવા નવા મસાઈલ જન્મ પામી રહ્યા હતા એ જ ઝડપથી ઈમામો તથા મુજતહિદોએ 'ફિક્હ'નું સંપાદન કર્યું અને ઈસ્લામી જગતની એક મોટી સમસ્યા તેમણે હલ (આસાન) કરી આપી. ઈમામ અબૂ હનીફાએ એક બોર્ડની સ્થાપ્ના કરી જેમાં દરેક ફન (વિદ્યા)ના માહિરો ઉપસ્થિત હતા. કેમ કે **કુર્આન તથા હદીષને સમજવા માટે માત્ર અરબી ભાષા જાણવી જરૂરી નથી.** અલગ અલગ આધુનિક તથા ભવિષ્યમાં પેદા થનાર મસાઈલ ઉપર બહષો કરીને ગૌરો ફિક્ર થઈ અને ગૌરો ફિક્ર (વિચારણા)ના પરિણામે ત્યાસી (૮૩) હજાર મસ્અલાઓનો હલ (ઉકેલ) કુર્આન તથા હદીષની રોશનીમાં રજૂ કરવામાં આવ્યો. શરીઅતના કાનૂનનો આ મહાન સંગ્રહ હિ.સ. ૧૧૪થી પૂર્વે થઈ ચૂક્યો હતો. ઈમામ અબૂ હનીફા رَضِيَ اللهُ عَنْهُનું આ મહાન ઈલ્મી કારનામુ છે, અને ઉમ્મતે મુસ્લિમા ઉપર એહસાને અઝીમ છે. ત્યાસી હજાર (૮૩૦૦૦) મસાઈલ ઉપર આધારિત શરીઅતના કાનૂનો સંપાદન થયા પછી ઈમામ અબૂ હનીફાએ બોર્ડના મેમ્બરો સમક્ષ તથા એક હજાર તાલિબે ઈલ્મો સમક્ષ જે ખુત્બો ઈર્શાદ ફર્માવ્યો તેના નિમ્નલિખિત મુદ્દાઓ ઈસ્લામી જગતના જજો, લેખકો, કાઝીઓ તથા મુફતીઓ માટે પૈરવીના (અનુસરણને) પાત્ર છે. આ મુદ્દાઓમાં મોમિનાના સમજ પણ છે તથા હકીમાના બસીરત પણ છે. જુઓ :

- હું તમને અલ્લાહની કસમ તથા તેના ઈલ્મનો વાસ્તો આપુ છું કે આ ઈલ્મ (ફિક્હ)ને ક્યારે પણ રૂસ્વા (બેઈજ્જત) ન કરશો.
- કઝાનો દરજ્જો (જજોનો દરજ્જો) ત્યારે જબરાબર છે જયારે કે કાઝી (જજ)નું જાહેર તથા બાતિન (અંતર) પાક હોય.
- તમારામાંથી જે પણ આ મર્તબાને સ્વીકારે તે પોતાના તથા અવામ (પ્રજા)ના દરમિયાન રૂકાવટો ઉભી ન કરે.
- દરેક હાજતમંદને તમારા સુધી પહોંચ હોય.
- અમીર તથા હાકિમ ખુદાની મખ્લૂક સાથે ખોટો વર્તાવ કરે તો કાઝી અથવા જજ તેની તપાસ કરીને ફૈંસલો કરે.

**(૧૨)** આમાં કાંઈ શંકા નથી કે ઈમામે આ'ઝમ رَضِيَ اللهُ عَنْهُ હુઝૂર ﷺનો મહાન મો'જિઝો હતા. કુર્આને કરીમમાં સૂરએ ''જુમ્આ''ની આયત નં. ૨, ૩ જ્યારે નાઝિલ થઈ જેમાં ફર્માવવામાં આવ્યુ છે કે હુઝૂર ﷺ ભવિષ્યમાં આવનારાઓને પણ પાક કરે છે અને ઈલ્મ અતા કરે છે. તો હઝરત અબૂ હુરૈરહ્ رَضِيَ اللهُ عَنْهُએ તે આવનારાઓ વિશે સવાલ કર્યો. આપ ﷺએ જવાબ ન આપ્યો, ફરીવાર પૂછયું, જવાબ ન મળ્યો. ફરીવાર પૂછયું, જવાબ ન મળ્યો, ફરી અર્ઝ કરી તો ભેદથી પર્દો

ઉઠાવ્યો અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ તરફ સ્પષ્ટ ઈશારો ફર્માવ્યો. ઈન્શાઅલ્લાહ ! તેનું વિસ્તૃત વર્ણન બીજી કોઈવાર રજૂ કરવામાં આવશે. મુહદ્દિષોમાં ઈમામ જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہ તથા શાહ વલીયુલ્લાહ رحمۃ اللہ علیہએ આ હદીષ શરીફનો યથાર્થ ઈમામ અબૂ હનીફાને ઠરાવ્યા છે. ઈમામ તહાવી તથા ઈબ્ને હજર હૈષમીએ ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہને તાજદારે દો આલમ صلی اللہ علیہ وسلمના મો'જિઝા કહ્યા છે.

**(૧૩)** ઈબ્ને ખલ્દૂને (એક ઈતિહાસકાર) છસો વરસ પહેલાં, અમીર ખુસ્રૂએ સાતસો વરસ પહેલાં, શૈખ અહમદ સરહિંદી મુજદ્દિદ અલ્ફેષાનીએ ચારસો વરસ પહેલાં ઈસ્લામી જગતમાં ખાસ કરીને એશિયા વગેરેમાં એહલે સુન્નત વલ જમાઅત તથા હનફીઓની બહુમતિનું વર્ણન કર્યું છે. આજના ફાઝિલ ડોકટર સુબ્હી મહ્‌મસાનીએ હનફીઓને ધરતી ઉપરના મુસલમાનોનો પોણો (૨/૩) ભાગ ઠરાવ્યો છે. એટલે કે ઐતિહાસિક રીતે હનફીઓને મિલ્લતે ઈસ્લામિયાનો સવાદે આ'ઝમ (મોટો ગિરોહ) સ્વીકાર કર્યો છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, "મેં દુઆ કરી કે મારી ઉમ્મત ગુમરાહી ઉપર એકમત ન થાય, તો અલ્લાહ તઆલાએ દુઆ કૂબૂલ ફર્માવી. મારી ઉમ્મત ક્યારે પણ ગુમરાહી ઉપર એકમત નહીં થાય." આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જમાઅતની પેરવી કરો." અને ફર્માવ્યું, "સવાદે આ'ઝમ (મોટા ગિરોહ)ની પેરવી કરો." આમ પણ ફર્માવ્યું, "જમાઅત તથા આમ મો'મિનોની પેરવી કરો." એ પણ ફર્માવ્યું કે, "જમાઅત ઉપર અલ્લાહનો હાથ છે." અમીર શકીબ અરસલાંએ હુસ્નુલ્‌મસાઈના હાશિયામાં લખ્યું છે કે, મુસલમાનોની બહુમતિ ઈમામ અબૂ હનફાની પેરવી કરનાર છે.

ખૂદ ગૈર મુક઼લ્લિદોમાં નવાબ સિદ્દીક઼ હસનખાન ભોપાલી, મોલ્વી ષનાઉલ્લાહ અમૃતસરીએ પણ આ જ લખ્યું છે. ગૈર મુક઼લ્લિદ આલિમ મોલ્વી મુહમ્મદ હુસૈન બટાલ્વીએ ગૈર મુક઼લ્લિદોને "આટામાં નમકની બરાબર" ઠરાવ્યા છે. અલ્લાહ તઆલાએ ઈમામે આ'ઝમ અબૂ હનીફાને મક઼બૂલિયત અતા ફર્માવી છે, તે તેજ મક઼બૂલિયત તથા મહબૂબિયત છે જે તે પોતાના ખાસ બંદાઓને અતા ફર્માવે છે અને જેનું હદીષ શરીફમાં પણ વર્ણન છે. જે આ મક઼બૂલ તથા મહબૂબ બંદાઓની સાથે ઝઘડો વહોરી લે છે. તેઓને અલ્લાહ તઆલા ફર્માવે છે કે, "તેઓ મારી સાથે યુદ્ધ કરવા માટે તૈયાર થઈ જાય !" કોણ એવો બદ્‌નસીબ છે જે અલ્લાહ સાથે જંગ કરવા તૈયાર હોય ?!

**(૧૪)** જમાઅતના સ્વરૂપમાં ચારેવ ઈમામોથી બેઝાર તથા તક઼લીદથી ભાગવાનો (દૂર રહેવાનો) વિચાર ગુલામીના યુગની યાદગાર છે. અને આ ઈન્કાર તથા બેઝારી પણ ખાસ ખાસ હસ્તીઓથી જ છે જેનાથી અંદાઝો થાય છે કે આ પ્રકારની બેઝારી તથા ઈન્કારનું મૂળ કારણ રાજનૈતિક (પોલિટિકલ) છે, ધાર્મિક તથા મઝહબી નથી. આ વિચારધારાનું એક કારણ એ પણ છે કે લાહોરમાં એહલે હદીષના હેડ ક્વાર્ટરમાંથી "એહલે કુર્આન"ની તેહરીકે (ફિર્ક઼ાએ) જન્મ લીધો. આ ખુલાસો એહલે હદીષના આલિમ મોલ્વી મુહમ્મદ હુસૈન બટાલ્વીએ કર્યો છે. *(ઈશાઅતુસ્સુન્ના, ભાગ–૧૯, અંક–૮, પેજ–૨૫૨)* તમે જાતે વિચારો કે કયાં એહલે હદીષ અને ક્યાં એહલે કુર્આન ? આ બંને ફિર્ક઼ાઓએ મુસલમાનોની એકતાને ડિસ્ટર્બ કરી છે. એટલા માટે અમુક વિદ્વાનોનું માનવું છે કે મુસલમાનોની એકતાના ટુકડા ટુકડા કરવાનું આ એક મહાન ષડયંત્ર છે. નાબિલ્સના જજ તથા ન્યાય સમિતિના અધ્યક્ષ યૂસુફ ઈસ્માઈલે ઉપરોક્ત શંકા તથા ભય વ્યક્ત કર્યો છે. (શવાહિદુલ હક્ક઼, લાહોર, પેજ–૪૯) જેમ કે કહેવામાં આવ્યું કે તક઼લીદ વિના કોઈ ચારો (ઉપાય) નથી કેમ કે તે વ્યક્તિની જરૂરત છે. એટલા માટે **ગૈર મુક઼લ્લિદો પણ તક઼લીદ કરવા માટે મજબૂર છે.** પોતે ગૈર મુક઼લ્લિદ આલિમ નવાબ વહીદુઝ્ઝમાં પોતાના મસ્લકી ભાઈઓને પૂછે છે :–

"આપણા એહલે હદીષ ભાઈઓએ 'ઈબ્ને તૈમિયા, ઈબ્ને કૈય્યિમ અને શૌકાની તથા શાહ વલીયુલ્લાહ તેમજ મોલ્વી ઈસ્માઈલને દીનના ઠેકેદાર બનાવી રાખ્યા છે. ભાઈઓ ! જરા વિચારો અને ન્યાય કરો ! જ્યારે તમે અબૂ હનીફા, શાફઈની તક઼લીદ છોડી તો ઈબ્ને તૈમિયા અથવા ઈબ્ને કૈય્યિમ તેમજ શૌકની જેઓ એમના ઘણા પાછળના છે તેમની તક઼લીદની શું જરૂરત ?!"

**(૧૫)** ઈસ્લામી ઈતિહાસમાં 'અહલે હદીષ' નામનો કોઈ ફિર્ક઼ો જોવા નથી મળતો. આ શબ્દ માત્ર અને માત્ર હદીષના નિષ્ણાતોના માટે ખાસ હતો. ગૈર મુક઼લ્લિદોએ

ક્યાં તો અંગ્રેજોની સહાયથી પોતાની હુકૂમત કાયમ કરી અથવા તો એશિયામાં અંગ્રેજોને સત્તા સ્થાપવામાં તેઓએ પૂરેપૂરી મદદ કરી, એટલા માટે ઈસ્લામી જગત ખાસ કરીને એશિયાના મુસલમાનો તેમનાથી નફરત કરતા હતા અને તેમને વહાબી કહેતા હતા. તેઓ (વહાબીઓ) મુસ્લિમ શાસનના વિરોધમાં અંગ્રેજી શાસનને રહમત સમજતા હતા. તેઓએ ૧૮૫૭ના ઈન્કિલાબ પછી અંગ્રેજ હાકિમોને પોતાની વફાદારીઓ યાદ અપાવીને દરખાસ્ત કરી કે તેઓને 'વહાબી'ના બદલે 'અહલે હદીષ' કહેવામાં આવે અને આ વિશે નોટિફિકેશન જાહેર કરવામાં આવે. આ પ્રમાણે દરખાસ્ત મંજૂર થઈ ગઈ અને નોટિફિકેશન જાહેર કરી આપવામાં આવ્યું. આ હકીકતનું સમર્થન એહલે હદીષ આલિમ મોલ્વી મુહમ્મદ હુસૈન બટાલવીના બયાનોથી થાય છે. નહીં તો આવા બયાનો ભરોસાપાત્ર ન સમજવામાં આવતાં અને કદાચ શંકાની દષ્ટિએ જોવામાં આવતાં, પરંતુ હવે ઐતિહાસક સચ્ચાઈઓની રોશનીમાં ઉઘાડા દિવસની જેમ જાહેર થઈ ગયું કે ગૈર મુકલ્લિદોને "એહલે હદીષ' નામ અંગ્રેજોએ આપ્યું છે. ઈ.સ. ૧૮૫૭ પહેલાં આ નામનો કોઈ ફિર્કો મુસલમાનોમાં હતો જ નહીં.

**(૧૬)** અમે ઈલ્મી તથા ઐતિહાસિક સચ્ચાઈઓ વિના તરફદારીએ આપની સમક્ષ રજૂ કરી આપી છે. હવે તમે જાતે જ પોતાની બુદ્ધિ તથા પોતાના ઝમીરને પૂછો કે :–

- જે ફિર્કો ઘણી જ ઓછી સંખ્યામાં (લઘુમતિ) હોય.
- જેણે અંગ્રેજોની તરફદારી તથા સહાયતા કરી હોય.
- જે અંગ્રેજોની હુકૂમત (સત્તા)ને મુસલમાનોની હુકૂમત કરતાં સારી સમજતો હોય.
- જેનું નામ જ અંગ્રેજોએ આપ્યું હોય.
- જે સવાદે આ'ઝમ (મોટા ગિરોહ)થી દુશ્મની ધરાવતો હોય કે જે સવાદે આ'ઝમની પેરવીનો હુકમ હુઝૂર પૂરનૂર ﷺએ આપ્યો છે, અને જેઓ સવાદે આ'ઝમને મુશ્રિક કહેવાથી પણ શરમાતા ન હોય, શું તેઓ હક્ક પર છે ? અથવા તે જમાઅત હક્ક પર છે ? કે પછી....
- જે ઘણી મોટી સંખ્યા (બહુમતિ)માં હોય.
- જેણે ક્યારે પણ અંગ્રેજોની હિમાયત તથા મદદ ન કરી હોય.
- જે અંગ્રેજોની હુકૂમતથી મુસલમાનોની હુકૂમતને સારી સમજતી હોય.
- જેનું નામ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺએ "અહલે સુન્નત વલ જમાઅત" રાખ્યું હોય.
- જે પોતે મિલ્લતે ઈસ્લામિયાનો સવાદે આ'ઝમ (મોટો ગિરોહ) હોય.

અલ્લાહ તઆલા આપણને સૌને કુર્આન તથા હદીષ સમજવાની તથા તેની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

*–(કન્ઝુલ ઈમાન મંથલી, ઓગસ્ટ–૨૦૦૪)*


કિતાબ મંગાવો !

**બહારે શરીઅત**

લેખક : **સદરુશ્શરીઅહ્ હઝરત અલ્લામા અમજદ અલી** رحمۃ اللہ علیہ

**અનુવાદકો** : હઝરત સૈયદ કમરુદીનબાવા તથા મર્હૂમ ડોસુભાઈ પહોંચીયા મોડાસ્વી

**:: પ્રથમ વિભાગ ::** **બંને વિભાગની કિંમત રૂા. ૩૦૦/– (ટપાલ ખર્ચ રૂા. ૨૫ અલગ)** **:: બીજો વિભાગ ::**

**ભાગ–૧** : અકીદા (અલ્લાહ, રસૂલ, વલી, ફરિશ્તા વગેરે વિશે) આલમે બરઝખ (કબ્ર), કયામત, જન્નત, જહન્નમ, કેટલાક બાતિલ ફિર્કાઓ વગેરેનું બયાન. **ભાગ–૨** : તહારત (પાકી) : વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, હૈઝ, નિફાસ, ઈસ્તિન્જા વગેરેનું બયાન. **ભાગ–૩** : નમાઝનું બયાન, નમાઝના ફઝાઈલ, ફર્ઝો, શર્તો, અઝાન, ઈમામત, જમાઅત, મસ્જિદ વગેરેનું બયાન. **ભાગ–૪** : વિત્ર, નફલ, સુન્નતેં, નમાઝે ઈસ્તેખારા, સલાતુત્તસ્બીહ, કઝા નમાઝ, કઝાએ ઉમરી, સિજદએ સહવ, મુસાફિરની નમાઝ, જુમ્આ વગેરેનું બયાન. **ભાગ–૫** : ઝકાતનું બયાન, ઝકાત ન દેનારના અઝાબ, સદકાએ ફિત્ર, રોઝાનું બયાન, આશૂરાના ફઝાઈલ, અન્ય નફલ રોઝાઓ, એતેકાફ વગેરેનું બયાન.

**ભાગ–૬** : હજ્જ વિશે તથા ઝિયારતે રૌઝએ રસૂલ વિશે બયાન. **ભાગ–૭** : નિકાહ વિશે, મેહરમો વિશે...વગેરેનું બયાન **ભાગ–૮** : તલાક વિશે બયાન, સોગ વિશે, ઔલાદની તર્બિયત વગેરે વિશે બયાન. **ભાગ–૯** : ગુલામ આઝાદ કરવા વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ...વગેરે વિશે બયાન. **ભાગ–૧૦** : લકીતનું બયાન, ભાગીદારી, વકફનું બયાન, મસ્જિદ, કબ્રસ્તાન વગેરેનું બયાન

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦, ઈન્ડિયા (ગુજરાત) ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧ (ઓ), ૨૮૦૧૯૨ (ઘર), ૨૮૦૨૯૨ (ઘર), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧




રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
(મુદર્રિસ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

આજે ખાસ કરીને એશિયાઈ દેશોમાં જ અજંપો, અરાજક્તા, હુલ્લડો, આતંકવાદી હુમ્લા વગેરેના બનાવો દિન પ્રતિ દિન વધી રહ્યા છે. જ્યારથી યૂરોપ અમેરિકી દેશોએ પોતાના સ્વાર્થ ખાતર અવનવી પોલીસીઓથી એશિયામાં દખલગીરી શરૂ કરી છે ત્યારથી આ ધાંધલો શરૂ થઈ ગયાં છે. તો આ બધા પાછળ આયોજનપૂર્વકની કોઈ નાપાક શક્તિ કાર્યરત છે એ ચોક્કસ છે અને તે નાપાક શક્તિનું નામ યહૂદિયત તથા ઈઝરાઈલ છે. આ મૂઝી કૌમ વિશ્વના લોકો ખાસ કરીને મુસ્લિમો માટે અતિ ખતરનાક કૌમ છે.

યહૂદીઓ અને ઈસાઈઓની ઈસ્લામ તથા મુસ્લિમ દુશ્મની એક એવી સત્ય હકીકત છે જેના પર ઈતિહાસ સાક્ષી છે, ભૂતકાળ તથા વર્તમાનની ઘટનાઓ ગવાહ છે અને કુર્આન પણ તેનો ઉલ્લેખ કરે છે. પરંતુ યહૂદી કૌમ જેને કુર્આને દુનિયાની સૌથી બદ્તરીન અને નીચ વૃત્તિવાળી કૌમ રૂપે વર્ણવી છે તે આજે શૈક્ષણિક, વ્યાપારિક, ધંધાકીય, રાજનૈતિક સર્વ વિભાગોમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપવામાં સફળતા મેળવી રહી છે જેના અમુક પાયાના કારણો છે કે તેમણે પ્રત્યેક દેશ, કૌમ અને સંસ્થાઓમાં પોતાના ખરીદેલા પાલતુ ટ્રેઈન્ડ લોકોને દાખલ કરી દીધા છે જેઓ દરેક દેશ વિસ્તારના લોકોમાં, સંસ્થાઓમાં ભળી જાય છે, પોતાને તેમના શુભેચ્છક જાહેર કરી અંદરો અંદર તેમના અકીદાઓ તથા માન્યતાઓમાં અવિશ્વાસ ઉભો કરી, આંત્રિક વિખવાદ ફેલાવી આર્થિક રીતે તેમની કમર ભાંગી નાખે છે, પછી તેમની કમજોરીનો ફાયદો ઉઠાવી પોતે જ તેમના હમદર્દ બને છે જેથી તેમને આર્થિક અને માનસિક રીતે ગુલામ બનાવી શકાય.

## દુનિયાને તાબે કરવા યહૂદી ષડયંત્રો

પોતાના નાપાક ઈરાદાઓને પૂર્ણ કરવા સમાજ સેવાના નામ પર વિશ્વભરમાં એવા પ્રપંચી યહૂદીઓ કાર્યરત છે જેઓ સમાજના અગ્રણી લોકો સાથે મળીને પોતાના પૂર્વ આયોજીત હેતુઓને પૂરા કરી રહ્યા છે. વિશ્વ કક્ષાની યહૂદી સંસ્થા "ફ્રી મેસન"ની કાર્યપધ્ધતિ એ જ છે કે દુનિયાના અમીરો અને પ્રભાવશાળી લોકોને એ રીતે સમાજ સેવાના નામ પર "ફ્રી મેસન"ની સાથે જોડે છે અને પોતાના જાહેર એજન્ડાને એટલા આકર્ષક સ્વરૂપમાં રજૂ કરે છે કે તેઓ આ સંસ્થા સાથે મળીને કામ કરવામાં ગર્વ અનુભવે છે અને પોતાના કામમાં એટલા મગન થઈ જાય છે કે એમને એ પણ ભાન નથી રહેતુ કે જે સંસ્થાની સાથે તેઓ જોડાયેલા છે તેનો વાસ્તવિક હેતુ શું છે ?!

દૌલતની રેલમછેલ અને અસામાન્ય રાજનૈતિક્તાના કારણે યહૂદીઓ સાયન્સ, ટેક્નોલોજી, શિક્ષણ અને રાજનીતિ જેવા મુખ્ય ક્ષેત્રો પર કબ્જો જમાવી U.N.O. તથા તેની સિક્યુરિટી કાઉન્સિલ પર પોતાની પોલિટિકલ પકડ મજબૂત કરી ચૂક્યા છે, તેમની અનુમતિ વિના U.N.O. માં ન કોઈ બીલ પાસ થઈ શકે છે ન તેને અમલમાં લાવી શકાય છે. તેમણે આર્થિક પ્રબંધ પણ એવો કર્યો છે કે **આખા જગતની કમાણી યહૂદી બેંકોમાં જમા થઈ ન જાણે કેટલા મોટા ફાયદા તેમને પહોંચાડી રહી છે. વર્લ્ડ બેંક, આઈ.એમ.એફ (I.M.F.) લંડન કલબ, પ્રેસ કલબ જેવી વ્યાજ આપનારી બેંકો હકીકતમાં યહૂદી મનસૂબાઓને પૂર્ણ કરવાના રસ્તા સરળ બનાવતી સંસ્થાઓ છે અને વ્યાજ તેમની જાદૂઈ લાકડી છે.** સ્વાસ્થ્ય અને મેડિકલના નામે પણ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, યુનિસેફ જેવી સંસ્થાઓ વિશ્વને તાબે કરવાની વરસોની યહૂદી પોલીસી માટે કાર્યરત છે, આયોડિન મિશ્રિત સોલ્ટ, કુટુંબ નિયોજન, નસબંદી જેવા કાયદા થકી યહૂદી સિવાય આખી દુનિયાને બર્બાદીના ઘાટે પહોંચાડી રહી છે જેનાથી ઉપજેલી નગ્નતા, બળાત્કાર, કેન્સર, લક્વા જેવી સામાજીક તથા શારીરિક બીમારીઓનું વિનાશકારી પરિણામ જગજાહેર છે. વ્યવસાયી મંડીને પોતાના હેઠળ રાખવા યુ.એન.ઓ. (U.N.O.)ની I.L.O. સંસ્થા સ્થાપી જેથી પોતાની ઈચ્છાનુસાર જ્યારે અને જ્યાં ચાહે ત્યાંના વ્યવસાયને પાયમાલ કરી શકે.

શિક્ષણ વ્યવસ્થા પણ યહૂદી સંકજામાં આવી ફાયદા કરતાં નુકસાન વધારે પહોંચાડી રહી છે જેનું ઉદાહરણ સામાન્યતઃ જોવા મળે છે. સાહિત્ય, લિટરેચર અને

મિડિયાની સ્થિતિ તો ઘણી જ ગંભીર છે. પત્રકારિત્વ અને સાહિત્યના નામે તથા T.V. થકી અતિ નાપાક સામગ્રી પીરસવામાં આવી રહી છે જેના પરિણામે આજની નવી પેઢી અય્યાશી, વ્યભિચાર અને ફેશનના નામ પર નગ્નતા જેવા હાનિકારક રોગોમાં સપડાય રહી છે જે આપણી નજરો સમક્ષ છે.

દુનિયાને યહૂદિયતના તાબે કરવા અને જગત પર યહૂદી સામ્રાજ્ય થોપવા માટે કરવામાં આવેલા ષડયંત્રોના આ અમુક ઉદાહરણો આપણે જોયાં. યહૂદિયતના પ્રચાર પ્રસાર, દુનિયાની આર્થિક તથા વ્યાપારી મંડી પર કબ્જો અને વિશ્વ કક્ષાએ ભંગાણ ખડુ કરવા માટે "પ્રોટોકોલ્ઝ" (ક઼રારનામા)ના રૂપમાં જે આયોજીત કરવામાં આવેલુ હતું તેને ઉઘાડુ કરીને તેના ભયંકર નુકસાનો અને વિનાશકારી પરિણામોથી વિશ્વ બિરાદરીને સાવચેત કરવાની ઘણી જ જરૂરત છે કે જેથી બચાવના ઉપાય શક્ય બને.

## યહૂદી પ્રોટોકોલ્ઝ (ક઼રારનામુ)

યહૂદીઓ માટે પ્રબળ રાજનીતિ કરવા માટે સંસ્કારિક પ્રતિષ્ઠા તથા મૂલ્યોનું ખૂન કરવું કોઈ શરમની વાત નથી બલ્કે એમના નજીક ધાર્મિક તથા સંસ્કારી મર્યાદાઓને માન આપનાર કદી રાજકરણમાં સફળ નથી થઈ શક્તો :–

"રાજનીતિ અને સંસ્કારિક મૂલ્યોમાં કોઈ સમભાવ નથી, રાજનેતામાં ધોકાબાજી, જૂઠ, પ્રપંચ, ખયાનત, બનાવટીપણુ એ અત્યંત અનિવાર્ય એવા ગુણો છે અને સાચાબોલી, અમાનત, ઈમાનદારી જેવા ગુણો ધરાવતા રાજનીતિજ્ઞની રાજનીતિનો અંત સ્વાભાવિક વાત છે, આવા ગુણો એવી તબાહીને નોંતરે છે જે એક સશક્ત શત્રુથીયે પણ શક્ય નથી." *(વષાઈક઼ે યહૂદિયત, ઉર્દૂ તર્જુમો મુહમ્મદ યહ્યા ખાન, પ્રથમ ક઼રાર, પેજ–૧૧૦)*

આ પરથી પુરવાર થાય છે કે ઈઝરાઈલે વિશ્વશાંતિ, સંસ્કારિક્તા, જાહેરમત, હક઼ગોઈ, અમાનત જેવી સર્વમાન્ય બાબતોનું ખૂન કરીને જ કેટલાક દેશોને ગુલામ બનાવ્યા છે, જ્યાં વસતા લોકો પર ત્યાં સુધી જુલ્મ અત્યાચાર થતા રહેશે જ્યાં સુધી યહૂદી સામ્રાજ્ય રહેશે, કારણ કે તેમની પોલીસી મુજબ જુલ્મ કોઈ પણ પ્રકારનો હોય બુરો નથી, બલ્કે જરૂરત છે પસંદીદા છે.

## યહૂદીઓ અને અય્યાશી તથા બિભત્સપણાનો દુષ્પ્રચાર

યહૂદીઓએ વિશ્વભરમાં એવાં ષડયંત્રો કર્યા જેના દ્વારા બિનયહૂદી ક઼ૌમોને સજાતિય સંબંધોના શોખિન, સેક્સના આવારાપનના શિકાર અને વાસનાના દીવાના બનાવી શકાય, રાજનીતિજ્ઞો અને ઊંચા તબક઼ા સુધી પહોંચવા માટે સ્ત્રીને માધ્યમ બનાવી. જર્મની અને અન્ય કેટલાયે દેશોમાં સૃષ્ટિ વિરૂદ્ધ કૃત્ય અને ઝિનાકારીના અડ્ડા સ્થાપ્યા, હેવલોક એલિસના સર્વે અનુસાર બર્લીન શહેરમાં વીસ હજાર પુરૂષ વેશ્યા શરીર વેચવાનો ધંધો કરતા હતા. જર્મન પત્રકાર જુલ્યસ સ્ટ્રેચરે આ કુકર્મીના બજારના જિમ્મેદાર યહૂદીઓને જ ઠેરવ્યા. "એન્ડયાના યુનિવર્સિટી (અમેરિકા)ના પ્રોફેસર સ્ટિવન એલિન કાર્ર (Steven carr)એ પોતાની કિતાબ "હોલીવૂડ એન્ડ એન્ટી સેમીટીઝમ" (Holly wood & Anti Semitism) માં ફિલ્મી ઈન્ડ્રસ્ટીઝના ઈતિહાસના વિવિધ દૌરમાં વંશવાદ અને બન્ને વિશ્વ યુધ્ધોના વચગાળામાં યહૂદીઓના રોલનો સવિસ્તાર ઉલ્લેખ કરી જણાવ્યું છે કે **યહૂદીઓએ વિશ્વના સૌથી મોટા ફિલ્મી કેન્દ્રને કઈ રીતે પોતાના મક઼સદ માટે ઉપયોગ કર્યો છે."** *(હવાલો ઉપર મુજબ, પેજ–૯૨)*

એટલુ જ નહીં, વિશ્વસ્તરે નગ્નતા, વ્યભિચાર, ઝિનાકારી ફેલાવવા નશાવાળા પદાર્થો ફેલાવ્યા જેથી લોકો નશાની લતમાં મદહોશ થઈ અમાનવીય કૃત્યો કરી બર્બાદ થઈ જાય. આ એવી હક઼ીક઼તો છે જેનો સ્વીકાર ખૂદ યહૂદીઓએ ખુલ્લમ ખુલ્લા કર્યો છે :–

"નશીલા પદાર્થોએ ગૈર યહૂદી લોકોના હોશહવાસ છીનવી લીધા છે ખાસ એજન્ટો દ્વારા અમે લોકોને આ તરફ દોરવાની વ્યવસ્થા કરી છે. એજન્ટો એટલે કે તે શિક્ષકો જે તેમની અવલાદને પ્રશિક્ષણ અને તર્બિયત આપે છે, તેમની નોકરાણી, નોકર, ગાર્ડ, વાલી અને સામાન્યતઃ એમની સંગતમાં રહેતા લોકો છે. તદ્ઉપરાંત માલદારોને ત્યાં રહેતી ટ્યૂટર્સ શિક્ષિકાઓ અને અમારી (યહૂદીઓની) એ સ્ત્રીઓ છે જે અય્યાશીના અડ્ડાઓ પર લોકોને મળે છે જ્યાં જવાનુ લોકોને પસંદ હોય છે. આના અંતર્ગત હું એવી નામ માત્રની સોસાયટી લેડીઝનું પણ વર્ણન કરીશ જે સ્વેચ્છાએ અય્યાશી, બિભત્સાપણા અને આવારગી તરફ રૂચી ધરાવતા લોકોને પોતાની જાળમાં ફસાવે છે. *(હવાલો ઉપર મુજબ, પેજ–૧૧૧)*

શું આનાથી એ સ્પષ્ટ નથી થઈ જતું કે વિશ્વ સ્તરે શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપનાની આડમાં યહૂદીઓ બાળપણથી જ વિદ્યાર્થીઓમાં બેદીની તથા બુરાઈઓનું બીજ નાખી દે છે અને હવસને ભડકાવવા એવા કોર્સોનો સહારો લે છે જે બચપનથી જ બાળકોને આવારા બનાવી દે જેના પરિણામે નવી પેઢી ઝિના, વ્યભિચારમાં સપડાયને તબાહ થઈ જાય.

આજે હિંદુસ્તાનની સ્કૂલ કોલેજોમાં સેક્સ શિક્ષણની માંગણી એ પણ આ જ યહૂદી પોલીસીનું એક પરિણામ છે. જેના પર રાજનેતાઓ સહિત બુધ્ધિજીવીઓ અને સામાન્ય લોકોએ પણ સખત નોંધ લેવી જોઈએ. *(હવાલો ઉપર મુજબ)*

## રાજનૈતિક પ્રગતિ માટે યહૂદીઓનો લોહિયાળ પ્લાન

રાજનીતિ માટે બળપ્રયોગ એ તો યહૂદીઓનો મૂળ ભૂત સિધ્ધાંત છે :–

''શક્તિ અને ધોકાબાજી વિશિષ્ટ રૂપે રાજનીતિમાં લાભદાયક એવી ચીજો છે. જે લોકો પોતાના તાજને કોઈ નવી તાકાતના પગોમાં નાખવા નથી માંગતા તેમને ભય તથા આતંક, અતિજુલ્મ અને ધોકાબાજીથી વશ કરવા જોઈએ. જો લાંચ, દગો, ગદ્દારી અને બેવફાઈથી સફળતા મળતી હોય તો એમાં સહેજ સંકોચ ન કરવો જોઈએ.'' *(હવાલો ઉપર મુજબ, પેજ–૧૧૨)*

આ છે યહૂદીઓની સત્તા પોલીસીઓ ! હવે વિચારો આજના ત્રાસવાદી, આતંકવાદી, કટ્ટરપંથી શાથી ઉત્પન્ન થઈ રહ્યા છે ?

## આઝાદી અને સમાનતાના નારાથી કૌમી તથા ધાર્મિક માનમર્યાદાઓની પાયમાલી

આઝાદીના નામે ધાર્મિક માન્યતાઓ અને કૌમી ભાઈચારાનો જનાઝો કાઢવા પાછળ યહૂદીઓનો શો હેતુ છે એ એમના જ શબ્દોમાં સાંભળો :–

''આઝાદી, સમાનતા અને ભાઈચારાનું સૂત્ર જે અમે લોકોને આપ્યું છે એ દુનિયાના ખૂણે ખૂણામાં ફેલાય ગયું છે એ માટે અમે અમારા આંધળા એજન્ટોના શુક્રગુજાર છીએ કે તેમણે અમારા ઝંડાને બુલંદ કર્યો ! આ શબ્દો (આઝાદી, ભાઈચારો વિગેરે) દરેક જમાનામાં બિનયહૂદીઓની ભલાઈ અને કલ્યાણને ઉધઈની જેમ કોતરતા રહ્યા અને અમ્નો શાંતિ, એક્તા અને સંરક્ષણનો ખાત્મો કરી એમની સત્તાઓની જડો ખોખરી કરતા રહ્યા.'' *(હવાલો ઉપર મુજબ, પેજ–૧૧૩)*

## સાયન્સ અને ટેક્નોલોજી દ્વારા બેદીનીનો પ્રચાર પ્રસાર

કોઈની ભાગીદારી વગર આખી દુનિયા પર પોતાનું સામ્રાજ્ય સ્થાપવા માટે એડી ચોટીના પ્રયાસ કરતી યહૂદી કૌમ દરેક ક્ષેત્ર પ્રમાણે જુદા જુદા હથિયારોથી ગૈરયહૂદી કૌમોને બેદીની અને ભૌતિક્તાનું ઝહેર પીવડાવવા સાયન્સ અને ટેક્નોલોજીના પર્દામાં ધર્મ વિરોધી માન્યતાઓ તથા વિચાર શૈલીને વિજ્ઞાનના સિધ્ધાંતોનું ટાઈટલ આપ્યું છે. આ હકીકતનો ચિતાર પોતે યહૂદીઓ આ રીતે કરે છે :–

''ગૈર યહૂદી લોકો ઈતિહાસનો અભ્યાસ નથી કરી શક્તા એટલે અમને એમની ચિંતા કરવાની કોઈ જરૂરત નથી. તેમને ખેલ તમાશામાં મગ્ન રહેવા દો, પૂર્વજોની બડાઈના ગુણ ગાવા દો, તેમને એ રોલ અદા કરવા માટે એમના હાલ પર છોડી દો જે અમે એમના માટે નક્કી કરેલ છે. (અર્થાત માત્ર ઉપર છલ્લી કેવળ ચર્ચા વિચારણામાં જ ખોવાયેલા રહે) અમે પ્રેસ દ્વારા એ સાયન્સી સિધ્ધાંતો પર એમનું યકીન મજબૂત કરવાની કોશિશો કરીએ છીએ. આ લકીરના ફકીર (બુધ્ધુ) જેવા લોકો સાયન્સી માલૂમાત અને વિજ્ઞાનને સંશોધનની કસોટી પર પરખ્યા વિના જ અપનાવવાની કોશિશ કરે છે ! અમારા નિષ્ણાતોએ સાયન્સી માલૂમાતના ખજાના એ રીતે તૈયાર કર્યા છે કે બિનયહૂદી દિમાગોને એક ખાસ દિશામાં ફેરવી દે અને તેઓ એને જ વાસ્તવિક સાયન્સ સમજતા રહે.'' *(હવાલો ઉપર મુજબ)*

આ છે સાયન્સની અસલિયત ! એનાથી આપણા દીનને એ જ સ્થિતિમાં બચાવી શકાય છે જ્યારે કે આપણે સાયન્સ અને તેના સિધ્ધાંતો પર આંખો મીચીને ભરોસો ન કરીએ, બલ્કે પોતે સાયન્સમાં આગળ વધી શરીઅત મુજબ વિજ્ઞાન અને તેના સિધ્ધાંતોની ચકાસણી કરીએ અને આ ત્યારે જ શક્ય છે જ્યારે કે આપણી શરૂઆતની તા'લીમ ધાર્મિક હોય તથા વર્તમાનની જરૂરત પ્રમાણે ચાલતા દીની મદ્રસા અને વિદ્યાલયોમાં ઈસ્લામી ઉલૂમો ફૂનૂન (વિદ્યા કલાઓ)નો ઝીણવટથી

અભ્યાસ કરવાનો મોક઼ો મળ્યો હોય. આ જ રીતે આપણે યહૂદીઓની અધર્મી સાયન્સને શરીઅતના સિધ્ધાંતો પર પારખી ખરા ખોટામાં તફાવત કરી પોતાના દીન ઈમાનને બચાવી શકીએ છીએ.

## પ્રેસ અને મિડિયા પર યહૂદી કબ્જો અને તેમના નાપાક હેતુઓ

પ્રેસ અને મિડિયા દ્વારા ઘણી જ ઝડપથી પોતાના વિચારને ફેલાવવા અને શિક્ષણ, વ્યાપાર જેવા જીવનના દરેક ક્ષેત્ર પર કબ્જો જમાવવા તથા સર્વ સંસ્કૃતિઓ અને ધર્મો પર પોતાની ઉચ્ચતા મનાવવામાં તેઓ સફળ થઈ રહ્યા છે. મિડિયા થકી જ જનતાને તેમની જરૂરિયાત અને હક્કો બતાવી તેની માંગણી પર ઉશ્કેરવામાં આવે છે અને સત્તાથી ગદ્દાર બનાવી કદી ક઼ૌમી રમખાણો, હડતાલો, હુલ્લડો કરાવી આર્થિક રીતે ગૈર યહૂદી હુકૂમતોને કમજોર બલ્કે તેનો તખ્તો જ પલ્ટી નાખે છે. જુઓ : ''એ પ્રેસ જ છે જેના થકી મનમાન્યા નિવેદનોનું મુક્તપણે પ્રસારણ થાય છે. બિનયહૂદી સત્તાઓ આ તાક઼ાતના પ્રયોગથી અજાણ છે માટે આ (મિડિયાની) તાક઼ાત સંપૂર્ણ રીતે અમારા હાથમાં છે જેના થકી પર્દા પાછળ રહી અમે ગૈરયહૂદી ક઼ૌમો પર પ્રભાવ જમાવી શકીએ છીએ, એના થકી અમે સોના જેવી કિંમતી ધાતુ પર કબ્જો પામી ચૂક્યા છીએ. **ભલે એના માટે લોહી તથા આંસૂઓના સમુદ્રથી અમારે પસાર થવું પડ્યું છે.''** *(હવાલો ઉપર મુજબ)*

મિડિયા દ્વારા જ બે વિરોધાભાસી માન્યતાઓ ધરાવતા જૂથો, ક઼ૌમો, ધર્મોના લોકોમાં વિખવાદ ઉભો કરી અજંપો અને અવ્યવસ્થા ફેલાવવામાં આવે છે.

''સત્તાના ભૂખા લોકોમાં ગલત બળપ્રયોગની નીતિને વિકસાવવા અમે સર્વ ગૃપોને એકબીજાના મુક઼ાબલામાં લાવી દીધા છે. વિવિધ રાષ્ટ્રોને અસંખ્ય મતભેદી સમસ્યાઓનો અખાડો બનાવવાના પરિણામો ઘણી જ વહેલી તકે સામે આવશે, દરેક જગાએ હુલ્લડો અને દેવાળીયાપણાનું પ્રમાણ વધી જશે. સંસદ ભવનની મિટિંગો અને સત્તાધારીઓની સભાઓ કદી ખત્મ ન થનારી નિરર્થક ચર્ચાઓ તથા મુકાબલાઓનું ગઢ બની ગઈ છે. વળી બેઈમાન પણ ચબરાક અને નીડર જેવા પત્રકારો દિન પ્રતિ દિન રાજકર્તા તથા સરકારી કર્મચારીઓનાં કૌભાંડોનાં ચિથરાં ઉડાડી જનતાને સત્તા વિરુદ્ધ ઉશ્કેરે છે જેનું પરિણામ રાજયની મિલ્કતના નેસ્તોનાબૂદ થવાના રૂપે નીકળશે અને અને દરેક વસ્તુ ટુકડે ટુકડા થઈ જશે. *(હવાલો ઉપર મુજબ, ત્રીજો ક઼રાર, પેજ–૧૧૮)*

## યહૂદીઓ અને માનવતાના હક્કોનો વેપલો

યહૂદી ઘણી જ મનહૂસ ક઼ૌમ છે જે સંપૂર્ણ રીતે અન્ય ક઼ૌમોમાંથી નેકી અને શરાફતને દૂર કરવા માંગે છે જેથી એક અત્યંત પ્રદૂષિત કલૂષિત સમાજ પેદા થાય જેના લોકો શારીરિક, માનસિક, બુરાઈઓમાં સપડાયને બિલકુલ નિરાધાર, તબાહ અને બર્બાદ થઈ જાય.

''શરીફોના તબક઼ાની નાબૂદી સાથે જ પબ્લિક માલમત્તા ઉલેચવાવાળા નિર્દયી તથા જાલિમ લોકોના સકંજામાં આવી ચૂકી છે. અમે જુલ્મપીડીત તબક઼ાને તેમના મૂળભૂત હક્કો અપાવવા મુક્તિદાતાના રૂપમાં આગળ વધીએ છીએ અને તેમને અમારી લશ્કરી સંસ્થાઓ દા.ત. સમાજવાદીઓ, સામ્યાવાદીઓની સફોમાં સામેલ થવા પ્રોત્સાહિત કરીએ છીએ. તે સંસ્થાઓની અમે આપણી સામૂહિક ચળવળ ફ્રી મેસન થકી મદદ કરીએ છીએ. તેઓ સૌ આપણા લશ્કરના હેઠળ કામ કરે છે. **અમારો હેતુ પબ્લિકને આર્થિક મુશ્કેલીઓથી છૂટકારો અપાવવાનો નથી અને અમને એનાથી ન કોઈ દિલચસ્પી છે બલ્કે અમને તો તેમની બેઈજ્જતી તથા પડતીથી દિલચસ્પી છે, કેમ કે અમે ગૈર યહૂદીઓનો ખાત્મો ચાહીએ છીએ જેનો એક માર્ગ છે કે તેઓને એકબીજા સાથે લડાવવા માટે તેમની લાગણીઓ દુશ્મનીઓને ઉશ્કેરવી જેથી આપણી જીતના માર્ગના સર્વ કાંટા આપોઆપ હટી જાય.''** *(વષાઈકે યહૂદિયત, ત્રીજો ક઼રાર, પેજ–૧૧૯)*

## સટ્ટાબાજીની યહૂદીરચિત ખરાબી અને ધાર્મિક બગાવતના ખયાલોને પ્રોત્સાહન

વેપારના નામે માલ કમાવાની લાલચમાં ફૈંકી ગૈર યહૂદી ક઼ૌમોને ધાર્મિક રીતે બરબાદ કરવાનો યહૂદીઓનો નીચ મનસૂબો જુઓ : ''ગૈર યહૂદીઓને વેપાર કારોબારના ચક્કરોમાં એવા ફસાવી દેવામાં આવે કે તેમને સોચવા વિચારવા કે ચિંતન કરવાનો કોઈ મોક઼ો જ ન મળે. એ રીતે સર્વ ક઼ૌમો પોતાના લાભ તથા માલ

પામવાની પાછળ એકદમ દોડતી રહે કે પોતાના દુશ્મનની તરફ ધ્યાન જ ન કરી શકે, એટલા માટે તેમના હુન્નરોને સટ્ટાબાજીના પાયા પર સેટ કરવા પડશે જેથી વેપાર હુન્નરો થકી તેઓ જે કાંઈ કમાશે તે વિવિધ હાથોથી નીકળીને સટ્ટાના બજારમાં પહોંચશે જે છેવટે અમારી જ કૌમના હાથોમાં આવશે. **એ કૌમો પૈસા પાછળ એવી દોડશે કે તેમનો એક જ દેવતા, એક જ રહનુમા અને મુર્શિદ હશે એટલે કે નફાની લાલચ અને પૈસો અને કેવળ પૈસો જ તેમનો મઝહબ તથા મસ્લક બની જશે** કેમ કે તેમની ભૌતિક જરૂરતો, ખુશીઓ તથા રાહતો એના થકી જ હાંસલ થશે. *(ઉપર મુજબ, ચોથો કરાર, પેજ–૧૨૨)*

## આંતર રાષ્ટ્રીય આતંકવાદ અને યહૂદી ગુપ્ત પ્લાનો

આજે યહૂદીઓને જે વિશ્વ કક્ષાએ રાજનૈતિક સર્વોપરિતા હાંસલ છે તેનું મૂળ કારણ તેમની પ્રપંચી તથા ધોકાબાજીવાળી પોલીસી અને ગૃપ્ત આયોજનો તથા કાર્યવાહીઓ છે, અને તેઓની રાજકીય વ્યવસ્થામાં અસામાન્ય સમજબુઝ છે, સાથોસાથ તેમનો ધાક ધમકી તથા આતંકભર્યો વર્તાવ છે જેની પકડ રોજ વધી રહી છે. જેના વિશે યહૂદી વરૂઓએ આ પ્રમાણે પ્રદર્શિત કરેલ છે : " રાજકરણમાં સફળતાનું એ જ રહસ્ય છે કે સર્વ કાર્યવાહીઓ અને આયોજનોને ગુપ્ત રાખવામાં આવે અને રાજકરણીઓની વાણી તથા વર્તનમાં સમાનતા ન હોવી જોઈએ. અમારે સર્વ ગૈરયહૂદીઓની ગવર્નમેન્ટોને એ વાત પર મજબૂર કરવી જોઈએ કે તેઓ પોતાની પ્રવૃત્તિઓને અમારી મરજી તથા યોજનાઓ પ્રમાણે સેટ કરે. અમે અમારી મહાન શક્તિ તથા પ્રેસ થકી અમારી યોજનાઓના સમર્થનમાં સામાન્ય જનોના મંતવ્યોને અમારી યોજનાઓ તરફ વાળતા રહીશું. કેમ કે પ્રેસ મોટાભાગે અમારા તાબામાં છે, અમુક અપવાદ છે તેઓ જાહેરી રીતે આપણો વિરોધ પણ કરે તો પણ કોઈ ફરક પડશે નહીં.

યૂરોપમાં તમામ ગૈર યહૂદીઓ પર કડક નજરની વ્યવસ્થાને સંક્ષિપ્તમાં એ રીતે દર્શાવી શકાય છે કે આપણે આપણી શક્તિનું પ્રદર્શન કોઈ ખાસ દેશ પર સખ્તી કરીને કે આતંક ફેલાવીને કરીશું જેનાથી અન્ય દેશોને સબક મળશે. જો અમે અમારા વિરૂદ્ધ કોઈ સામાન્ય જાગૃતિ કે ચળવળને વિકસવાનો મોકો આપ્યો હશે તો એનો જવાબ અમે અમેરિકા, ચીન કે જાપાનની બંદૂકો તથા તોપો થકી આપીશું.'' *(ઉપર મુજબ, સાતમો કરાર, પેજ–૧૩૨)*

આ કરારનામાથી એ વાત ઉઘાડી થઈ ગઈ કે ભૌતિક શક્તિઓથી સજ્જ યહૂદી લોબીના સક્રિય કાર્યકરો આખા જગતમાં ફેલાયેલા છે જેમનું કામ એ સિવાય અન્ય કાંઈ નથી કે તેઓ એ જાસૂસી કરે કે યહૂદીઓ વિરૂદ્ધ ચળવળ ક્યાં ઉઠી રહી છે ? અને તેમના નાપાક આયોજનો વિરૂદ્ધ ક્યાં આડશો ઉભી થઈ છે ? તેને કઈ રીતે દૂર કરી શકાય છે ? અને કઈ એવી શક્તિ છે જે ઈઝરાઈલી આતંક તથા જુલ્મથી બેપરવા અને યહૂદી આયોજનોની પરિપૂર્ણતાના માર્ગમાં કાંટા વેરી રહી છે ? અને કઈ રીતે પબ્લિક તથા ગવર્નમેન્ટ વચ્ચે વિખવાદ અજંપો ખડો થઈ શકે ? પછી યહૂદીનવાઝ પક્ષને મોકો જોઈને કઈ રીતે સત્તા પર બેસાડી આપણા મકસદો હલ કરી શકાય છે ? કૌમ કૌમ વચ્ચે લડાઈ, ઝઘડા, હુલ્લડો ખડા કરાવી તથા એક જ કૌમના તથા એક પ્રાંતના લોકોમાં મતભેદો ખડા કરાવી દેશે દેશ અને શહેર શહેર ગૈર યહૂદીઓને લડાવી મારવા, ખૂનામરકી તથા અજંપો ફેલાવી તેમને સર્વ રીતે તોડી નાખવા જેથી આપણા માટે ભાવિમાં કોઈ ખતરારૂપ ન રહે.

આ યહૂદીઓના મનસૂબા તથા આયોજનો છે જેનો કરારનામા થકી ઉઘાડે છોગે તેઓએ સ્વીકાર કર્યો છે જેના પર માનવ અધિકારના ઝંડાધારીઓ તથા દેશ તેમજ રાષ્ટ્રના લીડરોએ સંયુક્તપણે ચિંતન વિચારણા કરીને એની સામે ગંભીરપણે પ્રતિભાવ દર્શાવવાની તથા એની સામે કાર્યવાહી કરવાની જરૂરત છે જેથી યહૂદીઓ તરફથી વિશ્વ કક્ષાએ વિવિધ રૂપે ફેલાવાઈ રહેલા આતંકવાદ તથા સામાન્ય જનજીવનની ગૈરવ્યવસ્થાના ખાત્મા માટે આંતર રાષ્ટ્રીય કક્ષાએ મજબૂત પગલાં લેવાની શક્યતાઓ ખડી થઈ શકે. સર્વ લોકો અને ખાસ કરીને મુસ્લિમો કુર્આન પર ચાલીને ઈસ્લામી જીવન અપનાવીને આ ધોકાબાજ યહૂદીઓની આંખોમાં આંખો પરોવીને એ ખાત્રી કરાવે કે :–

**ઈસ્લામકી ફિતરતમેં કુદરતને લચક દી હૈ**
**જિત્ના હી દબાઓગે ઉત્ના હી યે ઉભરેગા**

*–(પયામે હરમ, જમદાશાહી, જૂન–૨૦૦૯ના આધારે)*

## કુદરતી નિયમોથી બગાવતનું ગંભીર પરિણામ !

# વિશ્વભરમાં સ્વાઈન ફલુએ (ડુક્કર્યા તાવે) મચાવેલો હાહાકાર !




★ કાર્યાલય ★

બર્ગર તથા ચાઈનીઝ વાનગી જેમાં સુવ્વરની ચરબી તથા માંસ વપરાય છે કે તેના અંશો વપરાય છે જેથી તેને શોખથી ખાનારાઓ હવે તો સમજે ! કે એ સુવ્વર, ડુક્કર, ભૂંડથી ડુક્કર્યો તાવ એટલે સ્વાઈન ફલુ હવે જગતભરને પોતાના સંકજામાં જકડી રહ્યો છે. આ કુદરત તરફથી એક બલા જ ઉતરી છે.

### સ્વાઈનફલુ ખૂબ ઝડપથી ફેલાતી વબા !

સ્વાઈન ફલુની બીમારી રોજ બ રોજ જગતભરમાં પોતાનો પંજો ફેલાવી રહી છે, સ્કૂલો કોલેજોમાં રજાઓ જાહેર થઈ રહી છે, અસરગ્રસ્ત વિસ્તારોમાં રેલ્વે સ્ટેશનો પર બસ સ્ટેશનો પર સન્નાટો છવાય ગયો છે, નાછૂટકે ઘરેથી નીકળતા લોકો ડરના માર્યા મોઢા પર કપડુ બાંધીને ફરે છે કે ક્યાંક પોતે આ બીમારીમાં સપડાય ન જાય. એની ગંભીરતા આ પરથી જણાશે કે, ''વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન' (WHO) સતત ચેતવણી ઉચ્ચારી રહેલ છે. જણાવે છે કે, **આગામી બે વરસમાં આ H1N1 (ડુક્કર્યો તાવ, સ્વાઈન ફલુ)ના બીમારોની સંખ્યા બે અબજથી પણ વધી જશે.** અગાઉની વબાઓ છ મહિનામાં જેટલી ફેલાતી હતી એનાથી વધુ આ વબા છ અઠવાડિયાથી ઓછા સમયમાં વિસ્તરે છે. અત્યાર સુધીમાં ૧૬૦ દેશો આ વબામાં ઘેરાઈ ચૂક્યા છે અને ૧,૩૦,૦૦૦ કેસોમાં સ્વાઈન ફલુનું સમર્થન મળી ચૂક્યું છે. કહે છે કે આ ચેપી વાયરસ છે જેના કારણે ભીડભાડવાળા સ્થળો રેલ્વે, બસ સ્ટેશન, ભરચક બજારોએથી એના ફેલાવાની શક્યતા અધિક રહે છે. એપ્રિલ–૨૦૦૯માં આ H1N1નાં લક્ષણો યુ.એસ.એ.માં મળી આવ્યાં. મેક્સિકો તથા કેનેડામાં પણ અસંખ્ય લોકો આ ડુક્કર્યા તાવ (સ્વાઈન ફલુ)માં સપડાયા. કેલીફોર્નિયા, ટેકસાસમાં આ તાવે પગ જમાવ્યો. રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોય તેવા ૬૫ વરસથી વધુ વયના તથા પાંચ વરસના નીચેના બાળકોને, સગર્ભા સ્ત્રીઓને એણે પોતાના શિકાર બનાવી લીધા છે. આ તાવમાં પણ તાવ, કળતર, કફ, ગળામાં ખરાશ, માથાનો દુઃખાવો અનુભવાય છે. કેટલાક લોકોને આ તાવને કારણે ઝાડા ઉલ્ટી અને ન્યૂમોનિયા પણ થાય છે.

કહેવાય છે કે પુખ્તવયની વ્યક્તિઓમાં સ્વાઈન ફલુના કારણે શ્વાસમાં તકલીફ, પેટ અને છાતીમાં દુઃખાવાની ફરિયાદ ઉઠે છે, ગભરામણ, વારંવાર ઉલ્ટી થાય તથા અચાનક ચક્કર આવે છે. જ્યારે બાળકો ઝડપથી શ્વાસ લે છે અથવા શ્વાસમાં તકલીફ અનુભવે છે, વારંવાર ઉલ્ટી, હલન ચલન અટકી જાય છે, મુંઝવણ તથા વારંવાર રડવું, તાવ–શરદી થવું, પૂરતુ પ્રવાહી ન લેવું વગેરે લક્ષણો જણાય છે.

દિલ્હીમાં આ બીમારીથી પ્રભાવિત વિદ્યાર્થીઓની સંખ્યા ૩૦થી વિશેષ છે જે વધતી જઈ રહી છે અને પૂનામાં ૪૫ છે. આ બીમારીથી આપણા દેશમાં મરનારાઓની સંખ્યા અત્યાર સુધી ૨૪ની દર્શાવાઈ છે. સી.ડી.સી.એ જણાવ્યું છે કે ૧૫ એપ્રિલથી ૧૬ જૂન દરમ્યાન છ સગર્ભા સ્ત્રીઓ સ્વાઈન ફલુના કારણે મૃત્યુ પામી છે. આ રિપોર્ટ કેવળ અમેરિકાની છે જ્યારે અન્ય દેશોમાં પણ સગર્ભા સ્ત્રીઓના મૃત્યુના બનાવો બન્યા છે.

### સ્વાઈન ફલુ છતાં સુવ્વરો કેમ સલામત ?!

વર્લ્ડ હેલ્થ ઓર્ગોનાઈઝેશન પૂરા વિશ્વને આ અતિ ખતરનાક બીમારી સ્વાઈન ફલુની ગંભીરતાથી માહિતગાર રાખવાની કોશિશ કરી રહેલ છે. કેવળ ૪ માસની ટૂંક મુદતમાં ૮૦૦થી વધુ લોકો મૃત્યુ

પામ્યા છે. જ્યારે કે 'બર્ડ ફ્લુ'થી મરનારાઓની આ સંખ્યા છ વરસમાં થઈ હતી એટલે કે આ ડુક્કર્યા તાવે (સ્વાઈન ફ્લુએ) ખૂબ ઝડપથી લોકોને ખતમ કર્યા છે. અહીં અમારે એ દર્શાવવું છે કે યૂરોપે 'બર્ડ ફ્લુ' ફેલાયો ત્યારે તેનો ખરો ખોટો ખૂબ શોર મચાવ્યો હતો અને તેને તેમણે તબાહી મચાવનાર રાક્ષસ કહ્યો હતો અને એક ઝટકામાં ચિકનનો વેપાર કરનારાઓને ભૂખે મરવાનો વારો આવે એવી સ્થિતિ ઉભી કરી પૂરે પૂરાં પોલ્ટ્રી ફાર્મો કતલ કરાવી નાખ્યાં ! કારણ કે આ ધંધા સાથે અધિક્તર મુસ્લિમો જોડાયેલા છે જેથી સૌથી અધિક આર્થિક તબાહી તેમણે ભોગવવી પડી. પણ હવે જ્યારે કે યૂરોપના પ્રિય જાનવર સુવ્વર તથા ડુક્કરે (ભૂંડે) આ તબાહી મચાવી છે તો યૂરોપ સહિત આખુ જગત ખામોશ તમાશો જોઈ રહ્યું છે અને કોઈપણ સુવ્વર (ભૂંડ)ને ખત્મ કરવાની વાત નથી કરી રહ્યું ! આવું શાથી ?!

## સુવ્વર વિશે ઈસ્લામના આદેશો !

હે લોકો ! સુવ્વર ઈસ્લામમાં સદંતર હરામ છે અને તેનું ખરીદ વેચાણ પણ હરામ છે. તેને ખાવાનાં નુકસાનો આમેય ઘણા ભયાનક તથા નુકસાનકર્તા તો છે જ પણ હવે તો એનાથી ફેલાતા આ તાવ સ્વાઈન ફ્લુએ જગતની ઊંઘ હરામ કરી દીધી છે.

કુર્આનમાં છે : ''તમારા માટે હરામ છે મુરદાર, લોહી તથા ડુક્કરનો ગોશ્ત.'' *(સૂ. માઈદહ્-૩)*

ઈસ્લામના ફક઼ીહોએ સુવ્વરને કૂતરાની જેમ સદંતર નાપાક કહ્યું છે અને એ હુકમ આપ્યો છે કે તેના કોઈપણ હિસ્સા સાથે કોઈ ચીજ સ્પર્શી જાય તો તે નાપાક થઈ જાય છે, હવે એ ચીજને સાત વાર ધોવામાં આવશે અને સાતવારમાં એકવાર માટી વડે પણ ધોવાનું રહેશે. હવે તો વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ આ રીતે ધોવામાં સંપૂર્ણપણે જંતુઓ નાશ થાય છે તે પુરવાર પણ થયું છે.

બીજા ઠેકાણે રબ ફર્માવે છે : ''તમે ફર્માવો ! હું નથી પામતો એમાં જે મારા તરફ વહી થઈ કોઈ ખાનારા પર કોઈ ખાણુ હરામ, પણ એ કે મુરદાર હોય અથવા રગોનું વહેતુ લોહી, અથવા બુરા જાનવરનો ગોશ્ત, કે તે નાપાકી છે. *(સૂ. અન્આમ-૧૪૫)*

સુવ્વર કૂતરાથી પણ બદ્તર છે તેને ક઼ત્લ કરવું મુસ્તહબ છે, તેનો વેપાર હરામ, તેને ઉછેરવું હરામ અને તેના થકી કોઈ પ્રકારનો ફાયદો ઉઠાવવો જાઈઝ નથી. હદીષમાં છે કે, ''દારૂ તથા તેની કિંમત, મુરદાર તથા તેની કિંમત, સુવ્વર તથા તેની કિંમત અલ્લાહ તઆલાએ હરામ કરી છે.''

બીજી હદીષમાં કટાક્ષમાં ફર્માવ્યું : ''જે શખ્સ દારૂ વેચે તો (તેણે) સુવ્વરનો ગોશ્ત પણ કાપીને વહેંચવો જોઈએ.'' કેમ કે જેમ દારૂ હરામ છે તેને વેચે છે તો સુવ્વર વેચવાનું શું કામ બાકી રાખે છે ?! આમ કટાક્ષથી ચેતવણી આપી છે.

મેડિકલ દૃષ્ટિએ પણ જેવી રીતે એના લાભો જણાવ્યા છે તેવી રીતે ફાયદાઓ કરતાં તેનાં નુકસાનો અધિક જણાવ્યાં છે. અસલમાં સુવ્વરમાં બે હૈસિયતો એક સાથે છે, તે એક પાલતુ પ્રાણી પણ છે અને જંગલી પ્રાણી પણ છે, એટલા માટે એમાં નુકસાનકર્તા લાળનું પ્રમાણ પણ જોવા મળે છે અને એને વાયરસ પણ કહી શકાય છે. પાલતુ હોવા કરતાં જંગલીપણાની કૈફિયત અધિક તેનામાં છે કેમ કે તેના શરીર, ગોશ્ત, ચરબી તથા દૂધમાં ફાયદા કરતાં નુકસાનકર્તા વાયરસ ખૂબ જ પ્રમાણમાં છે જેમ કે દારૂમાં ફાયદા કરતાં નુકસાન પુષ્કળ છે.

આજે તો સ્વાઈન ફ્લુ ફેલાયો છે જેથી સુવ્વરથી દૂર રહેવું જોઈએ પણ તેનાં આમેય નુકસાનો છે જેના વિશે આપે વાંચ્યું જેથી સૌની ભલાઈ ઈસ્લામના ક઼ાનૂનોને અનુસરવામાં જ છે. પણ યૂરોપના સુવ્વરના વેપારીઓ મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે કે તેનું વેચાણ હાલ મંદ પડી ગયું છે જેથી લોકોનું ધ્યાન સુવ્વરથી હટાવવા આ બીમારીનું નવું નામ આપવા પણ તજવીઝ થઈ રહી છે જેથી તેમનો વેપાર ન બગડે !

આ બીમારીથી બચવા તેના બીમારોને જોઈને આ દુઆ પઢી લેવી જોઈએ :-

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ عَافَانِىْ مِمَّا ابْتَلَاكَ بِهٖ وَفَضَّلَنِىْ
عَلٰى كَثِيْرٍ مِّمَّنْ خَلَقَ تَفْضِيْلًا۔

રબ તઆલા દુનિયા વ આખેરતની બીમારીઓ બલાઓથી સૌને બચાવે. (આમીન)

*સજાતીય (સમલિંગી) સંબંધ વિશે*

# હિંદુસ્તાની સંસ્કૃતિની વિરુદ્ધ

# દિલ્હી હાઈકોર્ટનો ફેંસલો !

✤✤✤✤✤✤✤✤ કાર્યાલય ✤✤✤✤✤✤✤✤

અમને ત્યારે ખૂબ જ આશ્ચર્ય તથા દુઃખ થયું જયારે (૩–૭–૨૦૦૯ના રોજ) દિલ્હી હાઈકોર્ટે હિંદુસ્તાની બંધારણની કલમ ૩૭૭માં ફેરફાર કરતાં સજાતીય સંબંધ (પુરૂષ પુરૂષ સાથે, સ્ત્રી સ્ત્રી સાથે પરણી શકે)ની કાનૂની ઈજાઝત આપી દીધી ! સજાતીય સંબંધ એટલે સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય ઈસ્લામમાં તો હરામ છે જ પણ એ દરેક સભ્ય સંસ્કૃતિમાં અતિ ગંદી તથા શરમની વાત છે. આશ્ચર્યની વાત છે કે આખા હિંદુસ્તાનના સર્વ ધર્મ તથા જાતિના લોકો હિંદુ, શીખ, ઈસાઈ તથા મુસ્લિમો એ બાબતને ધૃણાની દૃષ્ટિએ જુએ છે એવા સમયે કોઈ વિશ્વમાં ગંદકી ફેલાવનાર યહૂદી ષડયંત્રના દોરી સંચાર હેઠળ કામ કરતી કોઈ અધર્મી ટોળી ''નાઝ ફાઉન્ડેશન''ના નામથી ઉભી થઈ જેની અરજીને લક્ષમાં લઈ દિલ્હી હાઈકોર્ટના જજના આ ફેંસલાનો ભારતભરમાં સખત વિરોધ થયો છે.

સજાતીય સંબંધ ગૈર કાનૂની હોવાનો અસલ કાયદો આઝાદીથી પહેલાં અંગ્રેજોનો જ બનાવેલો છે, અને વિશ્વના સર્વ દેશોમાં પહેલાં સજાતીય સંબંધ વિરુદ્ધના જ કાયદા ચાલતા હતા, પરંતુ જયારે ચર્ચોમાં પાદરીઓ થકી આ પ્રકારના બનાવો પુષ્કળ પ્રમાણમાં થવા માંડયા અને એ કાયદા હેઠળ એમને સજાઓ થવા માંડી તો આ બધું જોતાં તે દેશોમાં આ કાયદામાં ફેરફાર કરી નાખ્યો અને સજાતીય સંબંધ (સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય)ની ઉઘાડી છૂટ આપી દેવામાં આવી ! તો જે લઅનત તથા ખરાબી ત્યાં રિવાજ પામી ચૂકી છે તેને હિંદુસ્તાનમાં પણ અધિક પ્રમાણમાં ફેલાવાનો માર્ગ મોકળો કરી દેવામાં આવ્યો.

આશ્ચર્યની વાત છે કે એક તરફ તો ગવર્નમેન્ટ એઈડ્ઝની વબાને હિંદુસ્તાનથી દૂર કરવાની કોશિશ કરી રહી છે, સ્ત્રીઓ પર બળાત્કાર કરનારાઓને જેલોમાં ધકેલવામાં આવી રહ્યા છે, જયારે બીજી બાજુ સજાતીય (સમલિંગી) સંબંધને માન્ય રાખી રહી છે ! અને આવું કરીને એઈડઝ જેવી અધિક બીમારીઓને હિંદમાં આવવા નિમંત્રણ આપી રહી છે. જો આ ફેંસલાને બદલવામાં નહીં આવે તો એવી બીમારીઓના તોફાનને રોકવું અશક્ય થઈ જશે.

સૌ પ્રથમ હિંદુસ્તાનમાં સજાતીય સંબંધને ગૈર કાયદેસર ઠરાવવા કાનૂનમાં ફેરફાર કરવાની માંગ એક અંગ્રેજી વર્તમાન પત્રના પત્રકારે કરી હતી તે ખૂદ સજાતીય સંબંધનો રસીયો હતો. પાછળથી તેણે પોતાના જેવા ગંદા લોકોની એક ટોળકી ઉભી કરી. મુઠ્ઠીભર નાપાક લોકોની માંગને માન્ય રાખનાર હાઈકોર્ટના જજ સાહબે આખા હિંદુસ્તાનના કરોડો લોકોની ધાર્મિક તથા સામાજિક લાગણીઓને ઠેસ પહોંચાડી છે અને હિંદુસ્તાનની સંસ્કૃતિની વિરુદ્ધ ફેંસલો આપી હિંદુસ્તાનના નાગરીકોને મુંઝવણમાં નાખી દીધા છે. કાલે કોઈ મુઠ્ઠીભર અય્યાશ ટોળી જાનવરો સાથે સંભોગને કાયદેસર કરવા અરજી કરશે તો શું તેને પણ કાયદામાં છૂટ મળી જશે ?! આ રીતે હિંદની સંસ્કૃતિ ક્યાં જઈને રહેશે ? અમો તે કાયદામાં થયેલા ફેરફારને મુલ્તવી કરી સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય કરનારા નાપાક સજાતીય સંબંધના રસીયાઓને છૂટ આપતા કાયદાને ફરી યથાવત કરવામાં આવે એવી માંગ કરીએ છીએ. હિંદુસ્તાનની ગવર્નમેન્ટ આ બાબતે ગંભીરતા અપનાવી દેશને સંસ્કૃતિથી દૂર ખરાબીઓના ખાડામાં જતો અટકાવવા પગલાં લે એવી અમારી દરખાસ્ત છે.

**✪ ઈસ્લામમાં એ શાદી માન્ય જ નથી ! ✪**

સર્વે ધર્મના ધર્મ સ્થાનોએથી જાહેરાત થઈ છે કે અમો સજાતીય સંબંધવાળા એટલે પુરૂષ સાથે પુરૂષ કે સ્ત્રી સાથે સ્ત્રીના લગ્નની અમારે ત્યાં ઈજાઝત આપીશું નહીં. અને ઈસ્લામમાં તો સજાતીય સંબંધ વિશે સખત કાનૂન આવેલા છે. ઈસ્લામમાં **સ્ત્રી સાથે જ પુરૂષના નિકાહ થઈ શકે** છે અને તે પણ **બંનેવ સહીહુલ અકીદા મુસ્લિમ** હોવા જોઈએ. વાત નીકળી છે તો જાણી લો કે થોડીક માલમત્તા આવતાં તથા થોડીક ખ્યાતિ પામતાં માણસ દીન

ધર્મને કેવો પીઠ પાછળ ફેંકી દે છે આ તેનાં દષ્ટાંતો છે કે આજકાલ મશહૂર ફિલ્મી કલાકારો, રાજકરણીઓ તથા ક્યાંક ક્રિકેટરોમાં ધર્મભેદ વિના શાદીઓ થઈ રહી છે કે શાદીઓનાં એલાન થઈ રહ્યાં છે. જેમ કે કાશ્મીરના પીઢ રાજકરણી મુસ્લિમ નામી ફારૂક અબ્દુલ્લાહની પૌત્રીએ સચીન પાયલોટ કે જે ગૈર મુસ્લિમ છે તેની સાથે શાદી કરી છે, જો કે તેણીના પતિએ ઈસ્લામ ધર્મ સ્વીકાર્યાનો કોઈ ઉલ્લેખ નથી. એ જ પ્રમાણે વડોદરાના મુસ્લિમ નામી ક્રિકેટર ઈરફાન પઠાણ, શીવાંગી નામની ગૈર મુસ્લિમ સ્ત્રી સાથે પરણવા થનગને છે, જો કે અહીં પણ તેણીએ ઈસ્લામ સ્વીકાર્યાનો કોઈ ઉલ્લેખ નથી. તેમજ ફિલ્મી ક્ષેત્રે મુસ્લિમનામી ખાનબંધુઓમાં કેટલાય એવા ગૈર મુસ્લિમો સાથે પરણેલા છે. પણ **'ઈસ્લામી ક઼ાનૂન'માં આવા નિકાહ થતા જ નથી.** અને **જે એ રીતે પતિ પત્ની તરીકે રહેશે તેમાં 'વ્યભિચાર'** થશે અને **ઔલાદ થશે તે હરામની ગણાશે.** કેમ કે નિકાહમાં બંનેનું મુસ્લિમ હોવું અનિવાર્ય છે.

### ✪ સજાતીય સંબંધ વિશે ઈસ્લામી હુકમો ✪

હવે મૂળ વિષય પર આવીએ કે સૌ પ્રથમ સજાતીય સંબંધ બાંધનારા હઝરત લૂત علیہ السلامના સમયની ક઼ૌમના નાફર્માન લોકો છે. હઝરત લૂત علیہ السلامએ તેઓને સમજાવતાં ફર્માવ્યું : **(અર્થ)** : શું તમે લોકો તે બેહયાઈ (બેશરમપણુ) કરો છો જે તમારાથી અગાઉ દુનિયામાં કોઈએ નથી કરી ! તમો તો પુરૂષો પાસે વાસના સાથે જાવ છો સ્ત્રીઓ છોડીને ! બલ્કે તમે લોકો તો હદથી (બહાર) નીકળી ગયા છો. *(પા. ૮, સૂરએ અઅ્રાફ, આ. ૮૦–૮૧)*

જ્યારે કૌમે, હઝરત લૂત علیہ السلامના પ્રવચન અને નસીહતોને ઠુકરાવી દીધાં અને પોતાના કુકર્મ પર અડી રહી તો ખુદાવંદે કહ્હાર તથા જબ્બારનો કહર તથા ગઝબ (પ્રકોપ) અઝાબના એ સ્વરૂપે તે કોમ પર નાઝિલ થયો કે **પ્રથમ પથ્થરોની વર્ષા થઈ અને સખત પથ્થર વર્ષા પછી તે આખી વસ્તીને ફરિશ્તાઓએ ઉલટ પુલટ (ઊંધી ચત્તી) કરી નાખી જેથી આખી વસ્તી નાશ પામી અને કૌમનું નામનિશાન સૃષ્ટિના પટ પરથી નષ્ટ થઈ ગયું.** કેવળ કિતાબોના પૃષ્ઠો પર તેઓના કરતુત અને તેમના બુરા અંજામની વિગતો બાકી રહી ગઈ.

હુઝૂર ખાતેમુન્નબિય્યિન (صلی اللہ علیہ وسلم)એ આ કુકર્મને ગુનોહ ઠરાવીને કડકાઈપૂર્વક પોતાની ઉમ્મતને એનાથી મના ફર્માવ્યું (રોકી) અને એલાન ફર્માવી દીધું કે :–

**(અર્થ)** : જે લૂતની કૌમનો અમલ (સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્ય) કરે તે 'મલઊન' છે. *(મિશ્કાત, ભાગ–૨, પેજ–૩૧૩)*

એટલે કે લૂત علیہ السلامની નાફર્માન ક઼ૌમ જેવું કરનારને ખુદાવંદે કુદુસની રહમતોથી બેઉ જહાનમાં દૂર કરવામાં આવેલો છે. સ્પષ્ટ છે કે તેનાથી વિશેષ મરદૂદ તથા બદબખ્ત કોણ હશે ? જેને ખુદા તઆલાની રહમતથી દૂર અને વંચિત કરી દેવામાં આવ્યો હોય ! અને એક હદીષમાં એ પણ આવ્યું છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ સખતાઈ તથા ચેતવણી રૂપે એવો ઈર્શાદ ફર્માવ્યો કે :–

**(અર્થ)** : જે શખ્સને તમે લોકો લૂતની (નાફર્માન) કૌમનો અમલ કરતો પામો તો એ કૃત્ય કરનાર અને જેની સાથે તે કૃત્ય કરવામાં આવે બંનેને કત્લ કરી નાખો. *(મિશ્કાત, ભાગ–૨, પેજ–૩૧૨, બહવાલા તિર્મિઝી તથા ઈબ્ને માજહ)*

જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનુ બયાન છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ પોતાના ખિલાફતકાળ દરમિયાન આ દુષ્કર્મ કરનાર તથા કરાવનાર બંનેના ઉપર એક દીવાલ ફેંકી અને તે બંને જણા દબાઈને મૃત્યુ પામ્યા. અને હઝરત અલી کرم اللہ وجہہ الکریمએ પોતાના ખિલાફતકાળમાં તે બંને જણને આગમાં નાખીને સળગાવી દીધા. *(મિશ્કાત, ભાગ–૨, પેજ–૩૧૩)*

સારાંશ આ અતિશય બુરુ કુકર્મ છે તથા જીવલેણ બીમારીઓ પેદા કરનાર કુકર્મ છે જેથી ઈસ્લામે તેને રોકવા આટલી સખ્તી કરી છે. મૌલા તઆલા સર્વ કુકર્મોથી આપણને મેહફૂઝ રાખે અને ઈસ્લામી ઢબથી જીવવાની તૌફીક઼ આપે. (આમીન)

## બરકાતે ખ્વાજાની ટપાલ...
કાર્યાલય

### ★ નંદરબારમાં દસ્તારબંદીનો જલસો ★

તેહરીકે સુન્ની દા'વતે ઈસ્લામી હેઠળ ચાલતા દારુલ ઉલૂમ ચિશ્તીયા–નંદરબાર (એમ.પી.) ખાતે ફારિગ થનાર ૧૧ હાફિઝોની દસ્તારબંદીનો શાનદાર ઈજતેમા તા. ૧૨–૮–૨૦૦૯ના રોજ અસરથી ઈશા સુધી થયો. જેમાં મુબલ્લિગીને સુન્ની દા'વતે ઈસ્લામી હાફેઝ અબ્દુર્રહીમ (ભરૂચ), જનાબ સૈયદ અમીનુદ્દીન માલેગાંવી તથા મકામી મુબલ્લિગીને કિર્અત, નઅત, બયાનો કર્યા. મગરિબ બાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂર રઝવી તથા અન્ય ઉલમા, સાદાતના મુબારક હસ્તે ફારિગ થનારાઓની દસ્તારબંદી થઈ પછી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. આ નૂરાની ઈજતેમામાં પટેલ શબ્બીર અલી રઝવી તંત્રી : બરકાતે ખ્વાજા (આમોદ), હાફેઝ મુહમ્મદ હનીફ રિફાકાતી, નાઝિમે આ'લા દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ), ઈબ્રાહીમ ખત્રી ઉમલ્લાવાળા, ઝહીરભાઈ ઓમીન ભરૂચી, મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી, મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી વગેરેએ નાઝિમે આ'લા સઈદ નૂરી સાહબના આમંત્રણ પર શિર્કત કરી હતી.

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**ટંકારીઆ** : ઈબ્રાહીમ દેગ માસ્તરનો ઈંતેકાલ તા. ૪–૮–૨૦૦૯ના રોજ થયો તેમજ ફાતમાબેન બડાસાહબનો ઈન્તેકાલ ૧૭–૬–૦૯ના રોજ થયો.

**દયાદરા** : કાપડીયા વલી મુહમ્મદનો ઈન્તેકાલ તા. ૨૭–૧૦–૦૭ના રોજ રાત્રે લભગ ૬૭ વરસની વયે થયો અને દફનવિધિ બુધવારે સવારમાં નવ વાગ્યે રાખવામાં આવી. તેમજ આઝાદ અહમદ ઈસ્માઈલનો ઈન્તેકાલ લગભગ ૭૫ વરસની વયે તા. ૨૬–૭–૦૯ના રોજ રાત્રે ૧૦ વાગ્યે થયો. જુમેરાતે સવારમાં નવ વાગ્યે દફનવિધિ થઈ. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ) ખાતે દુઆએ મગફિરત કરવામાં આવી. મૌલા કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમોની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે અને કુટુંબીજનો સગાંને સબ્રે જમીલ આપે. (આમીન) –તંત્રી

### ★ મસ્જિદના બાંધકામમાં સહાય કરો ★

**જુમ્આ મસ્જિદ** : આંતી, તા. પાદરા, જિ. વડોદરાનું કામ ચાલુ છે, બારી–બારણાનું, લાઈટીંગ વગેરે કામ હાલ ચાલે છે તો સખીદાતા ભરપુર સહાય કરે એવી અપીલ છે. સંપર્ક કરો : મો. ૯૯૭૮૨૮૪૦૦૮

**ગરીબ નવાઝ મસ્જિદ** : મુા. દેવકા, તાઈવાડ, નાની દમણ ખાતે મસ્જિદનું કામ ચાલુ છે. રૂા. ૨,૬૦,૦૦૦/– રૂા. ચૂકવવા બાકી છે તથા હજી રૂા. ૧૫ લાખનું કામ બાકી છે. સહાયકર્તા સંપર્ક કરે : મો. ૯૮૨૪૪૪૦૩૧૯, ૯૯૨૪૩૮૪૩૫. SBC A/c. No. 30283412826

**રોઝવા મસ્જિદ** : મુા. રોઝવા, તા. ઠાસરા, જિ. ખેડા, સ્લેબ નાખવાનો છે લગભગ સાડા ચાર લાખનો ખર્ચ છે. સહાયકર્તા સંપર્ક કરે : પટેલ શબ્બીર અલી રઝવી, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**ઈમામ અહમદ રઝા મસ્જિદ** : વસીમ વિલા, શેરપૂરા બાયપાસ રોડ, **ભરૂચ,** મસ્જિદનું કામ ચાલુ છે, ઘણો ખર્ચ બાકી છે સખીદાતા સંપર્ક કરે :– રફીકભાઈ દયાદરાવાળા, મો. ૯૪૨૬૮ ૯૪૬૪૭, યૂસુફ શેઠ : ૯૪૨૭૪૩૭૦૫૯ અથવા શબ્બીર પટેલ રઝવી, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

### ★ ટુંડજ મદ્રસા માટે અપીલ ★

**ટુંડજ** : તા. જંબુસર જિ. ભરૂચ ખાતે મદ્રસાના મકાનની તાતી જરૂરત છે જેનો અંદાજિત ખર્ચ **રૂા. ૧૦ લાખ** છે તો સખીદાતાઓ સંપર્ક કરે : અઝીઝભાઈ બી. રાણા, મો. ૯૭૨૩૮૦૧૯૪૦ અથવા પટેલ શબ્બીર અલી રઝવી મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહીનું સ્વદેશાગમન તથા પરત રવાનગી

ઈસ્લામિક વેલ્ફેર મિશન–પ્રેસ્ટન (યુ.કે.)ના રૂહે રવાં, "તોહફાએ નજાત" કિતાબના લેખક તથા નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી (યુ.કે. બ્રાન્ચ) હઝરત મૌલાના યૂનુસ મિસ્બાહી સાહબ વાગરાવાળા ટૂંક સમય માટે સહકુટુંબ માદરે વતન પધાર્યા હતા. મુંબઈથી સૌ પ્રથમ તા. ૯–૭–૨૦૦૯ના રોજ વાગરા મુકામે પોતાના ઘરે તશરીફ લાવી તેમનાં વાલિદા, ભાઈઓ તથા કુટુંબીજનોને મળ્યા, વાલિદે મર્હૂમ અલીભાઈ ટોપીવાળાની કબ્રે હાજરી આપી દુઆએ મગફેરત કરી. વાગરા રોકાણ દરમ્યાન વાગરા તથા આસપાસના લોકોને જેમ જાણ થઈ તેમ મોટી સંખ્યામાં મુલાકાત માટે રોજ મુલાકાતીઓ આવતા રહ્યા. ત્યારબાદ મૌસૂફે વિવિધ શહેરો, ગામોનો દૌરો કર્યો અને કેટલાક મદ્રસા તથા દારુલ ઉલૂમોની વિઝિટ કરી તથા ઈમાન અફરોઝ બયાનોથી સુન્ની અવામને ફયઝયાબ કર્યા હતા. વાગરામાં જુમ્આમાં બયાન, ભરૂચમાં : સાબેના પાર્ક ગૌષિયા મસ્જિદ, દા.ઉ. ગુલશને અજમેર, નાગોરીવાડ, મુલતાનીવાડ, ગોદડીયાવાડમાં બયાનો તથા ખ્વાજા ટાઉનશીપ, વસીમ વિલા વગેરેની મુલાકાતો લીધી, મસ્જિદોનાં કામો જોયાં. ઈસ્લામિક વેલ્ફેર મિશન થકી ચાલતા સાર્વજનિક દવાખાના હાજીખાં બજાર ભરૂચની પણ વિઝિટ લઈ સંતોષ વ્યક્ત કર્યો હતો. દા.ઉ. મોઈનુલ ઈસ્લામ–થામની વિઝિટ લઈ મર્હૂમ હાજી વલીભાઈ ગોરજીની કબ્રે ફાતેહા પઢી, જંબુસરમાં બે વાર પ્રોગ્રામો કર્યા. જુમ્આ મસ્જિદ, નૂરી મસ્જિદ, તલાવપુરા મસ્જિદ, મીના મસ્જિદ, ગંજ શહીદ દરગાહ, કાદરીયા મદ્રસા વગેરેએ મુલાકાત તથા ઈમાન અફરોઝ બયાનો કરી તેમજ નૂરી મસ્જિદ ઘાંચીવાડ ખાતે મદ્રસો શરૂ કરવા તાકીદ કરી મિટિંગ કરીને રમઝાન બાદ "નૂરી મદ્રસા" શરૂ કરવા ગોઠવણ કરી. દા.ઉ. બરકાતે ખ્વાજા–આમોદમાં હિફઝ તથા આલિમ કલાસની ઈમ્તેહાન લઈ મદ્રસાની તરક્કી માટે યોગ્ય માર્ગદર્શન સૂચનો કર્યા હતાં. ૭–ઓગસ્ટ જુમ્આના રોજ દયાદરા મસ્જિદમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. તે ઉપરાંત સૂરતમાં ત્રણ દિવસમાં પાંચ સ્થળે તથા ઉમલ્લામાં, બોડેલીમાં શાનદાર સુન્ની ઈજતેમા થયા. તેમજ ટૂંકા ગાળામાં ઈંટોલા, કોલવણા, વોરાસમની, નબીપુર, હલદરવા, સાંસરોદ, પાલેજ, દીવી વગેરે મુલાકાતો તથા વિઝિટ કરીને યુ.કે. પરત થવા મુંબઈ પહોંચ્યા ત્યાં ૧૦ ઓગસ્ટે સુન્ની દા'વતે ઈસ્લામી સંચાલિત દા.ઉ. ગૌષિયા–મુંબઈના તલબાની ઈમ્તેહાન લીધી હતી અને ૧૨ ઓગસ્ટે યુ.કે. રવાના થયા. ટૂંક સમયમાં ૩૬ સ્થળે આપનાં બયાનો થયાં હતાં. સફર દરમ્યાન આપની પુત્રી ફરહાનાબાનુ બીમાર પડી હતી અને હાલ યુ.કે. હોસ્પિટલમાં છે. દુઆ છે કે રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં તેમને વહેલી તકે શિફા અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## જશ્ને દસ્તારબંદી

**અમદાવાદ** : દારુલ ઉલૂમ હઝરત સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ (ફઝલે રબ પાર્ક, સરખેજ રોઝા પાસે)માંથી ફારિગ થનાર હાફિઝ–કારીઓની દસ્તારબંદીનો ચોથો શાનદાર જલ્સો તથા ઉર્સે મુફતી મેહમૂદશાહ અલ્વરી નક્શબંદી رحمۃ اللہ علیہ (પાક.) પીરે તરીકત હઝરત મુહમ્મદ ઈકબાલ કુરૈશી નક્શબંદીની સદારતમાં મનાવાયો.

## દારુલ ઉલૂમ ફયઝાને મદીનાનો ચોથો વાર્ષિક જલસો

**ભરાણા** : જિ. જામનગરથી જનાબ સૈયદ મુહમ્મદ બશીર એસ. બુખારી સાહબ જણાવે છે કે તા. ૨૭–૭–૨૦૦૯ના રોજ રાત્રે ૧૦ વાગ્યે મદ્રસાનો વાર્ષિક જલ્સો રાખવામાં આવ્યો જેમાં હઝરત મૌલાના આરિફુલ્લાહ સાહબે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. મદરસાના સહકાર માટે સંપર્ક કરો : મો. ૯૮૨૫૬ ૫૨૬૧૦

## તશરીફે જહાં

**દયાદરા** : જનાબ મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહીને ત્યાં પુત્ર જન્મ થયો જેનું નામ "મુહમ્મદ રઝા" રાખ્યું છે તેની ખુશીમાં રૂા. ૫૦૦/– ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને આપ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! રબ તઆલા પુત્રને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન) *–તંત્રી*

# રમઝાન મુબારકમાં આ સંસ્થાઓને ભૂલશો નહીં !

➡ **ઈસ્લામિક વેલ્ફેર મિશન**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ. પો. **દયાદરા** તા. જિ. ભરૂચ (ગુજરાત), પિન–૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,

**નોંધ** : આપણી આ પ્યારી સંસ્થા થકી ગરીબ આબાદીઓમાં લગભગ **૨૩૦**, મદ્રસા–મસ્જિદના સંચાલનોમાં સહકાર કરવામાં આવે છે તેમજ અન્ય સહાયનાં કામો થાય છે તથા....

➡ **અંજુમને રઝાએ મુસ્તફા**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ. પો. **દયાદરા** તા. જિ. ભરૂચ (ગુજરાત), પિન–૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,

અહલે સુન્નત વ જમાઅત, મસ્લકે આ'લા હઝરતના પ્રચાર તથા પ્રસાર માટે એલાને હક્ક ડંકાની ચોટ પર કરતી આ અનોખી સંસ્થા થકી વરસભર ઉચ્ચ કોટીના ઉલમાનાં લખાણોની કિતાબો પ્રસિદ્ધ થતી રહે છે તો આ કાર્યમાં સહાય કરો. વાર્ષિક મેમ્બર ફી રૂા. ૩૦૦/– ભરીને વર્ષ ભર ઘર બેઠાં અણમોલ કિતાબો મંગાવો.

**આપની લિલ્લાહ, ઝકાત, સદકા, ઉશ્ર, ફિત્રા, ન્યાઝ.... વગેરેની રકમો ઉપરોક્ત બંને સંસ્થાઓને મોકલી સહકાર કરશો એવી નમ્ર અરજ છે.**

➡ **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા**, ઠે. ચાર રસ્તા, બસ સ્ટેન્ડ પાસે, મુ.પો. તા. **આમોદ**, જિ. ભરૂચ, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, આલિમ, હાફિઝ, કારી, ઈમામ તથા મુબલ્લિગ બનવા માટેના વર્ગો ચાલે છે. આપની હલાલ કમાઈમાંથી લિલ્લાહ, ઝકાત, સદકા, ઉશ્ર, ફિત્ર, ન્યાઝ... વગેરે મોકલી ભરપુર સહકાર કરશો. તેમજ તમારાં તેજ બુદ્ધિવાળાં બાળકોને દાખલો અપાવવા અમારો સંપર્ક કરશો. (મર્યાદિત તલબાને જ દાખલ આપવામાં આવે છે.)

*–લિ. (પ્રમુખ) પટેલ શબ્બીર અલી રઝવી, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧*